ગુજરાત રાજ્ય

# શિક્ષણ ખાતાનો વાર્ષિક વહીવટી અહેવાલ

## ૧૯૭૭-૭૮

*

ગાંધીનગર
સરકારી મધ્યસ્થ પ્રેસ,
૧૯૭૯

[ કિંમત : રૂ. ૧—૨૦ પૈસા ]

# અનુક્રમણિકા


| | વિષય | પાન નંબર. |
|---|---|---|
| (૧) | સામાન્ય માહિતી | ૧ |
| (૨) | બાલમંદિર, પ્રાથમિક શિક્ષણ અને સમાજ શિક્ષણ. | ૩ |
| (૩) | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ | ૭ |
| (૪) | ઉચ્ચ શિક્ષણ | ૧૦ |
| (૫) | ગ્રંથાલય વ્યવસ્થા અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ. | ૧૨ |
| (૬) | પરિશિષ્ટ | ૩૫ |

## પ્રકરણ-૧

## સામાન્ય માહિતી.

૧. ગુજરાત રાજ્યની સને ૧૯૭૧ ની વસતી ગણતરી પ્રમાણે કુલ ૨,૬૬,૯૭,૪૭૫ ની હતી. જે પૈકી અક્ષરજ્ઞાનની ટકાવારી ૩૫.૭૯ હતી. અહેવાલના વર્ષ દરમ્યાન ૨૮૨૧૮ સંસ્થાઓ હતી. જે પૈકી ૨૨૬૯૮ ગ્રામ વિસ્તારમાં હતી. કુલ ૫૭.૦૧ લાખ વિદ્યાર્થીઓમાંથી ૩૪.૬૨ લાખ વિદ્યાર્થીઓ ગ્રામ વિસ્તારમાં હતા. ૧.૬૦ લાખ શિક્ષકો કામ કરતા હતા. જે પૈકી ૦.૫૩ લાખ શિક્ષિકાઓ હતી. શિક્ષણ સેવા માટેની જુદા જુદા પ્રકારની જગ્યાઓમાં વર્ષ દરમ્યાન ૪૩૦૨ અધિકારીઓ અને કર્મચારીઓ કામ કરતા હતા. જે માહિતી પરિશિષ્ટ--૧ માં દર્શાવેલ છે.

૨. અહેવાલના વર્ષ દરમ્યાન શ્રી કે. રામમૂર્તિ, આઈ. એ. એસ. અમદાવાદ ખાતેના ગુજરાત રાજ્યના શિક્ષણ નિયામકશ્રી તરીકે કામગીરી બજાવેલ હતી. તેઓની સહાયમાં બે સંયુકત શિક્ષણ નિયામક, એક સંયુકત શિક્ષણ નિયામક ખાસ ઘટક (૧૦+૨) અને બે નાયબ શિક્ષણ નિયામક હતા.

૩. પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ અંગે જુદા જુદા કાર્યક્રમોની અમલ કરવા અંગેની મુખ્યત્વે જવાબદારી સ્વાયત્ત સંસ્થાઓને સોંપવામાં આવેલ હતી. જયારે વહીવટી માર્ગદર્શન તેમજ ગ્રાન્ટની વિતરણ અંગેની જવાબદારી શિક્ષણ નિયામક બજાવતા હતા.

૪. ગુજરાત માધ્યમિક શિક્ષણ ધારાનો અમલ સરકારશ્રીએ તા. ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૭૩ થી કર્યો. આ ધારા હેઠળ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની રચના તા. ૧૩મી ડીસેમ્બર, ૧ ૭૩ થી કરવામાં આવી અને સરકારશ્રી તરફથી તા. ૧૯મી માર્ચ, ૧૯૭૪ ના રોજ આ ધારો પ્રસિધ્ધ કરવામાં આવ્યો તથા ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની નિયુકિત પણ સદર ધારા હેઠળ કરવામાં આવી. બિન--સરકારી શાળાઓના કર્મચારીઓ તથા સંચાલકો વચ્ચેના વિવાદનો નિકાલ માટે એક માધ્યમિક શિક્ષણ પંચની ધારા જોગવાઈ મુજબ નિયુકિત કરવામાં આવી. જેણે કામકાજ શરૂ કરી દીધેલ છે.

૫. શિક્ષણ નિયામક પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ અંગેની જવાબદારી ઉપરાંત અન્ય કામગીરીઓ જેવી કે પુસ્તકાલયો, ચિત્રકામ અને હુન્નર કળા, વાણિજ્ય શિક્ષણ, શારીરિક શિક્ષણ, વ્યવસાયી માર્ગદર્શન તથા સમાજ શિક્ષણ વગેરે સંભાળે છે. શિક્ષણ ખાતા મારફત લેવાતી પરીક્ષાઓનું સંચાલન રાજ્ય પરીક્ષા બોર્ડ, અમદાવાદ કરે છે.

૬. પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ માટે નિયત અભ્યાસક્રમોને અનુલક્ષીને રાજ્ય કક્ષાએ પાઠય પુસ્તકો તૈયાર કરવા શાળા પાઠય પુસ્તક મંડળ રચવામાં આવેલ છે જે તે વિષયોના પુસ્તકોના નિષ્ણાતો દ્વારા ચકાસણી થયાં પછી આ પાઠયપુસ્તક મંડળ દ્વારા પુસ્તકો પ્રસિધ્ધ થાય છે.

૭. અહેવાલના વર્ષ દરમ્યાન પ્રાથમિક શાળાની સંખ્યા ૨૨૮૦૬, વિદ્યાર્થીઓ ૪૪.૫૦ લાખ અને શિક્ષકો ૧.૧૫ લાખ હતા. માધ્યમિક શાળાની સંખ્યા ૨૮૫૪, વિદ્યાર્થીઓ ૯.૫૬ લાખ અને શિક્ષકો ૩૬૨૯૧ હતા. બાલમંદિરોની સંખ્યા ૧૧૦૪ વિદ્યાર્થીઓ ૦.૭૮ લાખ અને શિક્ષકો ૧૭૦૨ હતા.

૮. રાજ્યમાં કુલ ૫૩૬૯ ગ્રંથાલયો હતા. તેમાંથી રાજ્ય સરકાર સંચાલિત ૩૮ ગ્રંથાલયો હતા. સમગ્ર ગ્રંથાલયો પાછળ રૂા. ૩૯.૧૪ લાખનું ખર્ચ થયેલ હતું.

૯. અનુસૂચિત જનજાતિઓ અને અનુસૂચિત વિસ્તારના બાળકોના શિક્ષણનો પ્રશ્ન હલ કરવાના ઉદ્દેશથી રાજ્યમાં વર્ષ દરમ્યાન ૧૭૫ આશ્રમશાળાઓ હતી. આ શાળાઓને રૂા. ૧૪૭ લાખ રાજ્ય સરકારે ગ્રાન્ટ તરીકે આપેલ હતી.

૧૦. આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓનો ઉચ્ચ અભ્યાસ ચાલુ રાખી શકે તે માટે તેઓને શિષ્યવૃત્તિઓ અપાયેલ હતી. જેનો લાભ ૬૧.૧૨૨ વિદ્યાર્થીઓએ લીધો હતો અને તે પેટે રૂા. ૧૯૧ લાખનો ખર્ચ થયેલ હતો.

૧૧. શિક્ષણ અંગેની અન્ય પ્રવૃત્તિઓનો અહેવાલ પ્રકરણ---૫ માં અપાયેલ છે.

## પ્રકરણ-૨

## બાલમંદિર, પ્રાથમિક શિક્ષણ અને સમાજ શિક્ષણ

### બાલમંદિર :

રાજ્ય સરકારે બાલમંદિરની સીધી જવાબદારી સ્વીકારેલ નથી. આ અંગેનું શૈક્ષણિક કાર્ય સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે ચાલતું હતું. સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : પીપીએસ-૧૫૬૯/૮૪૫૦/ડ તા. ૧૮મી નવેમ્બર, ૧૯૬૮ અન્વયે ગ્રામ વિસ્તારના બાલમંદિરોને ગ્રાન્ટ આપવામાં આવતી હતી. બિન-પછાત વિદ્યાર્થીઓની સરેરાશ હાજરીના વિદ્યાર્થી દીઠ રૂા. ૧૫/- લેખે અને તમામ કન્યાઓ તથા પછાતવર્ગના વિદ્યાર્થીઓની સરેરાશ હાજરી પર વિદ્યાર્થી દીઠ રૂા. ૧૮/- લેખે ગ્રાન્ટ આપવામાં આવતી હતી.

અહેવાલના વર્ષ દરમ્યાન બાલમંદિરોની સંખ્યા ૧૧૦૪ બાળકોની સંખ્યા ૭૮૧૫૯ અને શિક્ષકોની સંખ્યા ૧૭૦૨ હતી.

### પ્રાથમિક શિક્ષણ

જાહેર પ્રાથમિક શાળાઓમાં કોઈપણ જાતના નાત-જાત કે ધર્મના ભેદભાવ વગર તેમજ આવકની મર્યાદા વગર રાજ્યમાં ધોરણ ૧ થી ૭ સુધી મફત શિક્ષણ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

પંચાયત રાજ્યના અમલથી અધિકૃત નગરપાલિકા સિવાયના વિસ્તારોના જિલ્લા પંચાયત પ્રાથમિક શિક્ષણ અંગેની જવાબદારી તેમની શિક્ષણ સમિતિની મારફતે બજાવે છે. શૈક્ષણિક વહીવટી માર્ગદર્શન તેમજ શિક્ષણ કાર્ય કાર્યદક્ષ રીતે ચલાવવા સરકારશ્રી તરફથી શાસનાધિકારીશ્રીની નિયુક્તિ કરવામાં આવેલ છે.

સરકારશ્રી તરફથી શિક્ષકોના તેમજ શિક્ષકેતર સ્ટાફના પગાર તેમજ ભથ્થાઆના ખર્ચ ઉપર પંચાયતોને ૧૦૦ ટકા ગ્રાન્ટ અપાય છે. આ ઉપરાંત રેટમ ગ્રાન્ટ વિદ્યાર્થીઓની સરેરાશ હાજરી ઉપર વિદ્યાર્થી દીઠ રૂા. ૧,૫૦ પ્રમાણે ગણી આપવામાં આવે છે.

શહેરી વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણની જવાબદારી અધિકૃત નગરપાલિકાઓ તેઓની નગર પ્રા. શિ. સમિતિઓ મારફત સંભાળે છે. અને તે અંગે અપાતી ગ્રાન્ટનું ધોરણ સુધારીને ૧૯૭૭-૭૮ થી ૮૦ ટકા થી ૮૫ ટકાનું કરવામાં આવ્યું છે. જ્યારે મહાનગરપાલિકાઓને આપવામાં આવતી ગ્રાન્ટનું ધોરણ સુધારીને ૫૫ ટકાથી ૬૦ ટકાનું કરવામાં આવ્યું છે. અહેવાલના વર્ષ દરમ્યાન ખાનગી શાળાઓને અપાતી ગ્રાન્ટનું ધોરણ સુધારીને ૮૫ ટકાથી ૯૫ ટકા કરવામાં આવ્યું છે. અને ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને દેસાઈ પગાર પંચની ભલામણ મુજબના પગાર ધોરણો મળે તે અંગે ઘટતાં પગલાં લીધા છે.

શહેરી વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણની જવાબદારી અધિકૃત નગર પ્રાથમિક શિક્ષણની જવાબદારી જે અધિકૃત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓ સંભાળે તેમને પણ નિયમાનુસાર મેચીંગ ગ્રાન્ટ આપવામાં આવતી હતી. પ્રાથમિક શાળા માટેની વિકાસની પંચવર્ષીય યોજના નીચે આવરી લેવાયેલ યોજનાઓ નીચે પણ ગ્રાન્ટ આપવામાં આવતી હતી.

અહેવાલના વર્ષ દરમ્યાન પ્રાથમિક શાળાઓની સંખ્યા ૨૨૮૦૬ હતી. જેમાં ૪૪.૫૦ લાખ વિદ્યાર્થીઓ ભણતાં હતાં. ગત વર્ષની સાથે સરખામણી કરતાં ૧.૩૮ લાખ વિદ્યાર્થીઓનો વધારો થવા પામ્યો છે. ગુજરાતી માધ્યમ દ્વારા શિક્ષણ આપતી પ્રાથમિક શાળાઓની સંખ્યા ૨૧૬૩૯ હતી. ધોરણ ૧ થી ૭ માં અભ્યાસ કરતાં સમગ્ર વિદ્યાર્થીઓની સંખ્યા ૪૫.૭૭ લાખ હતી. જે પૈકી કન્યાઓની સંખ્યા ૧૭.૮૯ લાખ હતી. શિક્ષક ગણની સંખ્યા ૧૧૪૮૬૧ હતી. જે પૈકી તાલીમ પામેલા શિક્ષકોની ટકાવારી ૯૬ હતી. પ્રાથમિક શાળાઓના પાછળ પંચવર્ષીય યોજના હેઠળ રૂ. ૪૮૪.૨૩ લાખ ખર્ચવાનું નક્કી કરેલ હતું. પ્રાથમિક શિક્ષણ માટે ૩૧૬૫ પુરા પગારી અને ૧૦૦૦ જગ્યાઓ રૂ. ૧૦૦ ના ફીક્સ પગારી શિક્ષકોની નવી જગ્યાઓ ફાળવવામાં આવી હતી. અને રૂ. ૧૩૪.૫૧ લાખ નવી શાળાના મકાન માટે મંજુર કરવામાં આવ્યા હતા.

પ્રાથમિક શિક્ષણની પંચવર્ષીય વિકાસ યોજનાઓની પ્રગતિ વર્ષ ૧૯૭૭--૭૮ ની પરિશિષ્ટ-૨ માં દર્શાવેલ છે.

**સમાજ શિક્ષણ**

ગુજરાત રાજ્યમાં સમાજ શિક્ષણ સમિતિ ૧૯૪૭ ની સાલથી છે. આ સમિતિ સમાજ શિક્ષણ ક્ષેત્રે અને પ્રોઢ શિક્ષણના ક્ષેત્રે વર્ષોથી કાર્ય કરે છે. આ સમિતિએ નીચેના જેવા પુસ્તકોનું પ્રકાશન કર્યું છે. આ સમિતિમાં સમાજ શિક્ષણ અધિકારી શિક્ષણ નિયામકશ્રીની નીચે કામ કરે છે. સમાજ શિક્ષણ અધિકારી સમિતિના મંત્રી તરીકે પણ કામગીરી બજાવે છે. સમાજ શિક્ષણ અધિકારીશ્રી રાજ્યના સમાજ શિક્ષણના વર્ગો કિસાન સાક્ષરના વર્ગો અને સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ચાલતાં વર્ગોની મુલાકાત લે છે અને માર્ગદર્શન આપે છે.

| | | | |
|---|---|---|---|
| ખેતી વિષયક | ૨૪ | સાહિત્ય | ૩૬ |
| વિજ્ઞાન | ૧૧ | પાઠ્ય પુસ્તક | ૨૦ |
| સમાજવિદ્યા | ૨૦ | સંદર્ભ ગ્રંથ | ૫ |
| જીવન ચરિત્ર | ૨૩ | અનુકાર્ય સાહિત્ય | ૨૯ |
| ઐતિહાસિક કથા | ૪ | માર્ગદર્શિકા નિદર્શીની | ૧૧ |
| ધર્મકથા | ૪ | નાટકો | ૨ |
| લોક સાહિત્ય | ૧૨ | | |

આ સમિતિએ નવ શિક્ષિતો માટે સાહિત્ય નિર્માણની ૧૪ શિબિરોનું આયોજન કર્યું હતુ તેમાં આ ક્ષેત્રના નિષ્ણાત લેખકોએ ભાગ લીધો હતો.

ભારત સરકારે નિરીક્ષરતા નિવારણ અંગે ઝુંબેશ ઉપાડવા માટે એલાન કર્યું છે.

ગુજરાત રાજ્યમાં ૧૯ જિલ્લાઓ છે. આ જિલ્લાઓમાંથી અને ખાસ કરીને આદિવાસી વિસ્તાર ગ્રામ વિસ્તારઅને પછાત વિસ્તારમાંથી નિરક્ષરતાને દેશવટો આપવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓનો સહકાર મેળવ્યો છે.

નિરક્ષરતાને દેશવટો આપવા માટે ગુજરાત રાજ્યની નીચે જણાવેલી સંસ્થાઓ જેવી કે.

| | |
|---|---|
| વિશ્વ વિદ્યાલયો | જી. બી. ટી. સી. |
| ગ્રામ વિદ્યાપીઠ | રાજ્ય શિક્ષણ ભવન |
| આશ્રમ શાળાઓ | નહેરૂ યુવક કેન્દ્રો |

અને અન.એસ. વી. અચ. જેવી સંસ્થાઓ છે.

૧૫ થી ૩૫ વય જુથના નિરીક્ષરોને લખતા વાંચતાં શીખવવા ઉપરાંત રોજબરોજના વ્યવહારમાં કુશળતા પ્રાપ્ત કરી લોકશાહી દેશમાં સાચો નાગરિક તૈયાર થાય, પોતાના મતાધિકારનું મહત્ત્વ બરાબર સમજે. એ જ પ્રૌઢ શિક્ષણનો મુખ્ય હેતુ છે.

પછાત વિસ્તારમાં પ્રોઢ શિક્ષણના વર્ગો ખોલવામાં આવ્યા છે. આ ઉપરાંત ગ્રામ વિસ્તારની અને આદિવાસી વિસ્તારની સ્ત્રીઓને લખતાં વાંચતાં શીખવવા માટે આવા કેન્દ્રો શરૂ કરવામાં ખાસ ધ્યાન આપવામાં આવે છે.

કેન્દ્ર સરકાર તરફથી ગુજરાત રાજ્યના નીચેના આઠ જિય્લ્લાઓમાં કિસાન સાક્ષરતાની યોજના અમલમાં આવી છે. સુરત, ખેડા, વલસાડ, ભરૂચ, જાજનગર, જુનાગઢ, કચ્છ અને મહેસાણા .

આ ઉપરાંત નીચેના જિલ્લાઓમાં અવૈધિક શિક્ષણની યોજના પણ ચાલુ છે.

વડોદરા, ભરૂચ વલસાડ, સુરેન્દ્રનગર.

આ ઉપરાંત ગુજરાત રાજ્યમાં નિરક્ષરતા નિવારણના કેન્દ્રો જુદા જુદા જિલ્લાઓમાં નીચે પ્રમાણે ચાલે છે. દરેક જિલ્લાની સામે કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ આ કામ કરી રહી છે તેની માહિતી જણાવી છે.

| જિલ્લાનું નામ | સ્વૈચ્છિક સંસ્થાઓ |
|---|---|
| અમદાવાદ | ૧૭ |
| સાબરકાંઠા | ૭ |

| | |
|---|---|
| સુરત | ૪ |
| પંચમહાલ | ૧ |
| ખેડા | ૩ |
| વલસાડ | ૩ |
| વડોદરા | ૩ |
| રાજકોટ | ૧ |
| કચ્છ | ૩ |
| ભરૂચ | ૨ |
| ભાવનગર | ૩ |
| મહેસાણા | ૪ |

ગુજરાત રાજયમાં ૨૬મી જાન્યુઆરી ૧૯૭૮ ના રોજ કાનજીભાઈ દેસાઈ સમાજ શિક્ષણ ભવન ટ્રસ્ટ, સુરતના અધ્યક્ષશ્રીના વરદહસ્તે પ્રૌઢ શિક્ષણનો દીપ પ્રકટાવી નિરી-ક્ષરતા નિવારણની ઝુંબેશ શરૂ કરી છે.

ગુજરાત રાજયમાં પ્રૌ.શિક્ષણને વેગવાન અને અસરકારક બનાવવા માટે એક ખાસ બોર્ડ રચવામાં આવ્યું છે. તે ઉપરાંત સરકારશ્રીએ નિરીક્ષરતા નિવારણની ઝુંબેશને વેગવંતી બનાવવાના હેતુથી રાજય કક્ષા તેમજ વિભાગ કક્ષાએ આયોજન તંત્ર અને વહીવટી તંત્ર ઉભું કર્યું છે.

રાજય કક્ષાના સંયુકત શિક્ષણ નિયામકશ્રી (પ્રૌઢ શિક્ષણ) ની દેખરેખ નીચે ત્રણ વિભાગ અમદાવાદ, વડોદરા અને રાજકોટ માટે બનાવવામાં આવ્યા છે. આ વિભાગના પ્રોજેકટ અધિકારીની દેખરેખ નીચે આ કાર્ય જે તે વિભાગમાં થાય છે. એમની દેખરેખ નીચે જે તે જિલ્લાની જિલ્લા પંચાયતના શાસનાધિકારીઓ મારફત અને તાલુકામાં તાલુકા વિકાસ અધિકારી મારફત આ કાર્ય અસરકારક રીતે થઈ રહ્યું છે.

આ વર્ષ દરમ્યાન પ્રૌઢ શિક્ષણના વર્ગો ૯૯૦ હતા તેમાં દાખલ થયેલા પ્રૌઢોની સંખ્યા ૨૫૯૭૩ હતી જેમાં ૬૬૨૭ સ્ત્રીઓ હતી.

## પ્રકરણ-૩

## માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ.

### માધ્યમિક શિક્ષણ.

રાજ્યમાં પ્રવર્તમાન નીતિ અનુસાર મોટાભાગની માધ્યમિક શાળાઓનું સંચાલન ખાનગી સ્વૈચ્છિક સંસ્થાઓ હસ્તક હતું. માધ્યમિક શાળાઓના પગાર,ભથ્થાઓ ના ખર્ચ ઉપર ૧૦૦ ટકા ગ્રાન્ટ આપવાનું ચાલુ રાખ્યું હતું.શાળાના નિભાવ ખર્ચ માટે પગાર ખર્ચના ૨૦ ટકા સુધી શૈક્ષણિક ખર્ચની ગ્રાન્ટ અને મકાન ભાડા ઉપર ૧૫ ટકા સુધી મળી કુલ ૩૫ટકા જેટલી ગ્રાન્ટ આપવામાં આવતી હતી મગાર ખર્ચના ૨૦ ટકાના ૧૫ ટકા, ૩૫ અને ૫૦ ટકા જેટલી રકમ અનુક્રમે (૧)વિદ્યાર્થી ઓની વિકા-સાત્મક પ્રવૃત્તિઓ અને રમતગમત વગેહેરે(૨)શાળા પુસ્તકાલય, વિજ્ઞાનની પ્રયોગશાળા માટેના સાધનો વગેરે (૩) શાળાના અન્ય રોજિંદા તથા જરૂરી ખર્ચ માટે વાપરવાની શરતે આપવામાં આવતી હતી.આ ઉપરાંત પંચવર્ષીય યોજનામાં માધ્યમિક શાળાઓના વિકાસ માટે નાણાંકિય ગ્રાન્ટ આપવામાં આવતી હતી.

અહેવાલના વર્ષ દરમ્યાન ઉચ્ચતર માધ્યમિક વર્ગો સહિતની કુલ ૨૮૫૪ માધ્યમિક શાળાઓ હતી જે પૈકી ૧૯૫૯ શાળાઓ ગ્રામ વિરતારમાં હતી. વિવિધલક્ષી શાળાઓની સંખ્યા ૧૪૩ હતી તેમજ ઉત્તર બુનિયાદી શાળાઓની સંખ્યા ૧૩૯ હતી. માધ્યમિક શાળાઓનાં ૯.૫૬ લાખ વિદ્યાર્થીઓ અને ૩૬૨૯૧ શિક્ષકો હતા. શિક્ષણ દીઠ વિદ્યાર્થીઓની સરાસરી ૨૬ ની હતી. માધ્યમિક શાળાના વિકાસ યોજનામાં વધુ શિક્ષકો કાર્યાનુભવ માટે જોગવાઈ તથા શાળા સુધારણા વગેરે માટે જોગવાઈ કરેલ હતી. આ બાબતની વિગત સને ૧૯૭૭---૭૮ ના પરિશિષ્ટ--૩ માં દર્શાવેલ છે.

### ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ (૧૦+૨).

સને ૧૯૭૭--૭૮ નું વર્ષ એ ખાસ ઘટકની કચેરીનું ત્રીજું વર્ષ હતું. આ વર્ષ દરમ્યાન જે શાળાઓએ જુન ૧૯૭૬ માં ધો. ૧૧ નું પ્રથમ વર્ષ શરૂ કર્યું હતું તેમને વત્તા બેનો તબક્કો પુરો કર્યો અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા થનાર વાર્ષિક ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષા માટે મોકલી આપ્યા. વર્ષ દરમ્યાન ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણનો વર્ગો ચલાવતી શાળાઓની સંખ્યા ૬૯૧ હતી જેમાં ૧૭ ઉચ્ચત્તર ઉત્તરબુનિયાદી શાળાઓનો સમાવેશ થાય છે. જિલ્લાવાર શાળાઓની સંખ્યા પરિશિષ્ટ--૬ માં બતાવવામાં આવી છે.

અહેવાલના વર્ષ દરમ્યાન એડહોક બોર્ડની ચાર મીટીંગ કરવામાં આવી હતી. એડહોક બોર્ડની જેની શરૂઆત તા. ૧૭મી નવેમ્બર, ૧૯૭૭ ના સરકારી ઠરાવ ક્રમાંક ઈડીએસ-૯૧૭૫/૧૦૧૬૩૧/બી અન્વયે બે વર્ષ માટે રચવામાં આવ્યું હતું તેની મુદત તા. ૨૫મી જાન્યુઆરી, ૧૯૭૮ ના ઠરાવ ક્રમાંક : ઈડીએસ-૯૧૭૫/૧૦૧૬૩૧/ગ થી લંબાવવામાં આવી છે. પ્રવર્તમાન વિનયન અને વાણિજ્યનો અલગ પ્રવાહને બદલે સામાન્ય શિક્ષણ પ્રવાહનું એક જૂથ રાખવા માટે અને ગૃહ વિજ્ઞાનનો નવો પ્રવાહ શરૂ કરવા માટે મહત્ત્વના નિર્ણયો લીધેલા છે અને

પૂકત વિચારણા બાદ બોર્ડની ભલામણ પરથી સરકારશ્રીએ જુન ૧૯૭૮ થી તે શરૂ કરવાનું ઠરાવ્યું છે. આ ઉપરાંત ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણના અભ્યાસક્રમના વિવિધ મુદાઓ ઉપર સંદર્ભ પુસ્તિકાઓ તૈયાર કરવા માટેનો કાર્યક્રમની પણ બોર્ડે ભલામણ કરી છે અને આ કાર્ય યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના સહયોગથી હાથ ધરવામાં આવ્યું છે. આ સંદર્ભ લઘુ પુસ્તિકાનું પ્રકાશન કાર્ય ચાલુ છે.

**સને ૧૯૭૭-૭૮ દરમ્યાન શરૂ કરવામાં આવેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની ચકાસણી.**

એડહોક બોર્ડે કરેલા નિર્ણય પ્રમાણે અને ગત વર્ષે અખત્યાર કરેલી પધ્ધતિ મુજબ ચાલુ વર્ષે પણ જિલ્લા કક્ષાની ચકાસણી સમિતિઓને નવી ઉચ્ચતર માધ્યમિક શાળાઓની મુલાકાત લીધી હતી અને તેમની ભલામણના આધારે આ શાળાઓને ધો. ૧૨ ના વર્ગો શરૂ કરવાની પરવાનગી આપવામાં આવશે.

**વાર્ષિક પરીક્ષા :**

ધો. ૧૧ ની વાર્ષિક પરીક્ષા શાળાઓએ લીધી હતી અને તેમને માર્ગદર્શન મળી રહે તે માટે પ્રશ્નપત્રોના પરીરૂપ તૈયારી કરી પહોંચાડવામાં આવ્યા હતા. ધો. ૧૨ ને અંતે ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્રની જાહેર પરીક્ષા લેવાનું કામ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડને સોંપવાનું સરકારશ્રીએ ઠરાવ્યું હતું.

**શિક્ષકોની તાલીમ :**

અહેવાલના વર્ષ દરમ્યાન ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિનિયન, વિજ્ઞાન અને વાણિજ્યના શિક્ષકોને તાલીમ આપવાનો કાર્યક્રમ ઉનાળા અને દિવાળી વેકેશન દરમ્યાન યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર અને વિસનગર ખાતે યોજયો હતો. વિનયન, વિજ્ઞાન અને વાણિજયના કુલ ૮૦૮૫ શિક્ષકોએ આ કાર્યક્રમ હેઠળ તાલીમ લીધી હતી. આ ઉપરાંત વર્ષ દરમ્યાન ૭૮ જેટલા શિક્ષકોને ઉદ્યોગના વિષયોમાં તાલીમ આપવામાં આવી હતી.

**ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને અનુદાન :**

૧. ટ્રાયબલ વિસ્તારની છ શાળાઓને રૂા. ૧૦,૦૦૦ લેખે અનાવર્તક એડહોકેટ ગ્રાન્ટ રૂા. ૬૦,૦૦૦

૨. નોન-ટ્રાયબલ વિસ્તારની ૫૭ શાળાઓને રૂા. ૧૦,૦૦૦ લેખે અનાવર્તક એડહોક ગ્રાન્ટ. ... ... રૂા. ૫,૭૦,૦૦૦

૩. ટ્રાયબલ વિસ્તારની બે શાળાઓને રૂા. ૧૦,૦૦૦ લેખે વિજ્ઞાન શિક્ષણ માટે અનાવર્તક એડહોક ગ્રાન્ટ. ... ... રૂા. ૨૦,૦૦૦

### અધ્યયનલક્ષી કાર્યક્રમ :

૧૯૭૬--૭૭ ના વર્ષ દરમ્યાન હાથ ધરવામાં આવેલો અધ્યયનલક્ષી કાર્યક્રમ આ વર્ષ દરમ્યાન પણ ચાલુ રાખવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો સામાન્ય પ્રતિભાવ ઘણો સંતોષકારક હતો અને આ અભિગમ વિદ્યાર્થીઓને શૈક્ષણિક રીતે સ્વાવલંબી બનાવવામાં ઘણો મદદરૂપ નીવડયો હતો. નિષ્ણાતો દ્વારા તૈયાર કરવામાં આવેલું અધ્યયનલક્ષી અને સ્વાધ્યાય માટેનું સાહિત્ય વિદ્યાર્થીઓના ઉપયોગ માટે શાળાઓને પુરું પાડવામાં આવ્યું હતું.

સ્વાધ્યાયલક્ષી અભિગમને લીધે વિદ્યાર્થી અને શિક્ષકમાં સારા એવા પ્રમાણમાં જવાબદારીનું ભાન વિકસ્યું છે અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણના વિદ્યાર્થીઓ એક પ્રકારના શૈક્ષણિક શિસ્તના વાતાવરણમાં કામ કરતા જોવા મલ્યા છે. આ કાર્યક્રમનું સતત પુનરાવલોકન કરવામાં આવી રહ્યું છે. જેથી ૧૯૭૮--૭૯ ના વર્ષ દરમ્યાન વધુ સારો અને વધુ અસરકારક કાર્યક્રમ અમલમાં મૂકી શકાય.

### વ્યવસાયલક્ષી શિક્ષણ

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના તબક્કામાં ભારત સરકારે ક્રમિક વ્યવસાયીકરણની ભલામણ કરેલી છે. તદનુસાર એપ્રિલ-૧૯૭૭ માં ૫૫ જેટલી સંસ્થાઓને વાણિજ્ય, કલા તેમજ બહેનો માટેના વ્યવસાયલક્ષી કારકીર્દીના અભ્યાસક્રમો ચલાવવા માટે પરવાનગી આપવામાં આવી હતી. છ માસથી માંડીને ત્રણ વર્ષ સુધીના આવા કુલ ૩૦ અભ્યાસક્રમોના લગભગ ૮૬૧ જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. એસ. એસ. સી. પછી વ્યવસાયી શિક્ષણની તક મળી શકે તે માટે આવી વધુ સંસ્થાઓને માન્ય કરવામાં આવશે. આ ઉપરાંત રાજ્યના આઈ. ટી. આઈ. પોલીટેકનીક વગેરે સંસ્થાઓમાં હાલ જુદા જુદા ડીપ્લોમા અને સર્ટિફિકેટ કક્ષાના અભ્યાસક્રમો માટે ૧૮,૭૫૪ વિદ્યાર્થીઓ માટે જોગવાઈ છે.

## પ્રકરણ-૪

### ઉચ્ચ શિક્ષણ

અહેવાલના વર્ષ દરમ્યાન રાજ્યમાં પાંચ વૈદ્યાનિક યુનિવર્સિટીઓ કામ કરતી હતી. આ ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદને યુ. જી. સી. એક્ટના આધારે માન્ય યુનિવર્સિટી તરીકે કામ કરતી હતી. યુનિવર્સિટીઓની નીચે જણાવ્યા પ્રમાણે ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ હતી.

| યુનિવર્સિટીનું નામ | નિભાવ ખર્ચ (રૂપિયા) | સ્કીમ ગ્રાન્ટ (રૂપિયા) |
|---|---|---|
| ૧. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. | ૩૬,૭૨,૬૪૨ | ૩,૨૮,૪૭૧ |
| ૨. એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા. | ૨,૫૦,૫૭,૧૯૦ | ૩,૯૮,૮૧૫ |
| ૩. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર | ૪૧,૯૨,૦૭૯ | ૩,૪૮,૩૦૧ |
| ૪. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. | ૩૩,૩૧,૮૦૦ | ૧૦,૬૩,૬૯૩ |
| ૫. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (ભાવનગર યુનિ. સહિત) | ૮૬,૦૩,૨૭૩ | ૧૭,૭૧,૨૫૩ |
| ૬. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. | ૪,૪૩,૫૧૨ | ૧,૭૫,૩૯૫ |
| કુલ ... | ૪,૫૩,૦૦,૪૯૬ | ૪૦,૮૫,૯૨૮ |

આ વર્ષમાં ૧૨ સંશોધન સંસ્થાઓ હતી. વિનયન અને વિજ્ઞાન કોલેજોની સંખ્યા ૧૫૮ હતી. સમગ્ર ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧.૬૬ લાખ હતી. આ ઉપરાંત ૧૦૯ વ્યવસાયિક કોલેજો હતી જે નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧. | શિક્ષણ કોલેજો | ૩૫ |
| ૨. | વાણિજ્ય કોલેજો | ૪૪ |
| ૩. | કાયદા કોલેજો | ૨૩ |
| ૪. | બીજી વ્યવસાયિક કોલેજો | ૭ |
| | કુલ ... | ૧૦૯ |

વિશિષ્ટ શિક્ષણ માટેની ૬ સંસ્થાઓ હતી તેના નામો નીચે પ્રમાણે છે.

૧. ઓરિએન્ટલ ઈન્સ્ટટયુટ, વડોદરા.

૨. સંસ્કૃત મહાવિદ્યાલય, વડોદરા.

૩. ગાંધી વિદ્યાપીઠ, વેડછી, જિ. સુરત.

૪. લોકભારતી, સણોસરા જિ. ભાવનગર.

૫. સરસ્વતી ગ્રામ વિદ્યાપીઠ, સમોડા, જિ. મહેસાણા.

૬. મંગલ ભારતી, બહાદુરપુર, વડોદરા.

યુનિવર્સિટી શિક્ષણ ક્ષેત્રે પ્લાન જોગવાઈ હેઠળ રૂા. ૩૩.૮૭ લાખનો ખર્ચ થયેલ હતો.

## પ્રકરણ-૫

# ગ્રંથાલય વ્યવસ્થા અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ

**ગ્રંથાલય વ્યવસ્થા :**

ગુજરાત રાજ્યનું નિર્માણ થયું ત્યારે સને ૧૯૬૦ માં ગુજરાત રાજ્યના ગ્રંથાલય વ્યવસ્થા અધિકારીની કચેરી અસ્તિત્વમાં આવી ત્યારથી આ કચેરી ગુજરાત રાજ્યના શિક્ષણ નિયામકશ્રીની કચેરીની સંલગ્ન કચેરી તરીકે નીચે પ્રમાણે કામગીરી ટૂંકમાં કરે છે.

૧. સરકારી સહાય મેળવતાં જાહેર ગ્રંથાલયોની તપાસણી કરવી, માન્યતા તથા ગ્રાન્ટ આપવી.

૨. સરકારી જાહેર ગ્રંથાલયોની દેખરેખ તથા તપાસણી.

૩. શિષ્ટ સાહિત્યના પુસ્તકો, સામયિકોની ગ્રંથાલયોને ભલામણ કરવી.

૪. રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની ગ્રંથાલય વિકાસ યોજનાઓ ઘડવી અને તેનો અમલ કરવો.

૫. રાજારામ મોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશન અંગેની કામગીરી.

૬. સ્વ. શ્રી મોતીભાઈ અમીન ગ્રંથાલય સેવા એવોર્ડ અંગેની કામગીરી.

૭. શાળા પુસ્તકાલયો માટે વસાવવા યોગ્ય પુસ્તકોની પસંદગી અને ખરીદી સમિતિના સભ્ય સચિવ તરીકે કામગીરી'

૮. રાજ્ય ગ્રંથાલય સલાહકાર સમિતિના સભ્ય સચિવ તરીકે કામગીરી.

૯. રાજ્ય સરકારની ગુજરાતી સાહિત્ય સ્પર્ધાની કામગીરી.

આ કચેરી નીચે ત્રણ મદદનીશ ગ્રંથાલય વ્યવસ્થા અધિકારીશ્રીઓની કચેરીઓ કામ કરે છે. જે અમદાવાદ વિભાગ, અમદાવાદ, વડોદરા વિભાગ, વડોદરા અને રાજકોટ વિભાગ, રાજકોટ ખાતે આવેલી છે.

હાલ ગુજરાત રાજ્યમાં સરકારી જાહેર ગ્રંથાલયો તથા સરકારી સહાય મેળવતાં ગ્રંથાલયોની કુલ ૫૩૬૯ સંખ્યા છે.

## સરકારી જાહેર ગ્રંથાલય.

| | | સંખ્યા |
|---|---|---|
| ૧. | રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર. | ૧ |
| ૨. | મધ્યવર્તી ગ્રંથાલય, વડોદરા. | ૧ |
| ૩. | જિલ્લા ગ્રંથાલયો | ૧૭ |
| ૪. | અન્ય સરકારી ગ્રંથાલયો. | ૪ |
| ૫. | સરકારી મહિલા ગ્રંથાલયો. | ૨ |
| ૬. | ઈન્ટીગ્રેટેડ લાયબ્રેરી સર્વિસ | ૨ |
| ૭. | ટ્રાયબલ એરીયામાં સરકારી તાલુકા પુસ્તકાલયો. | ૧૧ |
| | કુલ ... | ૩૮ |

સરકારી ગ્રંથાલયોની અહેવાલના વર્ષ દરમ્યાન થયેલ કામગીરી દર્શાવતું પત્રક "અ" સામેલ છે.

સરકારી સહાય મેળવતા ગ્રંથાલયો.

સરકારશ્રી તરફથી ચાલતા ગ્રંથાલયો સિવાય ૫૦૦૦ થી વધારે વસ્તી ધરાવતા ગામોમાં આવેલ નીચે જણાવ્યા મુજબ વિવિધ પ્રકારના સરકારી સહાય મેળવતાં ગ્રંથાલયોની સંખ્યા ૪૪૮ ના છે. અહેવાલના વર્ષ દરમ્યાન આ પુસ્તકાલયોને નીચે મુજબની સરકારી સહાય આપવામાં આવેલી છે.

| અ. નં. | ગ્રંથાલયનો પ્રકાર | સંખ્યા | નોર્મલ ગ્રાન્ટ | પ્લાન ગ્રાન્ટ | કુલ ગ્રાન્ટ |
|---|---|---|---|---|---|
| ૧. | ગુજરાત વિદ્યાપીઠ અને રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, અમદાવાદ. | ૧ | ... | ... | ... |
| ૨. | શહેર ગ્રંથાલય | ૧૯ | ૩૦૭૬૮૭ | ૮૦૦૦ | ૩૧૫૬૭૪ |
| ૩. | શહેર શાખા ગ્રંથાલયો | ૨૩ | ૮૫૫૩૮ | ૫૪૦૦ | ૯૦૯૩૮ |
| ૪. | નગરકક્ષા-૧ ગ્રંથાલયો | ૧૨૩ | ૩૨૨૮૧૭ | ૫૧૮૪૪ | ૩૭૪૬૬૧ |
| ૫. | નગરકક્ષા-૨ ગ્રંથાલયો | ૧૮૭ | ૩૧૯૨૯૪ | ૨૩૩૩૧ | ૩૪૨૬૨૫ |
| ૬. | મહિલા ગ્રંથાલયો | ૫૫ | ૪૬૫૫૦ | ૧૫૦૦ | ૪૮૦૫૦ |
| ૭. | બાળ ગ્રંથાલય | ૩૮ | ૧૧૨૧૬ | ૩૫૮ | ૧૧૫૭૪ |
| ૮. | વિશિષ્ટ ગ્રંથાલયો | ૨ | ૪૯૮ | — | ૪૯૮ |
| | કુલ | ૪૪૮ | ૧૦૯૩૫૮૭ | ૯૦૪૩૩ | ૧૧૮૪૦૨૦ |

## સરકારી ગ્રથાલયોનું માહિતી પત્રક (અ).

| અનુ નં | ગ્રંથાલય | સંખ્યા | ૧૯૭૭--૭૮મા ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| | | | નોન પ્લાન | પ્લાન | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર. | ૧ | ... | ... | ... |
| ૨ | સેન્ટ્રલ લાયબ્રેરી, વડોદરા. | ૧ | ૨૧૧૪૬૯ | ૧૪૮૮૪ | ૨૨૬૩૫૩ |
| ૩ | જીલ્લા ગ્રંથાલયો | ૧૭ | ૩૨૦૧૬૦ | ૩૯૮૪૫૬ | ૭૧૮૬૧૬ |
| ૪ | અન્ય સરકારી ગ્રંથાલયો. | ૪ | ૬૮૪૬૨ | ૧૬૪૮૧ | ૮૪૯૪૩ |
| ૫ | મહિલા ગ્રંથાલયો. | ૨ | ૧૬૨૪૭ | ૪૦૦૦ | ૨૦૨૪૭ |
| ૬ | ઈન્ટીગ્રેટેડ લાયબ્રેરી, સર્વિસ. | ૨ | ૩૬૨૦૬ | ૩૦૦૦ | ૩૯૨૦૬ |
| ૭ | ટ્રાયબલ એરીયામાં સરકારી તાલુકા પુસ્તકાલયો. | ૧૧ | ... | ૨૮૩૬૮૬ | ૨૮૩૬૮૬ |
| | કુલ | ૩૮ | ૬૫૨૫૪૪ | ૭૨૦૫૦૭ | ૧૩૭૩૦૫૧ |

| વાંચન સાહિત્ય પાછળ ખર્ચ | પુસ્તકોની સંખ્યા | સભ્ય સંખ્યા | પુસ્તક પરીભ્રમણ (બુકસ સરકયુલેશન- | વાંચનાલયમાં દૈનિક સરેરાશ હાજરી) |
|---|---|---|---|---|
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ... | ... | ... | ... | શરૂ થયેલ નથી. |
| ૪૦૧૦૦ | ૨૧૭૩૯૫ | ૯૬૩૯ | ૩૯૦૨૦૪ | ૧૨૦૦ |
| ૨૧૪૧૩૨ | ૩૯૦૩૫૮ | ૨૨૦૮૫ | ૬૮૯૬૭૮ | ૬૧૯૨ |
| ૨૧૦૫૪ | ૪૫૩૫૬ | ૧૯૦૦ | ૫૦૧૧૭ | ૪૯૦ |
| ૭૦૮૫ | ૧૦૫૦૬ | ૧૫૭૧ | ૧૬૭૧૭ | ૭૦ |
| ૭૨૪૩ | ૪૦૦૧૦ | +૯૫-કેન્દ્રો | ૧૬૧૬૭ | ... |
| ૩૦૧૪૩ | ૧૨૦૭ | ૧૨૦૭ | ૫૦૪૧૮ | ૫૩૫ |
| ૩૮૧૬૬૩ | ૭૩૩૭૬૮ | ૩૬૪૦૨ | ૧૨૧૩૩૦૧ | ૮૪૮૭ |

+૯૫ કેન્દ્રો

**ગ્રામ ગ્રંથાલયો :**

૫૦૦૦ કે તેથી ઓછી વસ્તી ધરાવતા ગામોમાં આવેલા સરકાર માન્ય અને સરકારી સહાય મેળવતાં ગ્રામ ગ્રંથાલયોની સંખ્યા ૪૮૮૩ છે. જિલ્લાવાર ગ્રામ ગ્રંથાલયોની સંખ્યા તથા આ કચેરી તરફથી અહેવાલના વર્ષ દરમ્યાન તેમને આપવામાં આવેલ ગ્રાન્ટની વિગત નીચે પ્રમાણે છે.

**ગ્રામ ગ્રંથાલયો.**

| અ. નં. | જિલ્લાનું નામ | ગ્રંથાલયો | નો મેલ ગ્રાન્ટ | પ્લાન ગ્રાંટ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૨ | ૧૧૦૭૪ | ૧૦૦૦ | ૧૨૦૭૪ |
| ૨ | ખેડા | ૫૫૯ | ૧૮૫૭૫૦ | ... | ૧૮૫૭૫૦ |
| ૩ | સાબરકાંઠા | ૧૨૩ | ૧૭૫૦૦ | ... | ૧૭૫૦૦ |
| ૪ | બનાસકાંઠા | ૨૨૬ | ૫૯૦૦૦ | ... | ૫૯૦૦૦ |
| ૫ | મહેસાણા | ૮૯૮ | ૩૨૧૧૮૦ | ... | ૩૨૧૧૮૦ |
| ૬ | પંચમહાલ | ૫૧૯ | ૧૧૨૨૮૬ | ... | ૧૧૨૨૮૬ |
| ૭ | ભરૂચ | ૪૨૪ | ૮૩૦૪૭ | ... | ૮૩૦૪૭ |
| ૮ | વડોદરા | ૮૬૯ | ૨૫૦૮૦૫ | ... | ૨૫૦૮૦૫ |
| ૯ | વલસાડ | ૨૮૩ | ૮૮૭૫૦ | ... | ૮૮૭૫૦ |
| ૧૦ | સુરત | ૫૧૩ | ૧૧૭૩૧૫ | ૯૦૦ | ૧૧૮૨૧૫ |
| ૧૧ | કચ્છ | ૧૩ | ... | ... | ... |
| ૧૨ | જામનગર | ૧૯ | ... | ... | ... |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૪૦ | ૪૦૦૦ | ૩૦૦૦ | ૭૦૦૦ |
| ૧૪ | ભાવનગર | ૮૩ | ૨૫૨૦૦ | ... | ૨૫૨૦૦ |
| ૧૫ | અમરેલી | ૧૫૭ | ૫૪૦૦૦ | ... | ૫૪૦૦૦ |
| ૧૬ | રાજકોટ | ૧૮ | ૫૦૦૦ | ... | ૫૦૦૦ |
| ૧૭ | જૂનાગઢ | ૧૮ | ૫૦૦૦ | ... | ૫૦૦૦ |
| ૧૮ | ગાંધીનગર | ૩૯ | ૧૦૦૦૦ | ૨૦૦૦ | ૧૨૦૦૦ |
| | કુલ | ૪૮૮૩ | ૧૩૪૯૯૦૭ | ૬૯૦૦ | ૧૩૫૬૮૦૭ |

ફરતા પુસ્તકાલયો

સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા રાજકોટ, ભાવનગર, જામનગર, સુરેન્દ્રનગર અને જુનાગઢ જિલ્લાઓમાં પાંચ ફરતા પુસ્તકાલયો છે. તે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ હસ્તક સરકારશ્રીએ સોંપ્યા છે. તેથી અહેવાલના વર્ષ દરમ્યાન તેનું સંચાલન જિલ્લા શિક્ષણ સમિતિ કરે છે.

**સ્વ. શ્રી. મોતીભાઈ અમીન ગ્રંથાલય સેવા એવોર્ડ અને ઉત્તમ ગ્રંથાલય સેવા પ્રમાણપત્ર માટેની યોજના. :**

સરકારશ્રીના શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ નં. ગથલ/૧૧૭૩/૮૬૬૫/બ, તા. ૨૦મી ઓગષ્ટ, ૧૯૭૪ થી પ્રતિવર્ષ રાજ્યમાં ઉત્તમ ગ્રંથાલય સેવા આપનાર એક ગ્રામ ગ્રંથાલય અને તે સિવાયના જાહેર ગ્રંથાલય એકને એમ બે ગ્રંથાલયોને દરેક રૂા. ૫૦૧ નું રોકડ પારિતોષિક અને ઉત્તમ ગ્રંથાલય સેવા આપવા માટેનું પ્રમાણપત્ર આપવાનું ઠરાવવામાં આવેલ છે. તેમજ સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ નં. ગથલ/૧૧૭૪/૫૭૬૯૩/બ, તા. ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ થી પ્રશ્ચાતદર્શી અસરથી વિજેતા થયેલા ગ્રંથાલયોના ગ્રંથપાલોને પણ રૂા. ૫૦૧ નું રોકડ પારિતોષિક અને ઉત્તમ ગ્રંથપાલ સેવા આપવા માટેનું પ્રમાણપત્ર આપવાનું ઠરાવવામાં આવેલુ છે તેથી આ યોજના હેઠળ અહેવાલના વર્ષ દરમ્યાન બાર્ટન પુસ્તકાલય, ભાવનગરને તથા તેના ગ્રંથપાલને અને અગાઉના વિજેતા બનેલા ગ્રંથાલયોના ગ્રંથપાલોને તા. ૧૪મી જાન્યુઆરી, ૧૯૭૮ ના રોજ માનનીય શિક્ષણ મંત્રીશ્રી નવલભાઈ શાહના વરદ હસ્તે ભાવનગર મુકામે પારિતોષિક એનાયત વિધિ કરવામાં આવેલ હતી.

## અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ.

**૧. વ્યવસાયિક માર્ગદર્શન :**

સંસ્થા, પેટા સંસ્થા તથા શાળા સલાહકાર (અબ્રામા, પાટણ, રાજકોટ, જામનગર) દ્વારા સને ૧૯૭૭-૭૮ ના વર્ષ દરમ્યાન આયોજીત પ્રવૃત્તિઓનો અહેવાલ નીચે વિગતવાર દર્શાવેલ છે.

**તાલીમ કાર્યક્રમ :**

બનાસકાંઠા જિલ્લાની માધ્યમિક શાળાઓમાં માર્ગદર્શન ક્ષેત્રે કાર્ય કરતા શિક્ષકો માટેનો ૭ દિવસનો ટુંકા ગાળાનો તાલીમ કાર્યક્રમ અંબાજી મુકામે યોજવામાં આવ્યો હતો જેમાં ૪૬ શાળાઓના શિક્ષક તાલીમાર્થીઓએ હાજરી આપી હતી.

**અભિમુખ કાર્યક્રમ :**

માધ્યમિક શાળાના શિક્ષકો, આચાર્યો તથા પ્રશિક્ષણ સંસ્થાના તાલીમાર્થીઓને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ અને માર્ગદર્શન ક્ષેત્રે અભિમુખતા કેળવવા માટે રાજ્યના નીચેના ૧૪ સ્થળો એકથી બે દિવસના અભિમુખ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

સણોસરા, ગોંડલ, દ્વારકા, પોરબંદર, રાજપીપળા, મોડાસા, માંગરોળ. અલિયાબાડા, અમદાવાદ, આણંદ, ભરૂચ, અમરેલી, પાટણ અને પાલીતાણા

**કારકિર્દી પ્રદર્શન :**

અહેવાલના ગાળા દરમ્યાન રાજ્યની માધ્યમિક શાળાઓ તેમજ વિવિધ સ્થળોએ સામુદાયિક સંસ્થાઓના સહકારથી ૧૯૫ કારકીર્દી વિષયક પ્રદર્શન યોજવામાં આવ્યા હતા. આનો લાભ ૧૦૦-૭૦૦ વ્યકિતઓએ લીધો હતો.

કારકિર્દી વિષયક તેમજ જુદા જુદા વ્યવસાયો અને અભ્યાસક્રમો અંગે વર્ષ દરમ્યાન ૨૦૦ રેક-ઝીન આર્ટસ તૈયાર કરવામાં આવ્યા હતા.

**ફિલ્મ અને ફિલ્મસ્ટ્રી દર્શન.**

સંસ્થાની ફિલ્મ લાયબ્રેરીમાંથી વર્ષ દરમ્યાન ૨૧ શૈક્ષણિક સંસ્થાઓએ ફિલ્મો ફિલ્મસ્ટ્રીપનું નિદર્શન કરવા મંગાવેલી જેનો લાભ ૧૦૦૫૦ વિદ્યાર્થીઓ વાલીઓએ લીધો હતો. માહિતી વિતરણ સેવા (રૂબરૂ અને પત્ર દ્વારા).

અહેવાલના ગાળા દરમ્યાન ૭૪૭૦ વિદ્યાર્થીઓએ સંસ્થાનો રૂબરૂ સંપર્ક સાધી જરૂરી શૈક્ષણિક વ્યવસાયી માહિતી અને માર્ગદર્શન મેળવ્યું હતું જયારે રાજ્યભરમાંથી ૧૦૮૯૦ વિદ્યાર્થીઓએ પત્ર દ્વારા જરૂરી માહિતી મેળવી હતી.

**કારકીર્દી પરિષદ અને કારકિર્દી સપ્તાહ :**

શિક્ષણ ખાતા અને રોજગાર ખાતાના સંયુકત સહકારથી કારકીર્દી આયોજન સપ્તાહની ઉજવણી જિલ્લાકક્ષા અને તાલુકા કક્ષાએ રાજ્યના વિવિધ સ્થળોએ યોજવામાં આવ્યા હતા. જેમાં વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો અને સંસ્થાના સભ્યો દ્વારા કારકિર્દી વાર્તાલાપો, પ્રદર્શન, ફિલ્મદર્શન, ચર્ચા, નિબંધ, સ્પર્ધા, મોક ઈન્ટરવ્યું, ઔદ્યોગિક મુલાકાતો વગેરે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

**મનોવૈજ્ઞાનિક કસોટી અને સલાહકાર સેવા:**

સંસ્થામાં રૂબરૂ આવીને ૧૪૭ વિદ્યાર્થીઓએ પોતાની જાતને મનોવૈજ્ઞાનિક રીતે ઓળખવામાં વિવિધ મનોવૈજ્ઞાનિક કસોટીઓ દ્વારા સલાહ સેવા મેળવી હતી.

રાજ્યની ૫૩ માધ્યમિક શાળાઓના ૩૫૪૦ વિદ્યાર્થીઓની સમુહમાં જુદી જુદી કસોટીઓ લઈને,મનોવૈજ્ઞાનિક રીતે અર્થઘટન દ્વારા સલાહ સૂચન આપવામાં આવ્યું હતું.

**પ્રચારાત્મક મુલાકાતો :**

સંસ્થાના સભ્યોએ રાજ્યની ૪૦૦ જેટલી શૈક્ષણિક સંસ્થાઓ અને આ ક્ષેત્ર સાથે સંકળાયેલી વિવિધ સંસ્થાઓની મુલાકાત લીધી હતી અને માર્ગદર્શન પ્રવૃત્તિને વેગવાન બનાવવા જરૂરી ચર્ચા વિચારણા કરી હતી.

મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓ સાથે ૨૦૦ કારકીર્દી વાર્તાલાપો યોજવામાં આવ્યા હતા.

**પ્રકાશન :**

વર્ષ દરમ્યાન ચાર "માર્ગદર્શન" ત્રિમાસિક અંક નિયત સમયે પ્રકાશિત કરીને રાજ્યની બધી જ માધ્યમિક શાળાઓમાં મોકલી આપવામાં આવ્યા હતા.

ધો. ૧૦ અને ધો. ૧૨ પછી તેમજ ઉચ્ચ શિક્ષણના વિવિધ ક્ષેત્રો માટેના અભ્યાસક્રમો આપતી વિવિધ સંસ્થાઓની જરૂરી માહિતી સભર નીચેની માહિતી પત્રિકાઓ પ્રકાશિત કરવામાં આવી હતી.

૧-અ એસ. એસ. સી. પછી ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે મળતી સવલતો.

૧-બ રાજ્યમાં વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોની સવલતો.

૧૨ સ્નાતકો માટેના અભ્યાસક્રમો.

૩ રેડિયો એન્જીનીયરીંગ અને અનુસાંગિક ક્ષેત્રે પ્રાપ્ય અભ્યાસક્રમો.

૧૦ બી. એસસી (મેથ્સ અને ફીઝીકસ) સાથે પાસ થયેલા માટેના અભ્યાસક્રમો.

૨ ખેતીવાડી અને આનુસાંગિક ક્ષેત્રે મળતા અભ્યાસક્રમો.

૩૦ એસ. એસ. સી. ન થયેલાઓને મળતા અભ્યાસક્રમો કારકિર્દીઓ.

આ ઉપરાંત મોડેલ ટોક સીરીઝમાં અને માર્ગદર્શન પત્રિકાઓમાં નીચેની પત્રિકાઓ તૈયાર રવામાં આવી હતી.

- કારકિર્દીનું આયોજન.
- સમૂહ માર્ગદર્શન પ્રયુકિતઓ.
- પ્રાથમિક ક્ષેત્રે માર્ગદર્શન સેવાઓ.
- પ્રતિભાશાળી માટે માર્ગદર્શન.
- મંદબુધ્ધિવાળાઓને માટે માર્ગદર્શન.
- આપણા વ્યવસાય.

**પ્રકીર્ણ :**

સંસ્થાના સભ્યો આઇ.' ટી. આઈ. માં જુદા જુદા અભ્યાસક્રમમાં અપાતા પ્રવેશ એપ્ટીટયૂડ ટેસ્ટની કામગીરીમાં સક્રિય ભાગ લીધો હતો.

માહિતી એકત્રીકરણ માટે દેશની ૯૨૨ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓને વિનંતીપત્રો લખવામાં આવ્યા હતા.

વ્યવસાયીલક્ષી અભ્યાસક્રમોની જાણકારી અંગેની પેટા સમિતિમાં વ્યવસાયી માર્ગદર્શન અધિકારીએ સભ્ય સેક્રેટરીની કામગીરી બજાવી હતી અને અહેવાલ તૈયાર કરી સરકારશ્રીને સુપ્રત કરવામાં આવ્યો હતો.

આકાશવાણી અમદાવાદ દ્વારા "વ્યવસાયી માર્ગદર્શન શ્રેણી "ના ઉપક્રમે ચાર વાર્તાલાપો પ્રસારિત કરવામાં આવ્યા હતા.

અમદાવાદ મીલીટરી રાઈફલ એસોસીએશન દ્વારા યોજીત સંરક્ષણ પરિસંવાદમાં સક્રિય ભાગ લીધો હતો. આ અંગે વિશિષ્ટ પ્રકારની સંરક્ષણના ૧૦ પોસ્ટર્સ તૈયાર કરવામાં આવ્યા હતા.

અજમેર મુકામે તા. ૨૩મી મે, ૧૯૭૭ થી ૨૫મી મે, ૧૯૭૭ના સમય દરમ્યાન યોજાયેલ ઓલ ઈન્ડિયા એજ્યુકેશન એન્ડ વોકેશનલ ગાઈડન્સ સેમિનારમાં સંસ્થાના બે અધિકારીઓએ હાજરી આપી હતી.

જી. એ. ટી. બી. પ્રોજેક્ટ રાજ્યમાં હાથ ધરવા અંગે મહારાષ્ટ્ર રાજ્યની વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા મુંબઈની મુલાકાત લેવામાં આવી હતી.

એસ. એસ. સી. પછી ઉચ્ચ શિક્ષણ અને વ્યવસાયલક્ષી શિક્ષણની પત્રિકાઓ તૈયાર કરવામાં આવી હતી.

પોરબંદર, વિસનગરમાં એમજ અંકુર યોજીત એક્સપો ૭૭ માં રોટરી કલબ અને અન્ય સામુદાયિક સંસ્થાઓના સહકારથી વિશિષ્ટ પ્રકારના પ્રદર્શનના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

રાજ્યમાં પ્રકાશિત થતાં શૈક્ષણિક સામાયિકો જેવાં કે નૂતન શિક્ષણ, જીવન શિક્ષણ ઉદાન્ત શિક્ષણ, અભ્યાસક્રમ અને આયોજન, યુવક વિકાસ વગેરેમાં સંસ્થાના સભ્યોએ જરૂરી માહિતી પૂર્ણ ૧૦ લેખો આપ્યા હતા.

યુવક બોર્ડ અને મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી દ્વારા યોજીત માર્ગદર્શન સિબીરમાં સંસ્થાના સભ્યોએ સક્રિય સહકાર આપ્યો હતો.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સુશિક્ષિત બેરોજગાર યુવકો માટે સમાજ કલ્યાણ ખાતા તરફથી પાલનપુર મુકામે યોજાયેલ પરિસંવાદમાં વ્યવસાયી માર્ગદર્શન અધિકારીએ ભાગ લીધો હતો.

સર પી. ટી. મહિલા કોલેજ સૂરત મુકામે ધો. ૧૨ ની બહેનો માટે ઉચ્ચ શિક્ષણના પરિસંવાદમાં વ્યવસાયી માર્ગદર્શન અધિકારીએ હાજરી આપી હતી.

અમદાવાદ ઇલેક્ટ્રીક સીટી કં. માં ૨૬ વાણિજય એપ્રેન્ટીસની ભરતી પસંદગીમાં સંસ્થાએ ઉમેદવારોની પસંદગી મનોવૈજ્ઞાનીક કસોટી દ્વારા કરવામાં મદદ કરી હતી.

## ૨. શારિરીક શિક્ષણ.

રાજ્ય સારીરિક શિક્ષણ નિરીક્ષકની કચેરી, શિક્ષણ નિયામકશ્રીની કચેરીની સંલગ્ન કચેરી તરીકે કામ કરે છે. દરેક જિલ્લામાં એક નિરીક્ષકની નિમણૂંક કરવામાં આવેલ છે. અમદાવાદ જિલ્લો અને મહેસાણા જિલ્લો મોટો હોઈ તેમાં બે નિરીક્ષકોની નિમણૂંક કરવામાં આવેલ છે. પ્રાથમિક-કક્ષાના ધોરણ ૧ થી ૭ માં વ્યાયામ શિક્ષણ માટે રોજનો એક તાસ ફાળવવામાં આવે છે. માધ્યમિક-કક્ષાના ધોરણ ૮ અને ૯ માં સારીરિક શિક્ષણનો વિષય ફરજિયાત છે, ધોરણ ૧૦માં સ્વૈચ્છિક વિષય છે. મધ્યસ્થ સરકારના નેશનલ ફીટનેશ કોરના અભ્યાસક્રમ પ્રાથમિક, માધ્યમિક તેમજ શારીરિક શિક્ષણના તાલીમ સંસ્થાઓમાં ફરજિયાત દાખલ કરવામાં આવ્યો છે. જુદી જુદી કક્ષાએ વિદ્યાર્થીઓ રમત-ગમત અને ખેલકુદ સ્પર્ધામાં ભાગ લે છે.

દરેક જિલ્લામાં શારીરિક શિક્ષણનું કાર્ય વ્યવસ્થિત રીતે થાય તે માટે નિરીક્ષકો માધ્યમિક શાળાઓ, અધ્યાપન મંદિર અને શકય તેટલી પ્રાથમિક શાળાઓની મુલાકાત તેમજ નિરીક્ષણના કાર્ય કરે છે અને જરૂરી માર્ગદર્શન આપે છે.

લક્ષ્મીબાઈ નેશનલ કોલેજ ઓફ ફીઝીકલ એજ્યુકેશન, ગ્વાલિયરમાં બી. પી. ઈ. કોર્સમાં અભ્યાસ કરતા ગુજરાત રાજ્યના ૬ વિદ્યાર્થીઓને દરેકને પ્રોત્સાહન રૂપે રૂા. ૩૦૦ અને અનુ-સ્નાતકોનો અભ્યાસ કરતા એક વિદ્યાર્થીને રૂા. ૮૦૦ ની સ્કોલરશીપ એનાયત કરેલ છે.

આ ઉપરાંત સ્કાઉટીંગ અને ગાઈડીંગની પ્રવૃત્તિ, શાળામાં દાકતરી તપાસ, રાષ્ટ્રિય ક્ષમતા દળ યોજના, રાષ્ટ્રિય શારીરિક ક્ષમતા આંદોલન પ્રવૃત્તિ, નવવિધાન તાલીમ વર્ગો યોજવા અને રાષ્ટ્રિય કક્ષાએ યોજાયેલ હરિફાઈમાં ખેલાડીઓને મોકલવા વગેરે વિવિધ જાતની પ્રવૃત્તિઓ થાય છે.

## ૩. વાણિજ્ય શિક્ષણ

રાજ્યમાં વાણિજ્ય શિક્ષણ ચાર પ્રકારની સંસ્થાઓ દ્વારા આપવામાં આવે છે.

(૧) વાણિજ્ય કોલેજો યુનિવર્સિટી સાથે જોડાયેલ છે અને તેમાં ઉચ્ચત્તર માધ્યમિક તબકકા પછી ત્રણ વર્ષનો અભ્યાસક્રમ છે.

(૨) ધોરણ ૧૧ અને ૧૨ માં વાણિજ્ય પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વાણિજ્યના વિષયોનું શિક્ષણ આપવામાં આવે છે.

(૩) વાણિજ્ય અને વિવિધલક્ષી શાળાઓ સામાન્ય શિક્ષણનીસાથોસાથ વાણિજ્ય શિક્ષણના પૂર્વ વ્યવસાય અંગેનું શિક્ષણ ધોરણ ૮ થી ૧૦માં આપે છે. અહેવાલના વર્ષ અંતે વાણિજ્ય વિષયોનું શિક્ષણ આપતી માધ્યમિક શાળાઓની સંખ્યા ૧૧૪ હતી.

(૪) વાણિજ્ય સંસ્થાઓ લઘુલેખન, ટાઈપલેખન, એકાઉન્ટન્સી, વેચાણ કળા, સેક્રેટરીયલ પ્રેકટીસ વિગેરે વિષયોનું શિક્ષણ આપે છે. તે ઉપરાંત સરકારી વાણિજ્ય ડિપ્લોમાના અભ્યાસ-ક્રમના વિષયોનું પણ શિક્ષણ આપવામાં આવે છે. હેવાલના વર્ષ અંતે આવી ૨૪૭ સંસ્થાઓ હતી.

વાણિજ્ય શાળાઓના નિરીક્ષકની કચેરીનું મુખ્ય કામ વાણિજ્ય શાળાઓ તથા સંસ્થાઓનું નિરીક્ષણ કરવાનું તથા વાણિજ્ય સંસ્થાઓને માન્યતા આપવાનું છે. તે ઉપરાંત વાણિજ્ય શાળાઓ તથા સંસ્થાઓને અનુદાન આપવાની કામગીરી પણ કરવામાં આવી હતી. ચાલુ વર્ષ દરમ્યાન રાજ્યમાં આવેલ કુલ ૩૩ વાણિજ્ય શાળાઓ-સંસ્થાઓને રૂા. ૪૩૭૨.૫૦ નું અનુદાન આપવામાં આવેલ હતું.

૪. આશ્રમશાળાઓ :

અનુસૂચિત જનજાતિઓ અને અનુસૂચિત વિસ્તારોની રહેવાસીઓના બાળકોના શિક્ષણનો પ્રશ્ન અસરકારક રીતે હલ કરવાના ઉદ્દેશથી આશ્રમશાળા યોજના સને ૧૯૫૩--૫૪ થી અમલમાં છે. આશ્રમશાળાઓ રહેઠાણ સાથેની સંસ્થાઓ તરીકે કામ કરે છે. તેમાં ભણતાં બાળકોને જમવા અને રહેવાની સગવડ મફત આપવામાં આવે છે. તેમને બુનિયાદી શિક્ષણ આપવામાં આવે છે. સને ૧૯૭૭--૭૮ ના અંતે રાજયમાં ૧૭૫ આશ્રમશાળાઓ હતી.

આશ્રમશાળાની માહિતી નીચેના કોઠામાં આપવામાં આવે છે.

| અ. નં. | સંસ્થાનો પ્રકાર | સંસ્થાની સંખ્યા | ભણતાં બાળકોની રજિસ્ટ્રર સંખ્યા | રાજય સરકારે આપેલી ગ્રાન્ટ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧. | વિચરતી જાતિઓ માટેની આશ્રમ શાળા. | ૮ | ૭૮૦ | ૨.૦૦૦ |
| ૨. | વિમુકત જાતિ માટેની આશ્રમશાળા | ૧૨ | ૧૨૬૦ | ૨.૧૬ |
| ૩. | સફાઈ કામદારના બાળકો માટેની આશ્રમશાળા | ૫ | ૩૪૦ | ૪.૫૩ |
| ૪. | અનુસૂચિત જનજાતિઓ માંટેની આશ્રમશાળા. | ૧૩૨ | ૧૪૦૬૦ | ૧૨૬.૭૫ |
| ૫. | ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાઓ | ૧૮ | ૧૯૨૦ | ૧૧.૫૨ |
| | કુલ ... | ૧૭૫ | ૧૮૩૬૦ | ૧૪૬.૯૬ |

આશ્રમશાળાનું સંચાલન વ્યવસ્થિત રીતે થાય છે અને તેમને જરૂરી માર્ગદર્શન મળી રહે છે. તે માટે રાજયકક્ષાના બે આશ્રમ શાળાધિકારીશ્રીઓ છે તેમની કચેરી સુરત અને અમદાવાદમાં રાખવામાં આવી છે. આ બંન્ને આશ્રમ શાળાધિકારીઓને આશ્રમશાળાના નિરીક્ષણની કામગીરી સોંપવામાં આવી છે.

### ૫. શિષ્યવૃત્તિઓ :

### (૧) આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓની ફી માફી :

#### (૧). માધ્યમિકશાળા માટે :

સને ૧૯૬૯--૭૦ ની સાલથી ગુજરાત રાજ્યમાં કન્યાઓની ફી માફી આપવામાં આવેલ અને ત્યારબાદ સને ૧૯૭૨--૭૩ થી માધ્યમિક કક્ષાએ સર્વે બાળકોની ફી માફી આપવાનું સરકારશ્રીએ ઠરાવેલું છે તે મુજબ હાલમાં રાજ્યમાં માધ્યમિક કક્ષાએ બાળકોને ફી માફી આપેલ છે.

#### (૨) ઉચ્ચ શિક્ષણ :

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અગાઉ એટલે કે ૧૯૭૨--૭૩ પૂર્વે ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના મા બાપ કે વાલીની વાર્ષિક આવક રૂ. ૯૦૦ નીચે હોય તેવા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે ટ્યુશન ફી માફી આપવામાં આવી હતી. ત્યારબાદ એટલે કે ૧૯૭૨--૭૩ ના વર્ષથી વધુમાં વધુ આ યોજના વધુ (સરલ) લીબરલ બનાવી જે વિદ્યાર્થીના વાલીની આવક રૂા. ૨૪૦૦ સુધીની હોય તેવા વિદ્યાર્થીઓ છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ૫૦ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કર્યા હોય તેવા વિદ્યાર્થીઓને આખી ફી માફી આપવામાં આવે છે અને ૫૦ ટકાથી ઓછા ગુણ મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીઓને (અર્ધી માફી) ટ્યુશન ફી માફી આપવામાં આવે છે. આ અનુસાર ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે છેલ્લા બે વર્ષ દરમ્યાન આ યોજનાનો લાભ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા અને ખર્ચ નીચે મુજબ છે. ૧૯૭૬--૭૭ ના વર્ષથી જે વિદ્યાર્થીઓના વાલીની વાર્ષિક આવક રૂા. ૩૬૦૦ સુધીની હોય તેઓને લાભ આપવાનું ઉપરોકત યોજના નીચે સરકારશ્રીએ ઠરાવેલ છે. આ ઉપરાંત સને ૧૯૭૭--૭૮ ના વર્ષથી સરકારશ્રીના ઠરાવ નં. ઈબીસી--૧૦૭૭/૩૨૭૮૨/ઘ, તા. ૨૯મી જુન, ૧૯૭૭ થી હાંયર સેકન્ડરીના ધોરણ ૧૨માં અભ્યાસ કરતાં બાળકોને પણ ઈબીસી ફી માફીનો લાભ આપવાનું સરકારશ્રીએ ઠરાવેલ છે જે અન્વયે સને ૧૯૭૭---૭૮ થી લાભ આપવામાં આવેલ છે.

| વર્ષ | ઉચ્ચ શિક્ષણ કોલેજના લાભ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા | વાર્ષિક ખર્ચ |
|---|---|---|
| ૧૯૭૫--૭૬ | ૪૭૦૦૦ | ૯૭૦૦૦૦૦ |
| ૧૯૭૬--૭૭ | ૪૮૨૭૦ | ૧૦૧૪૮૬૮૦ |
| ૧૯૭૭--૭૮ | ૪૯૭૩૭ | ૧૨૦૮૬૯૮૦ |

**(૩) રાજકીય ક્ષેત્રે સહન કરનાર વ્યકિતઓના બાળકોને શૈક્ષણિક સવલતો.**

આપણા દેશની રાષ્ટ્રિય આઝાદીની લડતમાં ભાગ લીધેલ હોય અને તેના લડવૈયાઓને સહન કરવું પડયું હોય તેવી વ્યકિતઓના બાળકોના ઉચ્ચ શિક્ષણ માટે સને ૧૯૬૩--૬૪ થી શિષ્યવૃત્તિ વૃત્તિકા સ્ટાઈપેન્ડ તથા પુસ્તકો અને નાણાંકીય સહાય સરકાર તરફથી આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા તથા ખર્ચની હકીકત નીચે મુજબ છે. ૧૯૭૬-૭૭-ના વર્ષથી આ યોજના નીચે લાભ મેળવવા માટે વિદ્યાર્થીનો વાલીની આવક મર્યાદા રૂા. ૪૮૦૦/- સરકારશ્રીએ ઠરાવેલ છે.

| વર્ષ | સંખ્યા | વૃત્તિકા | પુસ્તકો | શિષ્યવૃત્તિ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧૯૭૫--૭૬ | ૧૮૦ | ૩૯૫૦૦ | ૩૨૦૦૦ | ૬૮૫૦૦ | ૧૪૦૦૦૦ |
| ૧૯૭૬--૭૭ | ૨૯૧ | ૧૦૫૫૯૩ | ૧૮૦૫૨ | ૪૭૮૨૭ | ૧૭૨૪૭૨ |
| ૧૯૭૭--૭૮ | ૨૭૬ | ૮૩૭૬૫ | ૧૮૦૨૦ | ૪૭૯૬૬ | ૧૪૯૭૫૧ |

**(૪) બર્મા, સિલોન, પોર્ટુગીઝથી પાછા ફરેલા હિન્દીઓના બાળકોને શૈક્ષણિક સવલતો.**

આ યોજના નીચે ઉપરોકત દેશોમાંથી પાછા ફરેલા હિન્દીઓના વસવાટની કલ્યાણકારી યોજના રહેઠાણ તેમના બાળકોને શૈક્ષણિક સવલતો આપવાનું સને ૧૯૬૩--૬૪ થી શરૂ કરવામાં આવેલ છે અને તે મુજબ છેલ્લા બે વર્ષ દરમ્યાન આ યોજનાનો લાભ લેનાર વિદ્યાર્થીઓની વિગત નીચે મુજબ છે :—

| વર્ષ | બર્મા | | સીલોન | | પોર્ટુગીઝ | |
|---|---|---|---|---|---|---|
| | વિદ્યાર્થી સંખ્યા | ખર્ચ | વિદ્યાર્થી સંખ્યા | ખર્ચ | વિદ્યાર્થી સંખ્યા | ખર્ચ |
| ૧૯૭૫--૭૬ | ૪૪ | ૨૦૦૦૦ | ... | ... | ૭ | ૨૩૦૦ |
| ૧૯૭૬--૭૭ | ૧૯ | ૮૪૬૦ | ... | ... | ૧ | ૨૩ |
| ૧૯૭૭--૭૮ | ૨૨ | ૬૫૮૧ | | ... | ૬ | ૩૩૩ |

## (૫) બિન-સરકારી કોલેજોને માફી.

બિન સરકારી આર્ટસ, સાયન્સ, કોમર્સ અને એજ્યુકેશન કોલેજોની વિદ્યાર્થીઓની સંખ્યા-માંથી અન્ય જાતની તમામ શૈક્ષણિક સવલતો મેળવતા વિદ્યાર્થીઓની સંખ્યા બાદ કરતાં બાકી રહેતી સંખ્યાના પાંચ ટકા પ્રમાણે સરકારશ્રી તરફથી ૧૯૭૭--૭૮ ના વર્ષથી ફી માફીની યોજના મંજુર કરવામાં આવી છે. આ યોજનાના નિયમ પ્રમાણે જે વાલીનો એક બાળક કોલેજમાં અભ્યાસ કરતો હોય તેમની વાર્ષિક આવક રૂા. ૪૮૦૦/- અને એક કરતાં વધુ બાળકો કોલેજમાં અભ્યાસ કરતાં હોય તો તેવા વાલીની વાર્ષિક આવક રૂા. ૭૨૦૦/-ની મર્યાદામાં રહી ગુણવત્તાના ધોરણે ફી માફી આપવામાં આવે છે, આ ફી માફી મંજુર કરવા માટે એક કમિટી હોય છે અને સામાન્ય રીતે ગુજરાત રાજ્યના વતની હોય તેને આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

| વર્ષ | લાભ લેતાં વિદ્યાર્થીઓની સંખ્યા | ખર્ચ |
|---|---|---|
| ૧૯૭૫--૭૬ | ૨૯૯૬ | ૯,૬૧,૩૮૫ |
| ૧૯૭૬--૭૭ | ૨૮૨૬ | ૯,૦૭,૨૦૩ |
| ૧૯૭૭--૭૮ | ૪૨૧૬ | ૧૬,૦૮,૬૭૨ |

## (૬) ઉચ્ચ અભ્યાસ માટેની શિષ્યવૃત્તિ.

ગુજરાત રાજ્યમાં ઉચ્ચ અભ્યાસ માટે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસ માટે આર્થિક સહાય આપવાના હેતુથી સને ૧૯૬૨--૬૩ના વર્ષથી શિષ્યવૃત્તિની યોજના દાખલ કરેલ છે. આ શિષ્યવૃત્તિ માસિક રૂા. ૩૦/- થી માંડી રૂા. ૫૦/- સુધીના દરે જુદા જુદા અભ્યાસક્રમને લક્ષમાં લઈ આપવામાં આવે છે અને તે સ્નાતક, અનુસ્નાતક અને ડિપ્લોમા કોર્સના અભ્યાસક્રમ માટે ગુણવત્તાના ધોરણે વાલીની આવક રૂા. ૧૨,૦૦૦ થી ઓછી હોય તેવા વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. રાજ્ય સરકાર તરફથી આ યોજના હેઠળ ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ લાભ મેળવે છે અને સારો એવો ખર્ચ રાજ્ય કરે છે. આ યોજના હેઠળ લાભ લેતાં વિદ્યાર્થીઓની સંખ્યા અને ખર્ચ અંગેની માહિતી નીચે પ્રમાણે છે.

| વર્ષ | વિદ્યાર્થીઓની સંખ્યા | ખર્ચ (રૂપિયા) |
|---|---|---|
| ૧૯૭૫--૭૬ | ૧૫૭૬ | ૯,૫૯,૩૨૦ |
| ૧૯૭૬--૭૭ | ૨૪૭૮ | ૯,૩૯,૪૩૦ |
| ૧૯૭૭--૭૮ | ૩૨૭૪ | ૧૦,૯૫,૪૭૭ |

**(૭) આંતર રાજ્ય શિષ્યવૃત્તિ (ઈન્ટર સ્ટેટ સ્કોલરશીપ).**

ગુજરાત રાજ્ય તરફથી સને ૧૯૬૩--૬૪ થી આ યોજના શરૂ કરવામાં આવેલ છે. જે વિદ્યાર્થી ગુજરાત રાજ્યના વતની હોય અને ગુજરાત બહાર બીજા રાજ્યમાં ઉચ્ચ અભ્યાસ કરતાં હોય તેવા વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ મેળવી શકે છે. વિદ્યાર્થીઓને માસિક રૂા. ૧૦૦ના દરે આ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. અને એકંદર આવી શિષ્યવૃત્તિની સંખ્યા ૩૦ની છે. સને ૧૯૭૫--૭૬ દરમ્યાન રૂા. ૨૪,૨૦૦/-અને સને ૧૯૭૬-૭૭ દરમ્યાન રૂા. ૨૦,૩૦૦ નું ખર્ચ આ યોજના હેઠળ ગુજરાત સરકારે કરેલ છે. સને ૧૯૭૭-૭૮ નો ખર્ચ રૂા. ૨૪,૮૦૦ નો થયેલ છે..

(૮) રાષ્ટ્રીય લોન શિષ્યવૃત્તિ અને શિક્ષકોના બાળકોને અપાતી શિષ્યવૃત્તિ અંગે રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ :

કેન્દ્ર સરકાર તરફથી તેજસ્વી વિદ્યાર્થી તેની નબળી આર્થિક સ્થિતિને કારણે ઉચ્ચ અભ્યાસ કરતો અટકી ન જાય તેવા આશયથી રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ યોજના ત્રીજી પંચવર્ષીય યોજના દરમ્યાન દાખલ કરવામાં આવેલ. જે ચોથી પંચવર્ષીય યોજનામાં ચાલુ રાખવામાં આવેલ છે. આ રાષ્ટ્રિય શિષ્યવૃત્તિનો લાભ ગુજરાતના વિદ્યાર્થીઓને પણ આપવામાં આવે છે અને તે ગુણવત્તાના ધોરણે એનાયત કરવામાં આવે છે. આ રાષ્ટ્રીય શિષ્યવૃત્તિઓ ત્રણ પ્રકારની છે અને તે માસિક રૂા. ૫૦/- થી માંડી રૂા. ૧૨૫/- સુધી જુદા જુદા દરે અભ્યાસક્રમને લક્ષમાં લઈ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસ માટે આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેતા વિદ્યાર્થીઓની સંખ્યાને ખર્ચની વિગત નીચે પ્રમાણે છે.

| શિષ્યવૃત્તિનું નામ | વર્ષ | વિદ્યાર્થીની સંખ્યા રીન્યુ | નવા | કુલ | ખર્ચ રૂા. |
|---|---|---|---|---|---|
| ૧. રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ | ૧૯૭૫--૭૬ | ૧૫૦૦ | ૭૨૮ | ૨૨૨૮ | ૨૪,૯૯,૯૧૫ |
| | ૧૯૭૬--૭૭ | ૨૨૦૦ | ૮૧૨ | ૩૦૧૨ | ૨૬,૭૪,૯૭૬ |
| | ૧૯૭૭--૭૮ | ૨૨૬૮ | ૭૧૮ | ૨૯૮૬ | ૨૭,૨૯,૭૦૫ |
| ૨. રાષ્ટ્રીય લોન શિષ્યવૃત્તિ | ૧૯૭૫--૭૬ | ૧૪૦૦ | ૯૮૮ | ૨૩૮૮ | ૧૮,૫૭,૪૯૦ |
| | ૧૯૭૬--૭૭ | ૧૫૪૧ | ૯૧૧ | ૨૪૫૨ | ૧૮,૭૫,૮૨૦ |
| | ૧૯૭૭--૭૮ | ૧૫૮૫ | ૯૨૬ | ૨૫૧૧ | ૧૯,૩૯,૭૬૦ |
| ૩. શિક્ષકોના બાળકોને રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ | ૧૯૭૫--૭૬ | ૧૪૫ | ૨૫ | ૧૭૦ | ૯૮,૪૦૦ |
| | ૧૯૭૬--૭૭ | ૧૪૦ | ૩૭ | ૧૭૭ | ૧૦૧,૪૪૫ |
| | ૧૯૭૭--૭૮ | ૧૬૧ | ૩૭ | ૧૯૮ | ૧,૦૯,૮૨૦ |

છઠ્ઠા નાણાં પંચની ભલામણ અનુસાર ૧૯૭૪-૭૫ના વર્ષથી આ યોજનાનો ખર્ચ રાજ્ય સરકારે ભોગવવાનો રહે છે અને તે અનુસાર ૧૯૭૫-૭૬ થી રાજ્ય સરકારે પોતાના બજેટ-માંથી આ ખર્ચ કરેલ છે. કેન્દ્ર સરકાર વધારાની જે બેઠકો થાય તેનો ખર્ચ ભોગવશે. બાકીનો ખર્ચ રાજ્ય સરકારે ભોગવવાનો રહેશે.

### (૯) ગુજરાત રાજ્ય વ્યાજ મુકત લોન શિષ્યવૃત્તિ

ભારત સરકારની રાષ્ટ્રીય લોન શિષ્યવૃત્તિની યોજનાની પૂરક યોજના તરીકે ગુજરાત સરકારે પોતાની વ્યાજ મુકત લોન શિષ્યવૃત્તિ યોજના સને ૧૯૬૯ની સાલથી શરૂ કરેલ છે. આ શિષ્ય-વૃત્તિ ફકત ગુજરાત રાજ્યમાં અભ્યાસ માટે એસ. એસ. સી. પરીક્ષા પછીના ઉચ્ચ અભ્યાસ માટેની છે અને વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક રૂા. ૬૦૦૦/- કરતાં ઓછી હોય અને છેલ્લી વાર્ષિક પરીક્ષામાં તેમને ૫૦ ટકાથી વધુ ગુણ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓને મળી શકે છે. છેલ્લા બે વર્ષ દરમ્યાન આ યોજનાનો લાભ લેનાર વિદ્યાર્થીની સંખ્યા અને ખર્ચ નીચે મુજબ છે:—

| વર્ષ | વિદ્યાર્થી સંખ્યા | ખર્ચ |
|---|---|---|
| ૧૯૭૫--૭૬ | ૫૨૬ | ૬૩૩૧૦૦ |
| ૧૯૭૬--૭૭ | ૧૪૫૪ | ૮૬૦૯૦૦ |
| ૧૯૭૭--૭૮ | ૨૦૮૨ | ૯૭૫૦ |

### (૧૦. શ્રી. જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી, ન્યુ દિલ્હી, માટેની શિષ્યવૃત્તિ.

આંતરરાષ્ટ્રિય બાબતોના પી. એચ. ડી. (સંશોધન) ઉચ્ચ અભ્યાસક્રમ માટે આ શિષ્યવૃત્તિઓ એનાયત કરવામાં આવે છે. આ સંસ્થાના સંચાલક ગુજરાત રાજ્યમાં રહેતા મા-બાપ/વાલાના હોંશીયાર વિદ્યાર્થીઓના નામના ભલામણ કરે છે. જે પૈકી ગુજરાત રાજ્યના શિક્ષણ નિયા-મકશ્રી સાથે મસલત કરીને એક વિદ્યાર્થીને પસંદ કરવામાં આવે છે. જવાહરલાલ નહેરૂ યુનિ. નવા દિલ્હીમાં આ રીતે પસંદ થયેલ વિદ્યાર્થીને પી. એચ. ડી. (સંશોધન) અભ્યાસક્રમ માટે રૂ. ૩૦૦ની માસિક એક શિષ્યવૃત્તિ ત્રણ વર્ષ માટે એનાયત કરવામાં આવે છે.

ઉપરોકત યુનિવર્સિટીમાં પસંદ થયેલ વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ ઉપરાંત કન્ટિજન્ટ ખર્ચ પેટે વાર્ષિક રૂા. ૧૦૦૦ના કન્ટીજન્ટ ગ્રાન્ટ આપવામાં આવે છે. સદર યુનિ. માં ૧૯૭૬-૭૭માં એક વિદ્યાર્થીની અરજી આવેલ હતી. તે પૈકી રૂા. ૧૮૦૦ શિષ્યવૃત્તિના અને રૂા. ૧૦૦૦ કન્ટી-જન્સી ગ્રાન્ટ પેટે ખર્ચ થયેલ છે. જ્યારે ૧૯૭૭-૭૮માં એક વિદ્યાર્થીની અરજી આપેલી અને તે પેટે રૂા. ૨૧૩૦ શિષ્યવૃત્તિનો અને રૂા. ૧૦૦૦ કન્ટીજન્સી ગ્રાન્ટ તરીકેનો ખર્ચ થયો છે. ૧૯૭૬-૭૭માંના વિદ્યાર્થીએ અભ્યાસ ચાલુ રાખ્યો હોવાથી તેમને રૂા. ૧૭૩૨ ની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવેલ છે.

**(૧૧) રાજેન્દ્ર ટ્રેનીંગ શીપમાં તાલીમ માટેની શિષ્ય વૃત્તિ.**

વ્યાપારી નૌકાના અધિકારી વર્ગ માટે રાજેન્દ્ર ટ્રેનીંગ જહાજ ઓફ ફેરી વોલ્ફ, મુંબઈ ૪૦૦૦૦ ઉપર તાલીમ આપવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં કાયમી રહેવાસી હોય તેવા વાલી/મા-બાપના છોકરાઓ સદર ટ્રેનીંગમાં દાખલ થાય તેને માસિક રૂ. ૭૫/ના દરેથી ગુજરાત સરકારની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આવી શિષ્યવૃત્તિ છ વિદ્યાર્થીઓની મર્યાદામાં માસિક રૂ. ૭૫/ના દરેથી એક વર્ષ માટે આપવાની જોગવાઈ છે. ૧૯૭૫-૭૬માં ચાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપતા રૂ. ૩૪૯૦/નો ખર્ચ થયેલ છે. જ્યારે ૧૯૭૬-૭૭ના વર્ષમાં ત્રણ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપતા રૂ. ૧,૧૦૫નો ખર્ચ થયેલ છે. ૧૯૭૭-૭૮ના વર્ષમાં બે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપતા રૂ. ૮૮૩/નો ખર્ચ થયેલ છે.

**(૧૨) વનસ્થલી વિદ્યાપીઠ ખાતે અભ્યાસ કરતી ગુજરાત રાજ્યની વિદ્યાર્થીનીઓ માટેની શિષ્યવૃત્તિ.**

જે વિદ્યાર્થીનીઓની વાલી/મા-બાપ ગુજરાત રાજ્યમાં કાયમી વસતા હોય અને તેઓ વનસ્થલી વિદ્યાપીઠ રાજસ્થાનમાં અભ્યાસ કરતી હોય તેમને પોસ્ટ ગ્રેજ્યુએટના અભ્યાસક્રમ માટે માસિક રૂ. ૧૦૦/ના દરેથી બે વર્ષના સમય માટેની બે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ માટે વાલીની આવક રૂ. ૬૦૦૦થી વધુ ન હોવી જોઈએ. આ શિષ્યવૃત્તિ માટે છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ વિદ્યાર્થીની શિષ્યવૃત્તિને પાત્ર થતી નથી જેથી આ અંગેનો ખર્ચ પણ થયો નથી.

ઉપરોકત શિષ્યવૃત્તિઓના લાભ લેનાર વિદ્યાર્થીઓ તેમજ શિષ્યવૃત્તિની રકમ પરિશિષ્ટ-૫માં આપેલ છે.

**(૧૩). રાજ્ય પરીક્ષા બોર્ડ.**

શિક્ષણ ખાતા દ્વારા લેવાતી પરીક્ષાઓમાં એક સુત્રતા જળવાય અને પરીક્ષાઓનું સંચાલન સરળ થાય તે હેતુથી સરકારશ્રીના શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ ક્રમાંકઃ મીસે/૧૦૬૩/એલ, તા. ૪થી નવેમ્બર, ૧૯૬૬ અન્વયે રાજ્ય પરીક્ષા બોર્ડની સ્થાપના કરવામાં આવી અને તે આધારે રાજ્ય પરીક્ષા બોર્ડની કચેરી અલગ ૧લી માર્ચ, ૧૯૬૭થી અસ્તિત્વમાં આવી. પરીક્ષા બોર્ડ પ્રારંભમાં પોતાની કામગીરી પ્રથમ ૩૬ પરીક્ષાઓથી આરંભી હાલના તબક્કે અત્રે કુલ ૪૨ પરીક્ષાઓનું સંચાલન થાય છે. દરેક પરીક્ષાઓના ઉમેદવારોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો રહે છે. સને ૧૯૭૭-૭૮ના વર્ષમાં આ બોર્ડ દ્વારા લેવાયેલી પરીક્ષાઓમાં કુલ કેટલા કેન્દ્રોમાં કેટલા ઉમેદવારો ઉપસ્થિત થયા અને કેટલા ઉત્તીર્ણ થયા તેની વિગત આ સાથેના પરિશિષ્ટ-૪માં દર્શાવવામાં આવેલી છે.

વર્ષના લગભગ પ્રત્યેક માસમાં કોઈને કોઈ પરીક્ષા લેવામાં આવતી હોય પરીક્ષાની સમયાંકિત કામગીરીમાં કચેરીનો સ્ટાફ સતત પ્રવૃત્તિશીલ રહે છે. આ બોર્ડ દ્વારા લેવામાં આવતી વિવિધ પરીક્ષાઓમાં નીચે પ્રમાણેની શિષ્યવૃત્તિ પરીક્ષાઓ લેવામાં આવે છે.

(૧) હાઈસ્કુલ શિષ્યવૃત્તિ પરીક્ષા.

સદરહુ પરીક્ષામાં ધોરણ-૭માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત થઈ શકે છે. પરીક્ષામાં સફળ થનાર ઉમેદવારના વાલીની વાર્ષિક આવક રૂા. ૪૮૦૦ થી વધુ હોય તેમને શિષ્યવૃત્તિને બદલે માન દ્ પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ શિષ્યવૃત્તિ માટે ૨૨૭ સેટ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મિડલ સ્કુલ શિષ્યવૃત્તિ પરીક્ષા.

આ પરીક્ષામાં ધોરણ-૪ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત થઈ શકે છે. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓના વાલીની વાર્ષિક આવક રૂા. ૪૮૦૦ થી વધુ હોય તેમને શિષ્યવૃત્તિને બદલે માનદ પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ પરીક્ષા માટે ૨૪૨ સેટ મંજૂર કરવામાં આવેલ છે.

(૩) ગ્રામ વિસ્તારની રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પરીક્ષા.

ગ્રામ વિસ્તારની ધોરણ-૭ ની શાળામાં એક વર્ષથી અભ્યાસ કરતો વિદ્યાર્થી આ પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકે છે. પ્રતથમ તેમજ દ્વિતિય કસોટીમાંથી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને ગુણાનુક્રમે ગોઠવી શિષ્યવૃત્તિનો એવોર્ડ જાહેર કરવામાં આવે છે. સદરહુ શિષ્યવૃત્તિ માટે કુલ ૭૫૦ શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવેલ છે.

(૪) ટ્રાયબલ શિષ્યવૃત્તિ પરીક્ષા.

રાજ્ય સરકારે જાહેર કરેલ ૩૨ ટ્રાયબલ તાલુકાના પછાત વિસ્તારમાં રહીને ધોરણ-૭માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકે છે. આ પરીક્ષા માટે કુલ ૧૯૨ શિષ્યવૃત્તિઓ ફાળવવામાં આવેલ છે.

(૫) ભારત સરકારની આવાસી શિષ્યવૃત્તિ.

આ પરીક્ષાનું સંચાલન ભારત સરકાર વતી રાજ્ય સરકાર કરે છે અને પરીક્ષા સંચાલનનું ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે. શિષ્યવૃત્તિને પાત્ર ઉમેદવારને ભારત સરકાર દ્વારા શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવે છે. આ પરીક્ષામાં ૧૧ થી ૧૨ વર્ષ સુધીની વયમર્યાદાવાળા વિદ્યાર્થીઓ ઉપસ્થિત થઈ શકે છે. ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીના વાલીની આવક રૂા. ૫૦૦/- (માસિક) કે તેથી ઓછી હોય તેવા વિદ્યાર્થી પસંદ થયેલ શાળામાં અભ્યાસ કરે તો શિક્ષણ અંગેનું તમામ ખર્ચ તેમજ ભોજનાલય ખર્ચ ભારત સરકાર ભોગવે છે.

ચાલુ સાલે ઉચ્ચ કલાના પરીક્ષાર્થીઓએ તૈયાર કરેલ ચિત્રોમાંથી પસંદ કરેલ ચિત્રોનું ઉચ્ચ-કલાનું પ્રદર્શન પાલનપુર મુકામે યોજવામાં આવ્યું હતું.

આ બોર્ડ દ્વારા લેવામાં આવતી વિવિધ પ્રકારની પ્રત્યેક પરીક્ષાઓ માટે વિશિષ્ટ પ્રકારના અલગ અલગ નિયમો હોવા છતાં એક સૂત્રતાના ધોરણે અથાગ પ્રયત્ન કરી પરીક્ષા કામગીરી પૂર્ણ કરવામાં આવે છે.

## (૭) એન. સી. સી. અને રાષ્ટ્રિયસેવા યોજના.

એન. સી. સી. આ વર્ષ દરમ્યાન કેડેટ અને સંસ્થાઓની સંખ્યા નીચે મુજબ રહી હતી.

| | સીનીયર ડીવીઝન | | જુનીયર ડીવીઝન. | |
|---|---|---|---|---|
| | છોકરાઓ | છોકરીઓ | છોકરાઓ | છોકરીઓ |
| (૧) કુલ સંખ્યા | ૨૨૮૩૧ | ૨૯૬૦ | ૨૪૮૭૩ | ૩૭૩૨ |
| (૨) એ. ટી. સી. ઉપર કુલ કેડેટસ | ૬૩૪૬ | ૧૧૨૬ | કુલ ૭૪૭૨ | |
| | પુરૂષ | સ્ત્રી | | કુલ |
| (૩) એ. ટી. સી. ઉપર કુલ ઓફીસર. | ૩૪૬ | ૪૮ | | ૩૯૪ |
| (૪) કુલ પ્રી. કમીશન ઉપર પ્રતિનિયુક્તિ થયેલ અધિકારીઓ. | ૯ | ૪ | | ૧૩ |
| (૫) રીફ્રેસર્સ કોર્સ | ... | ... | | ... |

અહેવાલના વર્ષ દરમ્યાન નીચેની પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી:—

(૧) એન. સી. સી. દિનની ઉજવણી, (૨) સામાજિક સેવાઓ, (૩) રકતદાન, (૪) સાહસિક પ્રવૃત્તિઓ, (૫) સેમિનાર, (૬) રમતગમત હરિફાઈ.

**રાષ્ટ્રિય સેવા યોજના..**—રાષ્ટ્રીય સેવા યોજના અંશત: કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. આ યોજના ૧૯૬૯-૭૦ના વર્ષથી ગુજરાત રાજ્યમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં દાખલ કરવામાં આવેલ છે.

(૧) રાષ્ટ્રીય સેવા યોજના અંગે રાજ્યની યુનિ. ઓ. ૮ રાજ્યની
૧ રાજ્ય બહારની.

કુલ ૯

(૨) રાષ્ટ્રીય સેવા યોજના દાખલ કરેલ કોલેજો. ૧૩૯

(૩) રાષ્ટ્રીય સેવા યોજના અંગે.

| | મંજૂર કરેલ સંખ્યા | આવરવામાં આવેલ સંખ્યા |
|---|---|---|
| (અ) વિદ્યાર્થીઓ | ૨૦,૦૦૦ | ૧૯,૩૮૮ |
| (બ) શિબિરાર્થીઓ | ૧૦,૦૦૦ | ૯,૭૭૨ |

(૪) શિબિરો ૧૮૬

(૫) ભાવ લેવાના વર્ષ ૨

(૬) કુલ ખર્ચ રૂા. ૧૨,૧૬,૬૮૨.

(૭) ઉદ્દેશો :

(૧) વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીયતાની ભાવના જાગ્રત કરવી.

(૨) પોતે જેના નિરાકરણમાં સહાયભૂત થઈ શકે તેવા વિવિધ વાસ્તવિક સામાજિક પ્રશ્નો અને પરિસ્થિતિઓથી વિદ્યાર્થીઓને સભાન બનાવવા.

(૩) વિદ્યાર્થીઓના અવકાશનો સમય, તેમની વિવિધ શકિતઓ તેમજ આવડતોનો રાજય અને સમાજના હિતમાં ફળદાયી ઉપયોગ કરવા માટે સુવ્યવસ્થિત, સુયોજિત અને સંગઠીત સ્વરૂપે પ્રવૃત્તિઓ અને તકો પુરી પાડવી.

(૪) તે દ્વારા વિદ્યાર્થીઓની શકિતઓ, જ્ઞાન અને આવડતોના વિકાસની સાથે તેમનામાં સામાજિક સેવા પ્રત્યે રસ રૂચી, ઈચ્છા તેમજ સામાજિક જવાબદારીની ભાવના વિકસાવવી.

(૫) તંદુરસ્ત, સમાજજીવન માટે વિદ્યાર્થીઓમાં નૈતિક હિંમત, નિયમિતતા અને પ્રમાણિકતા જેવા ગુણો કેળવવા.

(૮) મુખ્ય પ્રવૃત્તિઓ :

(૧) જમીન સુધારાણા.

(૨) બિન નિયમસરનું શિક્ષણ અને આનંદ વિનોદ.

(૩) વધારે સારી પરિસ્થિતિ કરવી.

(૪) જંગલ અને વૃક્ષારોપણ.

(૫) કરકસર યુકિત પ્રગતિ.

(૬) કુટુંબ અને બાળકોની કાળજી.

(૮) પ્રાચ્ય ભાષા.—અહેવાલના વર્ષ દરમ્યાન ૩૧ પાઠશાળાઓ હતી. રાજયમાં સંસ્કૃતના ઉચ્ચ અભ્યાસ માટે બે સંસ્થાઓની હતી.

(૧) ઓરીએન્ટલ ઈન્સ્ટીટયૂટ, વડોદરા.

(૨) સંસ્કૃત મહાવિદ્યાલય, વડોદરા.

આ સંસ્થાઓ પર કુલ રૂા. ૩.૯૩ લાખનું ખર્ચ થયું હતું.

એસ. સી. સી. બોર્ડની પરીક્ષામાં પ્રાચ્યભાષાનો વિષય લઈને બેઠા હતા તેની વિગત નીચે છે.

| વર્ષ | વિષય | જુની એસ. સી. સી. ઉમેદવારો બેઠા | જુની એસ. સી. સી. ઉમેદવારો પાસ થયા | નવી એસ. સી. સી. ઉમેદવારો બેઠા | નવી એસ. સી. સી. ઉમેદવારો પાસ થયા. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| માર્ચ-એપ્રિલ, ૧૯૭૭. | સંસ્કૃત | ૮૨૬૮ | ૨૬૭૨ | ૭૭૬૮૧ | ૫૯૬૫૪ |
| | એરેબિક | ૩ | ૨ | ૨૩ | ૧૯ |
| | અર્ધ માગધી | ૧૯ | ૧૨ | ૩૭૧ | ૨૮૬ |
| | પર્શીયન | ૧૯૪ | ૧૨૪ | ૨૨૯૭ | ૧૩૦૮ |
| | પાલી | કોઈ ઉમેદવાર નથી. | | | |
| ઓકટો.-નવેમ્બર ૧૯૭૭. | સંસ્કૃત | ૬૮૦૪ | ૧૯૩૬ | ૧૩૧૦૦ | ૬૧૫૭ |
| | એરેબિક | ૨ | ૧ | ૧ | ૧ |
| | અર્ધ માગધી | ૩ | ૨ | ૪૭ | ૨૬ |
| | પર્શીયન | ૧૨૭ | ૮૫ | ૩૨૦ | ૧૭૬ |
| | પાલી | કોઈ ઉમેદવાર નથી. | | | |

૯. રાજ્ય શિક્ષણ ભવન :

સને ૧૯૬૪માં સ્થપાયેલ રાજ્ય શિક્ષણ ભવન પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શિક્ષણ સુધારણા અંગે અને શિક્ષકોના શિક્ષણના સ્તરને ઉંચો લાવવા અંગે વર્ષોવર્ષ વિવિધ પ્રયત્નો કરે છે. અનેક વિદ્યાશાખા પ્રશાખાઓ છે, જે દ્વારા ઉપયુકત ધ્યેયને ચરિતાર્થ કરવા યથા શકય પ્રયત્નો કરવામાં આવે છે. ભવનના વિવિધ ક્ષેત્રોમાં મુખ્યત્વે નીચેના કાર્યક્ષેત્રો આવરી લેવામાં આવેલ હતાં.

(૧) કાર્યશિક્ષણ, (૨) પરિસંવાદ, (૩) દ્રશ્યશ્રાવ્ય શિક્ષણ, (૪) સેમિનાર, રીડીંગ અને નિબંધ સ્પર્ધા, (૫) શાળા સંકલ અને જથ કેન્દ્રોની પ્રવૃત્તિઓ, (૬) શિક્ષણ પ્રશિક્ષણ બોર્ડ, (૭) પ્રકાશન અને માનવવિદ્યા ક્ષેત્રે થયેલી પ્રવૃત્તિઓ, (૮) પ્રકાશન, (૯) વિજ્ઞાન શિક્ષણ, (૧૦) તાલીમી કાર્યક્રમો, (૧૧) પ્રાથમિક સેવા વિસ્તરણ કેન્દ્ર, (૧૨) સંશોધન અને મુલ્યાંકન, (૧૩) એજ્યુકેશનલ ટેકનોલોજી કાર્યક્રમો, (૧૪) વિજ્ઞાન શિક્ષણ વગેરે.

૧૦. પાઠયપુસ્તકો :

માધ્યમિક શાળાઓમાં પાઠયપુસ્તકો મંજૂર કરવાનો અધિકાર સરકારશ્રી હસ્તક છે અને સરકારશ્રીએ અથવા શિક્ષણ નિયામકશ્રીએ જે પુસ્તકો મંજૂર કર્યા ન હોય તે પુસ્તકો સરકારી અથવા માન્ય માધ્યમિક શાળાઓમાં ચલાવી શકાય નહિ.

વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાવાળા પાઠયપુસ્તકો વ્યાજબી કિંમતે સુલભ થાય એ ઉદ્દેશથી તા. ૯ ઓકટોબર, ૧૯૬૯ના રોજ ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળની સ્થાપના કરવામાં આવી છે.

મંડળના મુખ્ય ઉદ્દેશ :

(૧) પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાના ધોરણો માટે શૈક્ષણિક વિકાસમાં મદદરૂપ થાય તેવા પ્રકારના પાઠયપુસ્તકો, પૂરક સાહિત્ય અને શિક્ષક અધ્યાપન પોથીઓ તૈયાર કરાવી પ્રકાશિત કરવા તેની વિતરણ ગોઠવવી.

(૨) પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષા સુધીના પાઠયપુસ્તકો તથા પૂરક સાહિત્ય અંગે સંશોધન કાર્ય હાથ ધરવું.

(૩) પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાના શિક્ષણક્રમની સુધારણા માટેનું સંશોધન કાર્ય હાથ ધરવું. મંડળ તરફથી ઈ. સ. ૧૯૬૯ થી ૧૯૭૮ સુધીમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા પાઠયપુસ્તકોની વિગત નીચે કોઠામાં આપવામાં આવી છે. પ્રસ્તુત કોઠામાં પ્રસિદ્ધ થયેલ છે. પાઠયપુસ્તકોની જે સંખ્યા દર્શાવી છે તેમાં અનુવાદિત પાઠયપુસ્તકોની સંખ્યાનો પણ સમાવેશ થઈ જાય છે.

| વર્ષ | ધોરણ | પ્રસિદ્ધ પાઠયપુસ્તકો અનુવાદ સહિત) | કેટલા નવાપુસ્તકો શિક્ષકો માટેની અધ્યાપનપોથી તથા પૂરક પુસ્તિકાઓ વગેરે | કુલ | પુનઃ મુદ્રિત તેમજ નવા પુસ્તકોની પ્રસિદ્ધ કરવામાં આવેલ કુલ નકલો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૯૬૯થી ૧૯૭૮ | ધો. ૫ થી ૧૨ | ૫૨૨ | ૬૮ | ૫૯૦ | ૮૩૦૬૫૦૧૦ |

બજારમાં પાઠયપુસ્તકોની ખેંચ કયારેય ઉભી ન થાય તે માટે મંડળ સતત જાગૃત રહે છે. આગામી વર્ષ માટે વિષયવાર અને ધોરણવાર કયાં કયાં પાઠયપુસ્તકોની કેટલી કેટલી નકલોની જરૂર પડશે તેનો અંદાજ પ્રતિ વર્ષ કાઢવામાં આવે છે અને તદનુસાર પાઠયપુસ્તકોના મુદ્રણ તથા પુન: મુદ્રણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે.

પાઠયપુસ્તક પ્રસિદ્ધ કરતાં પહેલાં તજજ્ઞો પાસે એની હસ્તપ્રતની સર્વાંગી સમીક્ષા કરાવવામાં આવે છે. તજજ્ઞોના સૂચનો અનુસાર હસ્તપ્રતમાં ઘટતા સુધારા વધારા કર્યા પછી જ પાઠય પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવે છે.

મંડળ તરફથી પ્રસિદ્ધ થતાં પાઠયપુસ્તકોનો અસરકારક અને ફળદાયી ઉપયોગ થાય તે માટે શિક્ષકોને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવાના હેતુથી શિક્ષક અધ્યાપન પોથીઓ પ્રસિદ્ધ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

આર્થિક રીતે નબળા બાળકોના કુટુંબ પર શકય તેટલો ઓછો બોજ પડે તે માટે મંડળે બુક બેન્કની યોજના શરૂ કરી છે. બુક બેન્કની યોજનામાં જોડાનાર શાળાઓને ૨૦ ટકા કમિશન આપવામાં આવે છે. આદિવાસી વિસ્તારના બાળકોને વધુ આર્થિક રાહત મળે તે હેતુથી આદિવાસી વિસ્તારની શાળાઓને બુક બેન્ક યોજના હેઠળ ૫૦ ટકા કમિશન આપવામાં આવે છે. ચાલુ વર્ષે ૧૮૭ શાળાઓએ આ યોજનાનો લાભ લીધો હતો.

પાઠયપુસ્તક મંડળ તરફથી એકટ અને નિયમાનુસાર હિસાબો રાખવામાં આવે છે.

સરકારશ્રીની જુદી જુદી યોજનાઓ અને આજ્ઞાઓ પ્રમાણે પાઠયપુસ્તક મંડળ ઓડીઓન-૧૦ મુજબ પુસ્તકોની વહેંચણીનો વહીવટ કરે છે અને તે અંગેની જરૂરિયાત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસેથી મેળવી પુસ્તકો મોકલી આપે છે. ૧૯૭૭-૭૮ના વર્ષમાં પાઠય પુસ્તકોનું વેચાણ રૂા. ૧૯૦ લાખનું થયું છે.

## પરિશિષ્ટ-૧

### શૈક્ષણિક કર્મચારી તથા સંઘટન

| | | જગ્યાની સંખ્યા. |
|---|---|---|
| **(અ) ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧.** | | |
| ૧. | ડાયરેકટર | ૧૫ |
| ૨. | ઈન્સ્પેકટીંગ | ૧૮ |
| ૩. | તાલીમ સંસ્થા અને બીજી જગ્યાઓ | ૧૭ |
| ૪. | કોલેજ કેડર. | ૧૬૦ |
| | | ૨૧૦ |
| **(બ) ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨.** | | |
| ૧. | ડાયરેકટોરેટ | ૧૮ |
| ૨. | ટીચીંગ | ૯૬ |
| ૩. | ઈન્સ્પેકટીંગ | ૬૮ |
| ૪. | સામાન્ય | ૨૦ |
| ૫. | કોલેજ | ૨૦૦ |
| **(ક) મીસેલીનીઅસ એપોઈન્ટમેન્ટ આઉટ સાઈટ રેગ્યુલર કેડર.** | | ૪૦૨ |
| ૧. | રાજ્યપત્રિત | ૧૭ |
| ૨. | બિન--રાજ્યપત્રિત | ૩૯ |
| | | ૫૬ |
| **(ડ) ગુજરાત રાજ્ય શિક્ષણ સેવા વર્ગ--૩.** | | |
| ૧. | ઈન્સ્પેકટીંગ | ૧૯૯ |
| ૨. | ટીચીંગ કોલેજ | ૨૨૦ |
| ૩. | નોન ટીચીંગ કોલેજ | ૧૪૦ |
| ૪. | ટીચીંગ સેકન્ડરી ટ્રેનીંગ કોલેજ. | ૨૦૪૫ |
| ૫. | કલેરીકલ સ્ટાફ. | ૧૦૩૦ |
| | | ૩૬૩૪ |
| અ-બ-ક-ડ-એકંદર | કુલ | ૪૩૦૨ |

## પરિશિષ્ટ-૨

**પાંચમી પંચવર્ષીય યોજના ૧૯૭૪-૭૯ દરમ્યાન પ્રાથમિક શિક્ષણ માટેની યોજનાઓનો ૧૯૭૭-૭૮નો વર્ષનો પ્રગતિ અહેવાલ.**

| અ. નં. | યોજના ક્રમાંક | યોજનાનું ટૂંકમાં વર્ણન | ૧૯૭૭-૭૮ના વર્ષ દરમ્યાન | | | |
|---|---|---|---|---|---|---|
| | | | મંજૂર જોગવાઈ (રૂ. લાખમાં) | પાડેલ ખર્ચ (રૂ. લાખમાં) | નિર્ધારિત લક્ષ્યાંક | સિધ્ધિ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | ઈડીએન—૧ | પૂર્વ-પ્રાથમિક શાળાઓને સહાયક ગ્રાન્ટ | ૩.૧૦ | ૩.૧૦ | ૧૪૬૫૫ | ૧૮૪૦૫ |
| ૨. | ઈડીએન—૨ | ૧૪ વર્ષ સુધીના તમામ બાળકોને ૧૯૮૦-૮૧ સુધીમાં મફત અને સાવત્રિક પ્રાથમિક શિક્ષણ | ૪૯૯.૫૦ | ૪૮૫.૪૩ | ૨૭૦૦૦૦ | ૨૫૦૦૦૦ |
| ૩. | ઈડીએન—૩ | પ્રાથમિક શાળાઓમાં કાર્યાનુભવ | ૧૧.૫૬ | ૧૧.૫૬ | ૨૫૬૯ | ૩૧૧૨ |
| ૪. | ઈડીએન—૪ | પ્રાથમિક શાળાઓમાં વિજ્ઞાન શિક્ષણની સુધારણા | ૪.૨૫ | ૪.૨૫ | ૧૧૦૭ | ૨૧૬૩ |
| ૫. | ઈડીએન—૫ | પસંદ કરેલી પ્રાથમિક શાળાઓની સુધારણા | ૬.૫ | ૬.૫ | ૧૧૪ | ૧૧૪ |
| ૬. | ઈડીએન—૬ | પ્રાથમિક શાળાઓની સામાન્ય સુધારણા | ૯.૯૭ | ૧૭.૬૯ | ૧૫૯ | ૧૫૮ |
| ૭. | ઈડીએન—૨૧ | પ્રાથમિક શાળાના શિક્ષકોને નોકરી અંતર્ગત તાલીમ. | ૨૨.૫૦ | ૮.૮૯ | ૧૫૫૬૮ | ૪૫૫૦ |
| ૮. | ઈડીએન—૨૨ | હાલના પ્રાથમિક શિક્ષક અધ્યાપન મંદિરોને સુધારવા અને સંગીન બનાવવા. | ૩.૫૦ | ૩.૦૨ | ૭ | ૭ |
| ૯. | ઈડીએન—૨૪ | પ્રાથમિક શિક્ષકોને લોન શિષ્યવૃત્તિઓ | ૧૦.૦૦ | ૧૧.૭૫ | ... | ૧૧૭૫ |

નોંધ : ખર્ચના આંકડા ગ્રાન્ટ મેમોના દર્શાવેલ છે એ. જી. પાસેથી ખર્ચની વિગતો કન્ફર્મ થયેલી નથી.

## પરિશિષ્ટ—૩

### પાંચમી પંચવર્ષિય યોજના ૧૯૭૪-૭૯ દરમ્યાન માધ્યમિક શિક્ષણ માટેની યોજનાઓ ૧૯૭૭-૭૮ના વર્ષનો પ્રગતિ અહેવાલ

| અ. નં. | યોજના ક્રમાંક | યોજનાનું ટૂંકમાં વર્ણન | ૧૯૭૭-૭૮ના વર્ષ દરમ્યાન | | | |
|---|---|---|---|---|---|---|
| | | | મંજુર જોગવાઈ (રૂા. લાખમાં) | પાડેલ ખર્ચ (રૂા. લાખમાં) | નિર્ધારિત લક્ષ્યાંક | સિધ્ધિ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ઈડીએન—૭ | માધ્યમિક શાળાઓમાં વધારાના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સવલતોની જોગવાઈ | ૬૪.૫૫ | ૬૬.૭૧ | ૩૯૦૦૦ | ૩૭૦૦૦ |
| ૨. | ઈડીએન—૮ | પસંદ કરેલી માધ્યમિક શાળાઓની સુધારણા | ૧.૨૦ | ૧.૨૦ | ૩ | ૩ |
| ૩. | ઈડીએન—૯ | પસંદ કરેલ માધ્યમિક શાળાઓની સુધારણા (પી . વી. ટી. સી.) | ૩.૯૫ | ૨.૯૫ | ૫ | ૫ |
| ૪. | ઈડીએન—૧૦ | માધ્યમિક શાળાઓ માટે પાઠ્યપુસ્તકના ગ્રંથાલયો | ૨૫.૦૦ | ૨૫.૦૦ | ૧૯૩૩૦૮ | ૧૭૭૯ |
| ૫. | ઈડીએન—૧૧ | માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન શિક્ષણની સુધારણા | ૫.૨૫ | ૫.૨૦ | ૫૩ | ૫૨ |
| ૬. | ઈડીએન—૧૨ | માધ્યમિક શાળાઓની સુધારણા માટેના કાર્યક્રમું | ૨.૦૦ | ૨.૦૦ | ૨૦ | ૨૦ |
| ૭. | ઈડીએન—૧૩ | માધ્યમિક શાળાઓમાં કાર્યાનુભવ દાખલ કરવો | ૮.૧૦ | ૮.૦૮ | ૮૧ | ૬૩ |
| ૮. | ઈડીએન—૧૪ | ૧૦+૨+૩ નો સમાન ઢાંચો અપનાવવો | ૭૫.૮૫ | ૭૮.૭૮ | ૭૫૦ | ... |
| ૯. | ઈડીએન—૨૫ | માધ્યમિક શાળાના શિક્ષકો માટે નોકરી અંતર્ગત તાલીમ | ૨.૧૦ | ૨.૧૦ | ૮ | ૮ |
| ૧૦. | ઈડીએન—૨૬ | માધ્યમિક શાળાના શિક્ષકોને લોન શિષ્યવૃત્તિઓ | ... | ૦.૮૫ | ... | ... |

નોંધ : ખર્ચના આંકડા ગ્રાન્ટ મેમોના દર્શાવેલ છે. એ. જી. પાસેથી ખર્ચની વિગતો કન્ફર્મ થયેલ નથી.

## પરિશિષ્ટ—૪

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા સને ૧૯૭૭-૭૮ દરમ્યાન લેવાયેલ પરીક્ષાઓની વિગત દર્શાવતું પત્રક

| અ. નં. | પરીક્ષાનું નામ | કેન્દ્રની સંખ્યા | વિદ્યાર્થીની સંખ્યા | |
|---|---|---|---|---|
| | | | ઉપસ્થિત | ઉત્તીર્ણ |
| ૧ | ૨ | ૩ | ૪ | |
| ૧. | ફાઉન્ડેશન | ૭ | ૫૪૮ | ૪૩૬ |
| ૨. | આર્ટટીચર્સ ડિપ્લોમા | ૭ | ૨૮૭ | ૨૪૨ |
| ૩. | ત્રીજું વર્ષ પેઈન્ટીંગ | ૧ | ૨૦ | ૧૧ |
| ૪. | પાંચમું વર્ષ પેઈન્ટીંગ | ૧ | ૫ | ૪ |
| ૫. | ત્રીજું વર્ષ કોમર્શીયલ આર્ટ | ૧ | ૫૬ | ૪૩ |
| ૬. | પાંચમું વર્ષ કોમર્શીયલ આર્ટ | ૧ | ૨૬ | ૨૩ |
| ૭. | ઈન્ટર પેઈન્ટીંગ | ૨ | ૨૪ | ૧૩ |
| ૮. | એડવાન્સ પેઈન્ટીંગ | ૨ | ૮૨ | ૪૪ |
| ૯. | ડિપ્લોમા પેઈન્ટીંગ | ૧ | ૫૬ | ૨૦ |
| ૧૦. | ઈન્ટર કોમર્શીયલ આર્ટ | ૧ | ૪ | ... |
| ૧૧. | એડવાન્સ કોમર્શીયલ આર્ટ | ૧ | ૧૮ | ૫ |
| ૧૨. | ડિપ્લોમા કોમર્શીયલ આર્ટ | ૧ | ૩૩ | ૧૩ |
| ૧૩. | ઈન્ટર સ્કલ્પચર | ૧ | ૫ | ... |
| ૧૪. | એડવાન્સ સ્કલ્પચર | ૧ | ૪ | ૧ |
| ૧૫. | ડિપ્લોમા સ્કલ્પચર | ૧ | ૪ | ૨ |
| ૧૬. | ડ્રોઈંગ માસ્ટર | ૬ | ૩૦૬ | ૧૫૭ |
| ૧૭. | આર્ટ માસ્ટર | ૩ | ૨૪૮ | ૬૧ |
| ૧૮. | ગ્રામ્ય વિસ્તાર શિષ્યવૃત્તિ | ૧૮૪ | ૧૫૦૦૦ | ૪૬૦૨ |
| ૧૯. | ટ્રાયબલ શિષ્યવૃત્તિ પરીક્ષા | ૩૨ | ૧૦૦૦૦ | ૨૦૦૦ |
| ૨૦. | સી. પી. એડ. પરીક્ષા | ૭ | ૫૦૦ | ૪૮૫ |

| ૧ | ૨ | ૩ | | ૪ |
|---|---|---|---|---|
| ૨૧. | ડી. પી. એડ. | ૩ | ૧૫૦ | ૧૩૪ |
| ૨૨. | ગ્રંથાલય વિજ્ઞાન પ્રમાણપત્ર પરીક્ષા | ૩૨ | ૩૫૦ | ૧૫૦ |
| ૨૩. | ચિત્રકામ પ્રાથમિક કક્ષા | ૧૫૫ | ૫૧૬૨૩ | ૨૫૦૦૦ |
| ૨૪. | ચિત્રકામ માધ્યમ કલા | ૧૫૫ | ૨૨૭૫૬ | ૧૭૦૦૦ |
| ૨૫. | જી. સી. ડી. પરીક્ષા | ૫ | ૨૩૩ | ૬૫ |
| ૨૬. | જી. સી. સી. પરીક્ષા પ્રથમ વર્ષ | ૩૮ | ૫૨૬૬૮ | ૨૫૦૦૦ |
| ૨૭. | પી. ટી. સી. પરીક્ષા પ્રથમ વર્ષ | ૬૧ | ૫૯૯૪ | ૫૫૦૦ |
| ૨૮. | પી. ટી. સી. પરીક્ષા બીજું વર્ષ | ૬૧ | ૪૨૭૭ | ૪૦૦૦ |
| ૨૯. | પી. ટી. સી. પ્રી. | ૮ | ૭૧૩ | ૬૦૦ |
| ૩૦. | ડી. બી. એડ. | ૫ | ૨૦૯ | ૧૯૮ |
| ૩૧. | પ્રાથમિક શાળાંત પરીક્ષા | ૩૧૦ | ૬૮૪૬૧ | ૨૨૮૭૮ |
| ૩૨. | ખાતાકીય પરીક્ષા જુનિયર કર્લાક. | ૩ | ૧૨૩ | ૭૬ |
| ૩૩. | ખાતાકીય પરીક્ષા સીનીયર કલાર્ક | ૩ | ૧૭૦ | ૪૧ |
| ૩૪. | હાઈસ્કુલ સ્કોલરશીપ પરીક્ષા | ૧૯ | ૭૮૦૦ | ૩૮૭ |
| ૩૫. | મિડલ સ્કૂલ સ્કોલરશીપ પરીક્ષા | ૧૯ | ૮૦૦૦ | ૬૬૫ |
| ૩૬. | ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા મેરીટ (પ્રથમ ટેસ્ટ) | ૧ | ૧૨૭ | ૭૩ |
| ૩૭. | ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા મેરીટ (બીજી ટેસ્ટ) | ૧ | ૫૬ | ૧૪ |

## પરિશિષ્ટ ૫

### શિષ્યવૃત્તિ

| અ. નં. | શિષ્યવૃત્તિનું નામ | વિદ્યાર્થીઓની સંખ્યા | ખર્ચ (રૂ. માં) |
|---|---|---|---|
| ૧. | રાજકીય ક્ષેત્રે સહન કરનાર વ્યકિતઓના બાળકોને શૈક્ષણિક સવલતો. | ૨૭૬ | ૧,૪૯,૭૫૧ |
| ૨. | પરદેશથી પાછા ફરેલા હિન્દીઓના બાળકોને શિષ્યવૃત્તિ. | ૨૮ | ૬,૯૧૪ |
| ૩. | (અ) ગુણવત્તાના ધોરણે શિષ્યવૃત્તિ (રાષ્ટ્રીય) | ૨૯૮૬ | ૨૭,૨૯,૭૦૫ |
| | (બ) ગુણવત્તાના ધોરણે શિષ્યવૃત્તિ (રાજ્ય) | ૩૨૭૪ | ૧૦,૯૫,૪૭૦ |
| ૪. | આંતર રાજ્ય શિષ્યવૃત્તિ | ૩૦ | ૨૪,૮૦૦ |
| ૫. | શિક્ષકોના બાળકો માટે શિષ્યવૃત્તિ. | ૧૯૮ | ૧,૦૯,૮૨૦ |
| ૬. | (અ) રાષ્ટ્રીય વ્યાજ મુકત લોન શિષ્યવૃત્તિ | ૨૫૧૧ | ૧૯,૩૯,૭૬૦ |
| | (બ) ગુજરાત રાજ્ય વ્યાજ મુકત લોન શિષ્યવૃત્તિ | ૨૦૮૨ | ૯,૭૨,૯૫૦ |
| ૭. | આર્થિક રીતે પછાતને શિષ્યવૃત્તિ . | ૪૯૭૩૭ | ૧,૨૦,૮૬,૯૮૦ |
| | કુલ. | ૬૧૧૨૨ | ૧,૯૧,૧૬,૧૫૦ |

## પરિશિષ્ટ ૬

### સને ૧૯૭૭-૭૮ના વર્ષ દરમ્યાન ગુજરાત રાજ્યમાં શરૂ થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વિગત.

| જીલ્લો | ઉચ્ચતર માધ્યમિક શાળાઓ. | પોષ્ટ બેઝીક સ્કુલની સંખ્યા | કુલ |
|---|---|---|---|
| ૧. અમદાવાદ શહેર | ૧૧૫ | .. | ૧૧૫ |
| ૨. અમરેલી | ૧૮ | ... | ૧૮ |
| ૩. કચ્છ | ૧૬ | ... | ૧૬ |
| ૪. ખેડા | ૫૫ | ૧ | ૫૬ |
| ૫. ગાંધીનગર | ૪ | ... | ૪ |
| ૬. જામનગર | ૨૭ | ... | ૨૭ |
| ૭. જુનાગઢ | ૨૮ | ૨ | ૩૦ |
| ૮. ડાંગ | ૧ | ... | ૧ |
| ૯. પંચમહાલ | ૩૯ | ૨ | ૪૧ |
| ૧૦. બનાસકાંઠા | ૧૬ | ... | ૧૬ |
| ૧૧. ભરૂચ | ૨૧ | ૧ | ૨૨ |
| ૧૨. ભાવનગર | ૨૫ | ૨ | ૨૭ |
| ૧૩. મહેસાણા | ૬૭ | ૩ | ૭૦ |
| ૧૪. વલસાડ | ૩૯ | ૧ | ૪૦ |
| ૧૫. રાજકોટ | ૪૧ | ...... | ૪૧ |
| ૧૬. વડોદરા | ૬૫ | ૧ | ૬૬ |
| ૧૭. સાબરકાંઠા | ૩૯ | ૧ | ૪૦ |
| ૧૮. સુરત | ૩૯ | ૩ | ૪૨ |
| ૧૯. સુરેન્દ્રનગર | ૧૯ | ... | ૧૯ |
| કુલ ... | ૬૭૪ | ૧૭ | ૬૯૧ |

Na—2667—6

PRINTED AT THE GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

# શિક્ષણ ખાતાનો વાર્ષિક વહીવટી અહેવાલ

## સને-૧૯૭૮-૭૯

*

૧૯૮૦
સરકારી મધ્યસ્થ પ્રેસ
ગાંધીનગર.

(કિંમત: રૂ. ૧--૩૫ પૈસા)

# અનુક્રમણિકા


| અ. નં. | વિષય | પાન નંબર. |
| --- | --- | --- |
| ૧. | સામાન્ય માહિતી ... ... ... ... | ૧ |
| ૨. | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ. ... ... | ૫ |
| ૩. | ઉચ્ચ શિક્ષણ ... ... ... ... | ૧૧ |
| ૪. | ગ્રંથાલય વ્યવસ્થા અને અન્ય શૈક્ષણિક તથા પ્રકીર્ણ પ્રવૃત્તિઓ. ... | ૧૩ |
| ૫. | પરિશિષ્ટ–૧ થી ૫ ... ... ... ... | ૩૦ |

## પ્રકરણ--૧

### સામાન્ય માહિતી.

૧. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૩૧મી ઓગસ્ટ, ૧૯૭૮ના ઠરાવ ક્રમાંક ઉવઅ-૧૦૭૮-ખ-૧૧૬૭-લ-અન્વયે શિક્ષણ નિયામકની કચેરીનું વિભાજન કરવાનું નક્કી થતા (૧) ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી તથા (૨) પ્રાથમિક અને પ્રૌઢ શિક્ષણ નિયામકની એમ બે કચેરીઓ તા. ૯મી ઓકટોબર, ૧૯૭૮થી અસ્તિત્વમાં આવી.

૨. અહેવાલના વર્ષ દરમ્યાન શ્રી કે. રામમૂર્તિએ (ભા. પ્ર. સે) શિક્ષણ નિયામકશ્રી તરીકે તારીખ ૨૨મી જુન, ૧૯૭૮ સુધી ફરજો બજાવી હતી. તેઓશ્રીની બદલી થતાં શ્રી મ. ની. બુચ (ભા. પ્ર. સે) તા. ૧૦મી જુલાઈ, ૧૯૭૮થી શિક્ષણ નિયામકશ્રી તરીકે ફરજો બજાવે છે. તેઓશ્રીને રોજબરોજના વહીવટી કાર્યમાં મદદ કરવા માટે બે સંયુકત શિક્ષણ નિયામકશ્રીઓ છે. તેવી જ રીતે બે નાયબ શિક્ષણ નિયામકશ્રી પણ હતાં. પરંતુ ઓકટોબર ૧૯૭૮માં બે ડિરેકટરોમાં વિભાજન થતાં બે નાયબ શિક્ષણ નિયામકશ્રીની જગ્યાઓ પ્રાથમિક અને પ્રૌઢ શિક્ષણ નિયામકશ્રીના નિયંત્રણ હેઠળ મૂકવામાં આવતાં તે પછી વર્ષના અંત સુધી ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરીમાં એક પણ નાયબ શિક્ષણ નિયામકની જગ્યા હતી નહીં.

૩. ગુજરાત રાજ્યની સને ૧૯૭૧ની છેલ્લી વસતિ ગણતરી પ્રમાણે કુલ વસતિ ૨,૬૬,૯૭,૪૭૫ની હતી જો પૈકી અક્ષરજ્ઞાનની ટકાવારી ૩૫.૭૯ હતી. અહેવાલના વર્ષ દરમ્યાન ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી તથા પ્રાથમિક અને પ્રૌઢ શિક્ષણ નિયામકશ્રીના નિયંત્રણ હેઠળ કુલ ૩૨૬૧૫ સંસ્થાઓ હતી જે પૈકી ૨૫૪૭૬ ગ્રામ વિસ્તારમાં હતી. જેમાં અભ્યાસ કરતા કુલ ૬૧.૫૮ લાખ વિદ્યાર્થીઓ પૈકી ૩૮.૬૨ લાખ વિદ્યાર્થીઓ ગ્રામ વિસ્તારમાં હતા. ઉકત સંસ્થાઓમાં કુલ ૧.૭૫ લાખ શિક્ષકો કામ કરતા હતા જે પૈકી ૦.૫૯ લાખ શિક્ષિકાઓ હતી. અહેવાલના વર્ષ દરમ્યાન નિયામકશ્રીની કચેરી તથા સંલગ્ન કચેરીઓ તથા તાબાની સંસ્થાઓ-કચેરીઓમાં કામ કરતા અધિકારીઓ કર્મચારીઓની કુલ સંખ્યા ૩૯૦૮ની હતી જે માહિતી પરિશિષ્ટ--૧માં દર્શાવવામાં આવેલી છે.

૪. માધ્યમિક શિક્ષણ તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અંગે જુદા જુદા કાર્યક્રમનો અમલ કરવા અંગેની મુખ્યત્વે જવાબદારી સ્વાયત બોર્ડ-સંસ્થાઓને સોંપવામાં આવેલી હતી. જ્યારે વહીવટી નિદેશન તથા નિયંત્રણ અને બિન સરકારી શૈક્ષણિક તથા ખાસ સંસ્થાઓને અનુદાન આપવા અંગેની જવાબદારી શિક્ષણ નિયામકશ્રી બજાવતા હતા.

**૫. માધ્યમિક શિક્ષણ બોર્ડ અને ટ્રીબ્યુનલ.**—ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨નો અમલ ગુજરાત સરકારે તા. ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૭૩થી શરૂ કર્યો આ અધિનિયમની જોગવાઈ પ્રમાણે ગુજરાત સરકારે તા. ૧૩મી ડીસેમ્બર, ૧૯૭૩ થી ગુજરાત

માધ્યમિક શિક્ષણ બોર્ડની રચના કરી. ઉપરોકત અધિનિયમ હેઠળના પ્રથમ વિનિયમો તા. ૧૬મી માર્ચ, ૧૯૭૪થી અમલમાં આવ્યા બિન સરકારી માધ્યમિક શાળાઓનાં રજીસ્ટ્રેશન, શિક્ષકો તથા બિન શિક્ષણિક કર્મચારીઓની નોકરીને લગતી બાબતો તથા માધ્યમિક શિક્ષણના અભ્યાસક્રમ ને લગતી મહત્વની બાબતોની માધ્યમિક શિક્ષણ બોર્ડના કાર્યક્ષેત્ર હેઠળ મૂકવામાં આવી છે. બિન સરકારી માધ્યમિક શાળાઓના કર્મચારીઓ તથા શાળા-સંચાલકો વચ્ચે નોકરીને લગતા મુદ્દાઓ અંગેના વિવાદોના નિકાલ માટે અધિનિયમની જોગવાઈ મુજબ નવેમ્બર ૧૯૭૪થી "માધ્યમિક શિક્ષણ પંચ"ની રચના કરવામાં આવી.

**૬. રાજય પરીક્ષા બોર્ડ.**—શિક્ષણ ખાતા મારફત લેવાતી નવી એસ. એસ. સી. તથા ઉચ્ચતર માધ્યમિક શાળાંત પરીક્ષા કે જેનું સંચાલન માધ્યમિક શિક્ષણ બોર્ડ કરે છે તે સિવાયની જાહેર પરીક્ષાઓનું સંચાલન રાજય પરીક્ષા બોર્ડ દ્વારા થાય છે.

**૭. અન્ય સંલગ્ન કચેરીઓ સંસ્થાઓ,**—ઉપરોકત કચેરીઓ-બોર્ડ વગેરે ઉપરાંત નિયામકશ્રીના નિયંત્રણ હેઠળની સંલગ્ન કચેરીઓ-સંસ્થાઓ જેવી કે (૧) ગ્રંથાલય વ્યવસ્થા અધિકારીશ્રીની કચેરી (૨) ચિત્રકળા અને હુન્નર કળાના નિરીક્ષકશ્રીની કચેરી (૩) વાણિજય શાળાઓના નિરીક્ષકશ્રીની કચેરી (૪) રાજય શારીરીક શિક્ષણ નિરીક્ષકશ્રીની કચેરી.

(૫) વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા તથા (૬) રાજય શિક્ષણ ભવન જેવી સંસ્થાઓ કચેરીઓ પણ તેમના કાર્યક્ષેત્ર હેઠળના કાર્યક્રમો અને કામગીરીઓ બજાવે છે.

**૮. ગુજરાત રાજય શાળા પાઠય પુસ્તક મંડળ.**—ગુજરાત સરકારે માન્ય કરેલા અભ્યાસક્રમો અનુસાર સારા પાઠય પુસ્તકો લખાય અને વિદ્યાર્થીઓને તે વ્યાજબી કિંમતે મળી રહે તે ઉદેશથી "ગુજરાત રાજય શાળા પાઠય પુસ્તક મંડળ" ની સ્થાપના થઈ છે. સને ૭૩-૭૪ના શૈક્ષણિક વર્ષથી આવા ધોરણ ૧ થી ૧૦ના પાઠય પુસ્તકો તૈયાર કરાવવાની કામગીરી આ બોર્ડે સ્વીકારેલી છે.

**૯. માધ્યમિક શિક્ષણ.**—અહેવાલના વર્ષ દરમ્યાન કુલ માધ્યમિક શાળાઓની સંખ્યા ૨૯૧૬ જેટલી હતી. આ શાળાઓમાં કુલ ૯.૯૦ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. તથા ૩૭૪૯૮ જેટલા શિક્ષકો કામ કરતા હતા. અહેવાલના વર્ષ દરમ્યાન માધ્યમિક શિક્ષણની સુધારણા માટે વિવિધ યોજનાઓ દ્વારા વિજ્ઞાનમાં સાધનો, પુસ્તકાલય, કાર્યાનુભવ વગેરે માટે ખાસ ગ્રાન્ટ આપવામાં આવી હતી. આદિવાસી વિસ્તારની માધ્યમિક શાળાઓના વિકાસ તથા સુધારણા માટે ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું. અને કુલ ૧૪.૨૦ લાખ રુપિયા ગ્રાન્ટ પેટે આપવામાં આવ્યાં હતાં. ડાંગ જિલ્લામાં સાપુતારા તથા પિંપરી ખાતે નવી સરકારી માધ્યમિક શાળાઓ-છાત્રાલય સહિત-શરુ કરવામાં આવી.

**૧૦. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ.**—જુલાઈ ૧૯૭૬થી ગુજરાતમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનું માળખું અમલી બનતાં ૧૦+૨ની તરાહ મુજબની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પ્રથમ વખત અસ્તિત્વમાં આવી. ૭૭-૭૮ના વર્ષ દરમ્યાન કુલ ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સંખ્યા ૬૯૧ હતી તે અહેવાલના વર્ષ દરમ્યાન વધીને ૭૭૮ થઈ હતી.

ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ગુણવતા સુધરે તે માટે અહેવાલના વર્ષથી આવી શાળાઓ માટે નિષ્ણાતોની પેનલ દ્વારા પેનલ નિરીક્ષણ માટેની યોજના અમલમાં આવી.

**૧૧. ગ્રંથાલય.—વ્યવસ્થાઅધિકારીની કચેરી.**—ગ્રંથાલય વ્યવસ્થા અધિકારીના કાર્ય-ક્ષેત્ર હેઠળ રાજ્યની જાહેર ગ્રંથાલય પ્રવૃત્તિ ચાલે છે. આ કચેરી તેની ત્રણ વિભાગીય કચેરીઓ અમદાવાદ-વડોદરા-રાજકોટ દ્વારા રાજ્યનાં ગ્રંથાલયોને માન્યતા-ગ્રાન્ટ અપાય છે તથા જાહેર ગ્રંથાલયોની દેખરેખ અને તપાસણી થાય છે. ગ્રંથાલય વિકાસ યોજનાઓનો અમલ, શિષ્ટ સાહિત્યની ભલામણ, સ્વ મોતીભાઈ અમીન એવોર્ડ યોજના તથા શ્રેષ્ઠ સાહિત્ય માટેની પુરસ્કાર યોજના અમલ, વગેરે ગ્રંથાલય વ્યવસ્થા અધિકારીની કચેરી દ્વારા થાય છે. સને ૭૮-૭૯ના વર્ષમાં મહેસાણા જિલ્લા પુસ્તકાલય માટે જમીન સંપાદનની કામ-ગીરી સફળતા પુર્વક થઈ શકી છે. અહેવાલના વર્ષ દરમ્યાન આદિવાસી વિસ્તારોમાં ત્રણ નવા તાલુકા પુસ્તકાલયો તેમજ ૩૦૦નવા ગ્રામ પુસ્તકાલયો ખોલવામાં આવ્યાં.

**જાહેર ગ્રંથલયોની કક્ષા પ્રમાણે સંખ્યા અને ખર્ચ.**

(૧). સરકારી ગ્રંથાલયોની સંખ્યા ૪૦ની હતી, જેની સામે કુલ. ૧૯,૨૯,૧૭૭ રુપિયાનો ખર્ચ થયો હતો.

૨. અન્ય સહાય લેતાં ગ્રંથાલયોની સંખ્યા ૪૭૦ની હતી જેની સામે રુપિયા ૧૨,૭૪,-૨૧૮ જેટલો ખર્ચ થવા પામ્યો હતો.

૩. ગ્રામ ગ્રંથાલયોની સંખ્યા ૫૧૮૫ની હતી જેની સામે કુલ ૧૭,૪૭,૫૨૦ રુંપિયા થયેલો છે.

આ ઉપરાંત અન્ય પરચુરણ ખર્ચ સાથે ગ્રંથાલય વિભાગ પાછળ સને ૭૮-૭૯ના વર્ષ દરમ્યાન ૫૦ લાખનું ખર્ચ થયું હતું.

**૧૨. ઉચ્ચ શિક્ષણ.**—(૧) આ વર્ષ દરમ્યાન કોલેજોના સંખ્યાધિક અધ્યાપકોને સમા-વવાનો પ્રશ્ન સરળતાથી પતાવવામાં આવ્યો. મોટા ભાગના અધ્યાપકોને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સમાવવામાં આવ્યા. વર્ષની શરુઆતમાં કુલ ૧૩૧૪ સંખ્યાધિક અધ્યાપકો હતા તેમાંથી કુલ ૧૨૯૬ને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સમાવવામાં આવ્યા અને ૧૮ અધ્યાપકો સમાવવાના બાકી રહયા છે.

(૨) ગુજરાત રાજ્યની સરકારી અને બિન સરકારી કોલેજોના આચાર્યો માટે શૈક્ષણિક અને વહીવટી તાલીમ માટેનો પ્રશિક્ષણ કાર્યક્રમ, નેશનલ કોલેજ ઈન એન્યુકેશનલ એન્ડ એડમિનિસ્ટ્રેટીવ પ્લાનીંગના સહકારથી ન્યુ દિલ્હીમાં તારીખ ૨૫મી ડીસેમ્બર, ૧૯૭૮થી તા. ૭મી જાન્યુઆરી ૧૯૭૯ સુધી યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાતના ૨૫ જેટલા આચાર્યો તથા પ્રાધ્યાપકો જોડાયા હતાં. (૩) આ વર્ષ દરમ્યાન રાજકોટની એ. એમ. પી. લો કોલેજને ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજથી અલગ કરવામાં આવી અને તે સ્વતંત્ર કોલેજ તરીકે શરુ કરવામાં આવી. (૪) ભાવનગર રેસિડેન્ટશ્યલ યુનિવર્સિટીની સ્થાપનાના

નિર્ણયના અનુસંધાને શ્રી આર. એસ. ત્રિવેદીની કુલપતિ તરીકે નિમણુંક કરવામાં આવી. યુનિવર્સિટીના સ્ટેચ્યુટ્સ ઘડવાની તથા સત્તા મંડળોની રચનાની કાર્યવાહી શરુ કરવામાં આવી (૫) સંલગ્ન કોલેજો માટે પોલ સમિતિની ભલામણ અનુસાર નવી ગ્રાન્ટની નીતિ તા. ૧લી એપ્રિલ, ૧૯૭૭થી અમલમાં મુકવામાં આવી અને કોલેજોના સ્ટાફના પગારની સંપુર્ણ જવાબદારી સરકારશ્રીએ સ્વીકારી. આ વર્ષ દરમ્યાન ૪૩ નવી કોલેજોને ગ્રાન્ટ પાત્ર ગણવામાં આવી. હવે ફકત ૨ કોલેજો સિવાયની બધીજ વિનયન, વાણિજ્ય, અને શિક્ષણની કોલેજો ગ્રાન્ટપાત્ર બનેલ છે. (૬) સેન પગાર ધોરણના અમલની કાર્યવાહી ઝડપી કરવામાં આવી અને કુલ ૪૩૩૭ અધ્યાપકોના પગારો નક્કી કરીને તફાવતની રકમ આ વર્ષના અંત સુધીમાં રૂ. ૨,૮૬,૮૨,૭૪૦ ચૂકવવામાં આવ્યા હતાં. (૭) બિન સરકારી કોલેજોના બિન શૈક્ષણિક સ્ટાફ માટે દેસાઈ પગાર કમિશનની ભલામણ અનુસારનાં પગાર ધોરણો તા. ૧લી જાન્યુઆરી ૧૯૭૩થી લાગુ પાડવાના હુકમો કરવામાં આવ્યા. (૮) સરકારશ્રીના તા. ૩૧મી માર્ચ, ૧૯૭૮ના ઠરાવથી બિન સરકારી કોલેજોના સ્ટાફના પ્રોવિડન્ટ ફંડનો વહીવટ અને સિલક રાજય સરકાર હસ્તક લેવાનો નિર્ણય લેવામાં આવ્યો.

**૧૩. લોન અને શિષ્યવૃત્તિઓ.**—આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ તેમનો ઉચ્ચ અભ્યાસ ચાલુ રાખી શકે તે માટે તેજસ્વી અને જરુરી લાયકાત ધરાવતા વિવિધ વિદ્યા શાખાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ-લોન વગેરે આપવામાં આવે છે. જેનો લાભ અહેવાલના વર્ષ દરમ્યાન ૬૩૪૯૦ વિદ્યાર્થીઓએ લીધો હતો અને તે પેટે રુપિયા ૧૯૬ લાખનો ખર્ચ થયો હતો.

૧૪. શિક્ષણ અંગેની અન્ય પ્રવૃત્તિઓનો અહેવાલ પ્રકરણ--૪માં વિગતે આપવામાં આવ્યો છે.

## પ્રકરણ—૨.

## માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ.

### માધ્યમિક શિક્ષણ.

થોડીક સરકારી માધ્યમિક શાળાઓને બાદ કરતાં મોટા ભાગની માધ્યમિક શાળાઓનું સંચાલન ખાનગી રજીસ્ટર્ડ થયેલી સ્વૈચ્છિક સંસ્થાઓ હસ્તક છે. ખાનગી માધ્યમિક શાળાઓનું સંચાલન ગ્રાન્ટ ઈન એઈડ કોડ ૧૯૬૪, ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ તથા માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ની જોગવાઈઓ તથા સરકારના આવી બાબતોને લગતા વખતો વખતના ઠરાવોને આધીન રહીને કરવામાં આવે છે.

૨. **ખાનગી માધ્યમિક શાળાઓને અનુદાન.**—શ્રી ઈશ્વરભાઈ પટેલ કમિટિની ભલામણોના આધારે બિન સરકારી માધ્યમિક શાળાઓના માટેના અનુદાનનાં ધોરણો નક્કી થતાં તેનો અમલ ૧૯૬૯ થી કરવામાં આવ્યો હતો. તે પછી શ્રી આર. એસ. ત્રિવેદી કમિટિની ભલામણોના આધારે અગાઉનાં અનુદાનના ધોરણોમાં ફેરફાર કરવા અંગેની ભલામણોના આધારે સરકારે ૧૯૭૭ના નાણાંકીય વર્ષથી અનુદાનના નવા ધોરણો સ્વીકાર્યાનો ઠરાવ કરેલો. તેમાં પણ ૭૮ ૭૯ના વર્ષ માટે થોડાક સુધારા વધારા થતાં અનુદાન સહાયનાં ધોરણો નીચે જણાવ્યા પ્રમાણેનાં રહયા હતા.

૨. (૧) **શાળાના સ્ટાફનો ૧૦૦ ટકા પગાર.**—બિન સરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકો તથા શિક્ષકેતર કર્મચારીઓના પગાર ખર્ચ પર ૧૦૦ ટકાનું અનુદાન આપવામાં આવે છે.

૨. (૨) **ઈતર ખર્ચ.**—શાળાના નિભાવ માટે નીચે મુજબ ઈતર ખર્ચ પેટે અનુદાન આપવામાં આવે છે .—

(૧) બિન આદિવાસી વિસ્તારની નવી શાળાને પ્રથમ બે વર્ષ માટે ૨૫ ટકા ટોકન ગ્રાન્ટ.

(૨) આદિવાસી વિસ્તારની નવી શાળાને પ્રથમ વર્ષે ૨૫ ટકા ગ્રાન્ટ અને બીજા વર્ષથી ૧૦૦ ટકા ગ્રાન્ટ આપવામાં આવે છે.

(૩) ૪૦૦૦ થી ઓછી વસ્તીવાળા ગામોમાં પ્રથમ વર્ષે ૨૫ ટકા અને બીજા વર્ષથી ૧૦૦ ટકા ગ્રાન્ટ આપવામાં આવે છે.

(૪) ૧૦ વર્ષથી વધુ સમયની શાળાઓને કુલ પગાર ખર્ચના ૧૨ ૧/૨ ટકા, ૧૦ વર્ષથી ઓછા સમયની શાળાઓને ૧૫ ટકા અને ૧૫૦ વિદ્યાર્થીઓ કે તેથી ઓછી સંખ્યાવાળી શાળા ઓને ૫ વર્ષ સુધી ૨૦ ટકા ગ્રાન્ટ ચૂકવવામાં આવે છે. ઈશ્વરભાઈ કમિટિની ભલામણ પ્રમાણે નવી શરૂ થતી બધી જ શાળાઓને પ્રથમ વર્ષ માટે ૨૫ ટકા ટોકન ગ્રાન્ટ આપવામાં આવતી હતી. તેવી જ રીતે ઈતર ખર્ચ પેટે આદિવાસી તેમજ બિન આદિવાસી વિસ્તારની તમામ શાળાઓને પગાર ખર્ચના ૨૦ ટકા જેટલી ગ્રાન્ટ ઈતર ખર્ચ પેટે ચૂકવવામાં આવતી હતી.

(૩) **મકાનભાડું.**—સંસ્થાનું પોતાનું મકાન હોય તો મકાન ભાડુ શાળાના બાંધકામના વેલ્યુએશન સર્ટિફિકેટના ૫ ટકા પ્રમાણે અથવા પગાર ખર્ચના ૧૨ ૧/૨ ટકા અથવા ખરેખર ચૂકવેલ મકાનભાડું આમાંથી જે ઓછું હોય તે ગ્રાન્ટને પાત્ર ઠરે છે. ઈશ્વરભાઈ કમિટિની ભલામણો પ્રમાણે વેલ્યુએશનના ૬ ટકા અથવા પગાર ખર્ચના ૧૫ ટકા અથવા ખરેખર ચૂકવેલ મકાનભાડું એમાંથી જે ઓછું હોય તે પ્રમાણે મકાનભાડુ ચૂકવવામાં આવતું હતું.

૩. **માધ્યમિક શાળાઓના વિકાસ અને સુધારણા કાર્યક્રમો.**—આ વર્ષ દરમ્યાન રાજ્યની માધ્યમિક શાળાઓના વિકાસ તથા ગુણવતા સુધારણા માટે વિવિધ યોજનાઓ જેવી કે વિજ્ઞાન શિક્ષણ સુધારણા, કાર્યાનુભવ, શિક્ષકોના નોકરી અંતર્ગત તાલીમ, બુકબેંક વગેરે દ્વારા પસંદ કરેલી શાળાઓને ગ્રાન્ટ ચૂકવવામાં આવી. આદિવાસી વિસ્તારની શાળાઓને ખાસ પ્રાધાન્ય આપવામાં આવ્યું. આ અંગેની નાણાંકીય જોગવાઈઓ તથા ભૌતિક સિધ્ધિઓ અંગેની વધુ વિગતો પરિશિષ્ટ ૨માં જણાવવામાં આવી છે.

૪. **વિવિધ પ્રકારની માધ્યમિક શાળાઓ.**—વર્ષ દરમ્યાન માધ્યમિક શાળાઓની સંખ્યા *૨૧૩૮ તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સંખ્યા *૭૭૮ મળી કુલ *૨૯૧૬ શાળાઓ હતી. જે પૈકી ૧૮૮૬ શાળાઓ ગ્રામ વિસ્તારમાં હતી. વિવિધલક્ષી શાળાઓની સંખ્યા *૧૪૩ હતી તેમજ ઉતર બુનિયાદી શાળાઓની સંખ્યા *૧૩૯ હતી. માધ્યમિક શાળાઓમાં *૬.૪૭ લાખ કુમારો તથા *૩.૪૩ લાખ કન્યાઓ મળી કુલ *૯.૯૦ લાખ વિદ્યાર્થીઓ હતા. શાળાઓમાં કુલ *૨૯૯૬૦ શિક્ષકો તથા *૭૫૩૮ શિક્ષિકાઓ મળી કુલ *૩૭૪૯૮ શિક્ષકો હતા જે પૈકી *૩૫૩૨૫ તાલીમી તથા *૨૧૭૩ બિન તાલીમી હતાં. શિક્ષક દીઠ વિદ્યાર્થીઓની સરાસરી સંખ્યા *૨૬ની હતી. અહેવાલના વર્ષ દરમ્યાન ૬૭ જેટલી નવી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી હતી તે પૈકી ૮ શાળાઓ ઉતર બુનિયાદી પ્રકારની હતી. તથા ૯શાળાઓ આદિવાસી વિસ્તારમાં શરૂ કરવામાં આવી હતી.

૫. **બિન સરકારી માધ્યમિક શાળાઓના કર્મચારીઓ માટે જી.પી.એફ. યોજના.**—સરકારે તારીખ ૧લી એપ્રિલ, ૧૯૬૯થી બિન સરકારી માધ્યમિક શાળાઓના કર્મચારીઓ માટે પેન્શનની યોજના સ્વીકારી. સાથે સાથે જે કર્મચારીઓને કોન્ટ્રીબ્યુટરી પ્રોવિડન્ટ ફંડ (સી. પી. એફ.) યોજના હેઠળ ચાલુ રહેવું હોય તેમને વિકલ્પ આપવામાં આવેલો. આ કર્મચારીઓનાં પ્રો. ફંડના ખાતા પોસ્ટ ઓફિસમાં ચાલતાં હતાં. આ યોજનામાં ફેરફાર કરીને અહેવાલના વર્ષ દરમ્યાન સરકારે જી. પી. એફ.ની યોજના અમલમાં મૂકી. આ યોજના અન્વયે પી. એફ.ના ખાતા જે પોસ્ટ ઓફિસમાં ચાલતા હતા તે બંધ કરીને આ રકમ સરકારી તિજોરીમાં જમા કરાવવામાં આવી. તથા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીઓમાં કર્મચારી દીઠ પ્રો. ફંડની કપાત, એડવાન્સ, કુલ સિલક હિસાબી કામગીરી અંગે વિવિધ રજીસ્ટરો શરૂ કરવામાં આવ્યા. કુલ ૪૫૧૫૪ ખાતાઓમાંથી તારીખ ૩૧મી માર્ચ, ૧૯૭૯ સુધીમાં ટ્રાન્સફર થયેલા ખાતાઓની સંખ્યા ૩૯૫૮૧ હતી. અને સરકારમાં જમા કરવામાં આવેલી રકમ રૂ. ૨૨૧૦૫૪૬૭૯--—૫૮ જેટલી હતી.

૬. **પેન્શન યોજના**:—બિન સરકારી માધ્યમિક શાળાઓના કર્મચારીઓ માટે તારીખ ૧લી એપ્રિલ, ૧૯૬૯થી પેન્શનની યોજના સરકારે સ્વીકારી ત્યારથી અહેવાલના વર્ષ સુધીમાં કુલ ૧૮૧૬ શિક્ષક અને શિક્ષકેતર કર્મચારીઓ નિવૃત્ત થયા તે પૈકી ૧૭૧૨ કર્મચારીઓના પેન્શન નક્કી થઈ ગયાં છે. ૧૦૪ કર્મચારીઓના વિવિધ ત્રુટિઓના અને અપૂર્તતાઓને લીધે પડતર રહયા છે. તેમજ અહેવાલના વર્ષ દરમ્યાન કુલ ૪૮ કર્મચારીઓ નિવૃત થયા. આમ કુલ ૧૫૨ પેન્શન કેસો પડતર હતા. તે પૈકી ૮૪ કર્મચારીઓના પેન્શન કેસોનો નિકાલ થયો હતો.

૭. **પગાર ફિક્સેશન**:—બિન સરકારી માધ્યમિક શાળાઓના કર્મચારીઓ તથા આચાર્યો માટે દેસાઈ પગાર પંચ પ્રમાણેનાં પગાર ધોરણોમાં ફિક્સેશન માટેની ચકાસણી સારૂ પગાર ચકાસણી "એકમે" કામગીરી ચાલુ રાખી હતી. પાછળથી અહેવાલના વર્ષમાં સરકારશ્રીએ આચાર્યો માટે પગાર ધોરણોમાં સુધારો કરતો ઠરાવ કરતાં એવા આચાર્યોના પગાર ફિક્સેશન ફરીથી કરવાની કામગીરી આ એકમે બજાવવી પડી. વર્ષ દરમ્યાન ૧૬૬૦ કર્મચારીઓના પગાર ફિક્સેશનની ચકાસણી પૂરી કરવામાં આવી અને ૯૩૭ કેસ ચકાસણી કરવાના બાકી હતાં.

૮. **ગ્રાન્ટની ચૂકવણી** :—અહેવાલના વર્ષ દરમ્યાન રાજ્યની માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓને કર્મચારીઓના પગાર, ઈતર ખર્ચ, તથા મકાન ભાડા પેટે ૩૭,૨૬,૫૨,૦૦૦ રૂપિયાની ગ્રાન્ટ ચૂકવવામાં આવી હતી. જ્યારે ૭૭–૭૮ના વર્ષમાં આ રકમ ૩૪,૫૨,૦૨,૦૦૦ રૂપિયા જેટલી હતી.

## ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ

સને ૭૮–૭૯નું વર્ષ એ ૧૦+૨ ઘટકની કચેરીનું ચોથું વર્ષ હતું. આ વર્ષ દરમ્યાન જે શાળાઓમાં જુલાઈ ૧૯૭૬માં ઉચ્ચતર માધ્યમિક વિભાગના ધોરણ ૧૧નું પ્રથમ વર્ષ શરુ થયુ હતું. તેમણે +૨નો તબકકો ૭૭–૭૮ના વર્ષમાં પૂરો કર્યો અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓને માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષામાં મોકલી આપ્યા હતા. અહેવાલનું વર્ષ આ પરીક્ષા માટે બીજું વર્ષ હતું. સને ૭૮–૭૯ના વર્ષ દરમ્યાન ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વર્ગો ચલાવતી શાળાઓની સંખ્યા ૭૫૫ હતી જેમાં ૧૯ ઉચ્ચતર ઉતર બુનિયાદી શાળાઓ હતી. જિલ્લાવાર ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સંખ્યા પરિશિષ્ટ–૫માં બતાવવામાં આવી છે.

૨. **ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વિવિધ પ્રવાહો**—ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનું ૧૦+૨નું માળખુ ગુજરાત રાજ્યમાં જુલાઈ ૧૯૭૬માં અમલી બન્યુ તે વખતે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન એમ ત્રણ પ્રવાહો દાખલ કરવામાં આવ્યા. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તારીખ ૭મી એપ્રિલ, ૧૯૭૭ અને તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૭૭ની બેઠકમાં ચર્ચામાં નક્કી થતાં તથા સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ નં. ઈડીએસ-૯૧૭૭–૫૦૨૩૧-ગ તારીખ ૧૯મી મે, ૧૯૭૮ અન્વયે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વિનયન અને વાણિજ્ય એમ બે પ્રવાહોને બદલે શૈક્ષણિક વર્ષ ૭૮–૭૯ થી સામાન્ય પ્રવાહ રાખવાનું સરકારશ્રીએ ઠરાવ્યું તે ઉપરાંત વિજ્ઞાન પ્રવાહ તથા ગૃહ વિજ્ઞાન પ્રવાહ એમ કુલ ત્રણ પ્રવાહ ચાલુ રાખવામાં આવ્યા. પરિશિષ્ટ–૫માં ઉપરોકત પ્રવાહ શીખવતી ઉચ્ચતર માધ્યમિક શાળાઓની જિલ્લાવાર સંખ્યા દર્શાવેલી છે.

૩. **એડહોક ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ**—૧૦+૨ના એડહોક બોર્ડ જેની રચના તારીખ ૧૭મી નવેમ્બર, ૧૯૭૫ના સરકારી ઠરાવથી બે વર્ષ માટે કરવામાં આવી હતી. તેની મુદત તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૭૯ના ઠરાવથી તારીખ ૩૧મી ડીસેમ્બર, ૧૯૮૦ સુધી લંબાવવામાં આવી છે. અહેવાલના વર્ષ દરમ્યાન એડહોક બોર્ડની ત્રણ મિટીંગો કરવામાં આવી હતી. પ્રવર્તમાન વિનયન અને વાણિજ્યના અલગ પ્રવાહોને બદલે સામાન્ય પ્રવાહ રાખવા તથા ગૃહ વિજ્ઞાનનો નવો પ્રવાહ શરૂ કરવા માટેના મહત્વના નિર્ણયો લીધેલા હતા. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના અભ્યાસક્રમના વિવિધ મુદ્દાઓ ઉપર સંદર્ભ પુસ્તિકાઓ તૈયાર કરવા માટેના કાર્યક્રમની પણ બોર્ડે ભલામણ કરેલ અને આ કાર્ય યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના સહયોગથી હાથ ધરવામાં આવેલ. આ કાર્યક્રમ હેઠળ ૬૪ જેટલી લઘુ પુસ્તિકાઓ પ્રકાશિત થયેલી છે.

૪. **૭૮-૭૯ના વર્ષ દરમ્યાન નવી શરૂ થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ચકાસણી.**—એડહોક બોર્ડે કરેલા નિર્ણય પ્રમાણે અને ગત વર્ષ અખત્યાર કરેલી પદ્ધતિ મુજબ અહેવાલના વર્ષે પણ જિલ્લા કક્ષાની "ચકાસણી સમિતિઓ"એ નવી ઉચ્ચતર માધ્યમિક શાળાઓની મુલાકાતો વખતે શાળાઓની ભૌતિક સુવિધાઓ તથા શિક્ષણ કાર્ય વગેરેને ધ્યાનમાં લઈ તેમની ભલામણોના આધારે આ શાળાઓને ધોરણ ૧૨મા વર્ગો શરૂ કરવાની પરવાનગી આપવામાં આવી હતી.

૫. **વાર્ષિક પરીક્ષા** :—ધોરણ ૧૧ની વાર્ષિક પરીક્ષા શાળાઓએ લીધી હતી. અને તેમને માર્ગદર્શન મળી રહે તે માટે પ્રશ્નપત્રોના પરિરૂપ તૈયારી કરી પહોંચાડવામાં આવ્યા હતાં. ધોરણ ૧૨ના અંતે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષા લેવાનું કામ સરકારશ્રીએ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડને સોંપવાનું કરાવ્યું હતું. તે મુજબ ૭૮--૭૯ના વર્ષની ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષા એ જાહેર પરીક્ષાનું બીજુ વર્ષ હતું.

૬. **શિક્ષકોને નોકરી અંતરગર્ત તાલીમ**—અહેવાલના વર્ષ દરમ્યાન ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિવિધ પ્રવાહોમાં શીખવતા જુદા જુદા વિષયોના શિક્ષકો તથા કોલેજોમાંથી આવેલા સંખ્યાધિક અધ્યાપકોને તાલીમ આપવાનો કાર્યક્રમ ઉનાળુ વેકેશન (મે--૧૯૭૮) અને દિવાળી વેકેશન (ઓકટોબર ૧૯૭૮) દરમ્યાન રાજ્ય શિક્ષણ ભવન, અમદાવાદના ઉપક્રમે હાથ ધરવામાં આવ્યો હતો. આ તાલીમી વર્ગોનો નીચેની કેટેગરીવાળા શિક્ષકોએ લાભ લીધો હતો.

૧. નવી શરૂ થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો સંખ્યા ૩૪૨.

૨. ધોરણ ૧૧ના નવા વર્ગો જે ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ખુલ્યા તેના શિક્ષકો સંખ્યા--૨૭૨.

૩. ધોરણ ૧૧-૧૨ના શિક્ષકોના ચાર તાલીમ વર્ગોમાં શિક્ષકોએ હાજરી ન આપેલ હોય તેવા શિક્ષકો સંખ્યા--૫૦૦.

૪. કોલેજો માંથી ફાજલ થયેલા અધ્યાપકો જેમને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સમાવવામાં આવેલા તેવા શિક્ષકો સંખ્યા--૮૩૬.

૭. ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અનુદાન:—નવી શરૂ થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પૈકી વિજ્ઞાન પ્રવાહ વાળી શાળાઓને વિજ્ઞાનની પ્રયોગ શાળાઓની સજ્જતા માટે રૂા. ૨૦,૦૦૦ તથા સામાન્ય પ્રવાહ માટેની શાળાઓને રૂા. ૧૦,૦૦૦ લેખે એડહોક ગ્રાન્ટ આપવામાં આવી હતી. આ અંગેની વિગત નીચે પ્રમાણે છે.

| | રૂા. |
|---|---|
| ૧. આદિવાસી વિસ્તારની ૧૬ ઉ. મા. શાળાઓને રૂા. ૧૦,૦૦૦ લેખે એડહોક ગ્રાન્ટ | ૧૬૦૦૦૦ |
| ૨. બિન આદિવાસી વિસ્તારની ૮૦ ઉ. મા. શાળાઓને રૂા. ૧૦,૦૦૦ લેખે એડહોક ગ્રાન્ટ | ૮૦૦૦૦૦ |
| ૩. બે સરકારી ઉ. મા. શાળાઓને રૂા. ૨૫,૦૦૦ લેખે એડહોક ગ્રાન્ટ | ૫૦૦૦૦ |

(૮) સ્વાધ્યાયલક્ષી અધ્યયન કાર્યક્રમ:—સને ૭૬--૭૭ના વર્ષમાં શરૂ કરવામાં આવેલો સ્વાધ્યાયલક્ષી અધ્યયન કાર્યક્રમ અહેવાલના વર્ષ દરમ્યાન ચાલુ રાખવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ તથા શિક્ષકોનો સામાન્ય પ્રતિભાવ ઘણો સંતોષકારક હતો. અને આ અભિગમ વિદ્યાર્થીઓને શૈક્ષણિક રીતે સ્વાવલંબી બનાવવામાં ઘણો મદદરૂપ નીવડયો હતો. નિષ્ણાતો દ્વારા તૈયાર કરાવવામાં આવેલું. સ્વાધ્યાયલક્ષી અધ્યયન માટેનું સાહિત્ય વિદ્યાર્થીઓના ઉપયોગ માટે શાળાઓને પુરૂ પાડવામાં આવ્યું હતું.

સ્વાધ્યાયલક્ષી અભિગમને લીધે વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં સારા એવા પ્રમાણમાં જવાબદારી-નું ભાન વિકસ્યું છે. અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વિદ્યાર્થીઓ એક પ્રકારના શૈક્ષણિક શિસ્તના વાતાવરણમાં કામ કરતા જોવા મળ્યા હતાં.

(૯) વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો :—ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના તબક્કામાં ભારત સરકારે ક્રમિક વ્યવસાયીકરણની ભલામણ કરેલી છે. તદનુસાર એપ્રિલ ૧૯૮૦માં ૩૦ જેટલી સંસ્થાઓને વાણિજ્ય, કલા તેમજ બહેનો માટેના વ્યવસાયલક્ષી કારકિર્દી અભ્યાસક્રમો ચલાવવા માટે પરવાનગી આપવામાં આવી હતી. છ માસથી માંડીને ત્રણ વર્ષ સુધીના સમયગાળાના આવા કુલ ૩૦ અભ્યાસક્રમોનો ૩૦૧૭ જેટલા વિદ્યાર્થીઓ--વિદ્યાર્થીનીઓએ લાભ લીધો હતો.

(૧૦) ઉ.મા. શાળાઓનું પેનલ નિરીક્ષણ:—ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું શિક્ષણ કાર્ય અસરકારક બને અને વહીવટી વ્યવસ્થા પણ યોગ્ય રીતે ગોઠવાય તે અંગે જરૂરી માર્ગદર્શન અને સલાહ સૂચનો આપવા ૭૮—૭૯ના વર્ષ દરમ્યાન ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પેનલ નિરીક્ષણની વ્યવસ્થા ગોઠવવામાં આવી. પેનલ સમિતિમાં બોર્ડના એક સભ્ય, જે તે જિલ્લાની એક ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય, કોલેજના એક અધ્યાપક જે તે જિલ્લાના શિક્ષણાધિકારી તથા ૧૦+૨ ખાસ ઘટકના વિષય નિષ્ણતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(૧૧) **આ દિશેસ્યા કમિટીનો અહેવાલ** :—માધ્યમિક શિક્ષણના અભ્યાસક્રમા અને તેના માળખાનું નવીનીકરણ કરવા માટે શ્રી ઈશ્વરભાઈ કમિટિનો અહેવાલ તેમજ શ્રી આદિશેશસ્યા રાષ્ટ્રીય સમીક્ષા સમિતિના અહેવાલને તેમજ ધોરણ ૮ થી ૧૦ના સૂચિત નવા માળખાને લક્ષમાં રાખીને ધોરણ ૧૧ અને ૧૨નું સૂચિત માળખું ઘડવા માટે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (એડ-હોક)ની તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૭૮ની દસમી બેઠકમાં એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિ સમક્ષ ખાસ ઘટક તરફથી સૂચિત ધોરણ ૧૧ અને ૧૨નું એક કામ ચલાઉ માળખુ રજુ કરવામાં આવ્યું હતું. માળખું મુખ્યત્વે શ્રી આદિશેશસ્યા સમિતિએ સૂચવેલા માળખા પર આધારિત હતું. સમિતિએ આ સૂચિત માળખા પર પૂરતી ચર્ચા વિચારણા કરી હતી. તે માટે ત્રણ બેઠકો યોજીને ધોરણ ૧૧-૧૨નું સૂચિત માળખું તૈયાર કર્યું હતું. આ માળખુ ગુજરાતી ધોરણ ૧૧-૧૨ની શૈક્ષણિક જરૂરિયાતો અને સુવિધાઓને તથા પ્રવર્તમાન સામાન્ય પ્રવાહ વિજ્ઞાન પ્રવાહ, ગૃહ વિજ્ઞાન પ્રવાહ તથા ઉચ્ચતર ઉતર બુનિયાદી શાળાઓ અને વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોને લક્ષયમાં રાખી ચર્ચા વિચારણાને અંતે ઉત્ક્રાંત થયેલુ માળખુ છે. આ માળખાની વિશિષ્ટતા એ છે કે વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ મેળવતાં પસંદગીમાં વધુને વધુ અવકાશ રહે અને ધો-૧૧-૧૨ દરમ્યાન આંતર વિદ્યાકીય અનુબંધ મળી રહે તથા વિષયોની પસંદગીમાં અસમતુલા ન આવે તે દ્રષ્ટિએ વિષય જુથો પાડીને માળખુ રચવામાં આવ્યું છે. આ માળખાને રાજ્યની તારીખ ૯મી ફેબ્રુઆરી, ૧૯૭૯ની શિક્ષણ સલાહકાર પરિષદમાં મંજુર રાખવામાં આવ્યું હતું.

આ માળખાના અનુસંધાનમાં પ્રવર્તમાન અભ્યાસક્રમોનું નવીનીકરણ કરવા માટે રાજ્ય શિક્ષણ સલાહકાર પરિષદે ખાસ ઘટકને ભલામણ કરી છે. તેના અનુસંધાનમાં આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. ઉપરોકત સૂચિત માળખું ક્રમશઃ ધો ૧૧ અને ૧૨માં સને ૮૦ ૮૧ અને ૮૧-૮૨થી અમલી બને તેવી સંભાવના છે.

(૧૨) **વિભાગીય સંકલન બેઠકો**:—રાજ્યમાં આવેલ ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સંકલિત અને સંયોજિત રીતે વિકાસ થાય અને અધ્યયનલક્ષી અને સ્વાધ્યાયલક્ષી અભિગમ દ્વારા વિદ્યાર્થીઓને સ્વઃઅધ્યયન તરફ વાળવાની દિશામાં વૈજ્ઞાનિક અને વ્યવહારુ વિચારણા અને અમલ થાય તેવા હેતુઓને ખ્યાલમાં રાખીને વિભાગીય સંકલન બેઠકોની કામગીરી શરૂ કરવામાં આવી છે. આવા કાર્યક્રમો દ્વારા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના મૂળભૂત ઉદેશો સાર્થક કરી તેના સ્તરને ઉંચો લાવવાની આ એક વિશિષ્ટ પ્રથા છે.

(૧૩) **લઘુ પુસ્તિકાઓ** :—ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી વિદ્યાર્થીઓની સ્વાવલંબી બનાવવા અધ્યયનલક્ષી કાર્યક્રમ અપનાવવામાં આવ્યો છે. અને તેને અનુલક્ષીને સ્વાધ્યાય માટેનું સાહિત્ય વિદ્યાર્થીઓના ઉપયોગ માટે પુરુ પાડવામાં આવ્યું હતું. સદર અધ્યયનલક્ષી અભિગમને સફળ અને કાર્યક્ષમ બનાવવા માટે ખાસ ઘટક દ્વારા રાજ્યના ખ્યાતનામ વિદ્વાનો અને જુદા જુદા પ્રાધ્યાપકોની સહાયથી સંદર્ભ લઘુ પુસ્કિાઓ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના સહયોગથી બહાર પાડવાનું નક્કી કરવામાં આવેલુ. તે મુજબ ૭૮-૭૯ના વર્ષ દરમ્યાન કુલ ૬૪ જેટલી લઘુ પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

## પ્રકરણ—૩

### ઉચ્ચ શિક્ષણ

અહેવાલના વર્ષ દરમ્યાન રાજ્યમાં પાંચ વૈધાનિક યુનિવર્સિટીઓ કામ કરતી હતી. આ ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ યુ. જી. સી. એક્ટના આધારે માન્ય યુનિવર્સિટી તરીકે કામ કરતી હતી. યુનિવર્સિટીઓને નીચે જણાવ્યા પ્રમાણે ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ હતી.

| અ.નં. | યુનિવર્સિટીનું નામ | નિભાવ ગ્રાન્ટ | સ્કીમ ગ્રાન્ટ |
|---|---|---|---|
| ૧. | મ. સ. યુનિ. વડોદરા. | ૨૮૭૮૬૦૫૧ | ૬૯૬૦૧૧ |
| ૨. | સરદાર પટેલ યુનિ. વલ્લભ વિદ્યાનગર | ૫૦૪૧૦૯૦ | ૧૯૦૫૫૦૦ |
| ૩. | ગુજરાત યુનિ. અમદાવાદ | ૩૦૭૬૯૨૮ | ૧૯૮૫૬૧ |
| ૪. | દક્ષિણ ગુજરાત યુનિ. સુરત. | ૪૧૫૭૦૦૦ | ૭૬૭૫૪૦ |
| ૫. | સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ | ૫૩૮૧૦૦૦ | ૪૦૧૩૬૮ |
| ૬. | સૌરાષ્ટ્ર યુનિ. સંચાલિત ભાવનગરની ત્રણ કોલેજ. | ૧૮૦૭૬૩૬ | ૧૯૩૦૦ |
| ૭. | ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ | ૫૭૯૫૦૮ | ૧૦૯૯૬ |
| | કુલ | ૪૮૮૨૯૨૧૩ | ૫૭૮૬૩૨૯ |

અહેવાલના વર્ષ દરમ્યાન ભાવનગર મથકે ભાવનગર રેસિડેન્સ્યલ યુનિ.ની સ્થાપના થયેલી છે. આ યુનિ.ના નિભાવ વિકાસ માટે કુલ રૂા. ૨૦૪૦૦૦/ ની સહાય આપવામાં આવેલી.

(૨) અહેવાલના વર્ષ દરમ્યાન ૧૨ સંશોધન સંસ્થાઓ હતી. વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજોની સંખ્યા ૧૫૮ હતી. સમગ્ર ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા ૧.૯૫ લાખ હતી. આ ઉપરાંત ૧૦૯ વ્યાવસાયિક કોલેજો હતી જે નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧. | શિક્ષણની કોલેજો | ૩૫ |
| ૨. | વાણિજ્ય કોલેજો | ૪૩ |
| ૩. | કાયદાની કોલેજો | ૨૪ |
| ૪. | બીજી વ્યાવસાયિક કોલેજો | ૭ |
| | કુલ | ૧૦૯ |

(૩) વિશિષ્ટ શિક્ષણ માટેની ૬ સંસ્થાઓ હતી. તેમના નામો નીચે જણાવ્યા પ્રમાણે છે.

૧. ઓરિઅન્ટલ ઈન્સ્ટીટયુટ, વડોદરા.

૨. સંસ્કૃત મહાવિદ્યાલય, વડોદરા.

૩. ગાંધી વિદ્યાપીઠ, વેડછી (જિ. સુરત).

૪. લોકભારતી, સણોસરા, (જિ. ભાવનગર).

૫. સરસ્વતી ગ્રામ વિદ્યાપીઠ, સમોડા, (જિ. મહેસાણા).

૬. મંગલભારતી, બહાદુરપુર (જિ. વડોદરા).

(૪) રાજ્યની યુનિવર્સિટીઓના વિકાસાર્થે રાજ્યના આયોજન સદરે ૧૯૭૮-૭૯ના વર્ષ દરમ્યાન રૂા. ૫૩.૬૮ લાખની જોગવાઈ કરવામાં આવી હતી.

# પ્રકરણ—૪

## ગ્રંથાલય વ્યવસ્થા અને અન્ય શૈક્ષણિક તથા પ્રકીર્ણ પ્રવૃત્તિઓ

**ગ્રંથાલય વ્યવસ્થા :**—ગુજરાત રાજ્યની સને ૧૯૬૦માં સ્થાપના થઈ ત્યારથી ગુજરાત રાજ્યના ગ્રંથાલય વ્યવસ્થા અધિકારીની કચેરી અસ્તિત્વમાં આવી જે ગુજરાત રાજ્યના શિક્ષણ નિયામકશ્રીની સંલગ્ન કચેરી તરીકે નીચે પ્રમાણેની કામગીરીઓ બજાવે છે.

૧. સરકારી સહાય મેળવતા જાહેર ગ્રંથાલયોની તપાસણી કરવી, માન્યતા આપવી તથા ગ્રાન્ટ બાબત.

૨. સરકારી જાહેર ગ્રંથાલયોની દેખરેખ તથા તપાસણી.

૩. શિષ્ટ સાહિત્યનાં પુસ્તકો, સામયિકોની ગ્રંથાલયોને ભલામણ કરવી.

૪. ગ્રંથાલય વિકાસ યોજનાઓ ઘડવી અને તેમનો અમલ કરવો.

૫. રાજારામ મોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશન અંગેની કામગીરી.

૬. સ્વ. શ્રી મોતીભાઈ અમીન ગ્રંથાલય સેવા એવોર્ડ અંગેની કામગીરી.

૭. શાળા પુસ્તકાલયો માટે વસાવવા યોગ્ય પુસ્તકોની પસંદગી. અને ખરીદી સમિતિના સભ્ય-સચિવ તરીકે કામગીરી.

૮. રાજ્ય ગ્રંથાલય સલાહકાર સમિતિના સભ્ય સચિવ તરીકે કામગીરી.

૯. રાજ્ય સરકારની શ્રેષ્ઠ ગુજરાતી સાહિત્ય સ્પર્ધાની કામગીરી.

આ કચેરી નીચે ત્રણ મદદનીશ ગ્રંથાલય વ્યવસ્થા અધિકારીઓની કચેરીઓ કામ કરે છે. જે અમદાવાદ વિભાગ અમદાવાદ, વડોદરા વિભાગ વડોદરા, અને રાજકોટ વિભાગ રાજકોટ ખાતે આવેલી છે. હાલ ગુજરાત રાજ્યમાં સરકારી જાહેર ગ્રંથાલયો તથા સરકારી સહાય મેળવતા ગ્રંથાલયોની કુલ સંખ્યા ૫૬૯૫ છે. જે પૈકી સરકારી જાહેર ગ્રંથાલયોની સંખ્યા ૪૦ છે. સરકારી ગ્રંથાલયોની, અહેવાલના વર્ષ દરમ્યાન થયેલ કામગીરી દર્શાવતું પત્રક "અ" સામેલ છે.

(૨) **સરકારી સહાય મેળવતા ગ્રંથાલયો.**—સરકારશ્રી તરફથી ચાલતા ગ્રંથાલયો સિવાય ૫૦૦૦ થી વધારે વસ્તી ધરાવતાં ગામોમાં સરકારી સહાય મેળવતા વિવિધ પ્રકારનાં ગ્રંથાલયોની સંખ્યા ૪૭૦ ની છે. આ ગ્રંથાલયોને અહેવાલના વર્ષ દરમ્યાન કુલ ૧૨,૭૪,૨૧૮ રૂપિયાની ગ્રાન્ટ મૂકવવામાં આવી હતી.

## "સરકારી ગ્રંથાલયોનું માહિતી પત્રક અ"

| અ.નં | ગ્રંથાલયની કક્ષા. | ગ્રંથાલય-ની સંખ્યા | ૭૮--૭૯માં થયેલ કુલ ખર્ચ. | વાંચન સાહિત્ય પાછળ ખર્ચ | પુસ્તકોની સંખ્યા | સભ્ય સંખ્યા | પુસ્તક પરિભ્રમણ | વાંચનાલયમાં દૈનિક સરેરાશ હાજરી. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧. | સેન્ટ્રલ લાયબ્રેરી વડોદરા. | ૧ | ૨૩૦૦૦૦ | ૪૦૦૦૦ | ૨૧૭૮૯૫ | ૧૦૦૦૦ | ૩૯૦૭૦૦ | ૧૨૦૦ |
| ૨. | જિલ્લા ગ્રંથાલયો | ૧૭ | ૯૩૨૬૩૮ | ૨૬૮૭૦૫ | ૪૧૨૬૯૩ | ૨૫૩૯૩ | ૭૮૯૧૦૪ | ૬૫૯૦ |
| ૩. | અન્ય સરકારી ગ્રંથાલયો | ૪ | ૯૫૬૮૧ | ૧૭૨૦૭ | ૫૦૫૨૯ | ૨૨૫૩ | ૬૦૦૨૧ | ૧૦૧૫ |
| ૪. | મહિલા ગ્રંથાલયો | ૨ | ૨૬૦૪૪ | ૬૯૫૮ | ૧૦૯૬૮ | ૧૩૬૬ | ૧૪૫૯૧ | ૯૫ |
| ૫. | ઈન્ટીગ્રેટેડ લાયબ્રેરી સર્વિસ | ૨ | ૪૮૯૦૭ | ૨૦૩૫ | ૪૧૦૨૬ | ... | ૧૬૯૬૯ | ... |
| ૬. | ટ્રાયબલ એરીયામાં સરકારી તાલુકા પુસ્તકાલયો. | ૧૪ | ૩૯૫૯૦૭ | ૧૨૯૪૫૨ | ૪૨૪૯૯ | ૨૦૪૯ | ૯૨૮૫૫ | ૭૩૯ |
| | કુલ... | ૪૦ | ૧૭૨૯૧૭૭ | ૪૬૪૩૫૭ | ૭૭૫૬૧૦ | ૪૧૦૬૧ | ૧૩૬૪૨૪૦ | ૯૬૩૯ |

(૩) **ગ્રામ ગ્રંથાલયો.**—૧૦૦૦ કે તેથી ઓછી વસતિ ધરાવતાં ગામોમાં આવેલા સરકાર માન્ય અને સરકારી સહાય મેળવતાં ગ્રામ ગ્રંથાલયોની સંખ્યા ૫૧૮૫ છે. ગ્રામ ગ્રંથાલયોને વર્ષ દરમ્યાન કુલ ૧૭,૪૭,૫૨૮/- રૂપિયાની ગ્રાન્ટ ચૂકવવામાં આવી હતી.

(૪) આ ઉપરાંત સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા રાજકોટ, ભાવનગર, સુરેન્દ્રનગર અને જૂનાગઢ જિલ્લાઓમાં ફરતાં પુસ્તકાલયો હતા. તે અહેવાલના વર્ષ દરમ્યાન બંધ કરીને સ્થાયી ગ્રામ ગ્રંથાલયોની યોજનામાં રૂપાંતર કરવામાં આવેલા છે. તેમજ આ યોજના હેઠળ પ્રતિવર્ષ ઉપરોક્ત પાંચે જિલ્લાઓમાં ૯૦ ગ્રામ ગ્રંથાલયો શરૂ કરવાનું ઠરાવેલ છે. આ જિલ્લાઓમાં આવેલા ગ્રામ ગ્રંથાલયોના સઘળો વહીવટ રાજકોટ વિભાગના મદદનીશ ગ્રંથાલય વ્યવસ્થા અધિકારીશ્રીને સોંપવામાં આવ્યો છે.

(૫) સ્વ. મોતીભાઈ અમીન ગ્રંથાલય સેવા એવોર્ડ અને ઉત્તમ ગ્રંથાલય સેવા પ્રમાણપત્ર માટેની યોજના.—સરકારશ્રીના શિક્ષણ અને મજૂર વિભાગના તા. ૨૦મી ઓગષ્ટ ૧૯૭૪ના ઠરાવથી પ્રતિવર્ષ રાજ્યમાં ઉત્તમ ગ્રંથાલય સેવા આપનાર એક ગ્રામ ગ્રંથાલયને અને તે સિવાયના જાહેર ગ્રંથાલય પૈકી ઉત્તમ ગ્રંથાલય સેવા પૂરી પાડનાર જાહેર ગ્રંથાલયને એમ બે ગ્રંથાલયોને દરેકને રૂા. ૫૦૧નું રોકડ પારિતોષિક અને ઉત્તમ ગ્રંથાલય સેવા આપવા માટેનું પ્રમાણપત્ર આપવાનું ઠરાવવામાં આવેલ છે. તેમજ સરકારશ્રીના શિક્ષણ વિભાગ તા. ૧૫મી સપ્ટેમ્બર ૧૯૭૭ થી વિજેતા થયેલા ગ્રંથાલયોના ગ્રંથપાલોને પણ રૂા. ૫૦૧નું રોકડ પારિતોષિક અને ઉત્તમ ગ્રંથાલય સેવા આપવા માટેનું પ્રમાણપત્ર આપવાનું ઠરાવવામાં આવેલું છે. આ યોજના હેઠળનું પારિતોષિક અહેવાલના વર્ષ દરમ્યાન શ્રી દેવચંદ્રજી સાર્વજનિક પુસ્તકાલય, લીંબડી, જિ. સુરેન્દ્રનગર તથા તેના ગ્રંથપાલને તા. ૨૯મી નવેમ્બર ૧૯૭૮ના રોજ માનનીય શિક્ષણ મંત્રીશ્રી નવલભાઈ શાહના વરદ હસ્તે લીંબડી મુકામે એનાયત કરવામાં આવેલ.

**૧. અન્ય શૈક્ષણિક તથા પ્રકીર્ણ પ્રવૃત્તિઓ.** સંસ્થા, પેટા સંસ્થા તથા શાળા સલાહકાર (ગ્રાબામાં પાટણ, રાજકોટ, જામનગર) દ્વારા અને ૭૮–૭૯ના વર્ષ દરમ્યાન થયેલ કામગીરીનો અહેવાલ નીચે પ્રમાણે છે.

**૨.૧ અભિમુખ કાર્યક્રમો.**-માધ્યમિક શાળાઓના શિક્ષકો આચાર્યો, તથા પ્રશિક્ષણ સંસ્થાઓનાં તાલીમાર્થીઓને સંસ્થાની વિવિધ પ્રવૃતિઓ અને માર્ગદર્શન ક્ષેત્રે અભિમુખતા કેળવવા માટે રાજ્યના નીચે દર્શાવેલા ૧૩ સ્થળોએ એક થી બે દિવસના અભિમુખ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતાં. માંગરોળ, સણોસરા રાજપીપળા, બિલીમોરા, અંબાજી, અલિયાબાડા, દ્વારકા, વિસનગર, સુરેન્દ્રનગર, રાજકોટ, ખેરાળુ, વિજાપુર, તથા ચાણસ્મા.

**૨.૨ કારકિર્દી પ્રદર્શન.**—રાજ્યની માધ્યમિક શાળાઓ તેમજ વિવિધ સ્થળોએ સામુદાયિક સંસ્થાઓના સહકારથી ૨૦૦ કારકિર્દી વિષય પ્રદર્શનો યોજવામાં આવ્યા હતાં. આનો લાભ ૧૪૩૧૬૪ મુલાકાતીઓએ લીધો હતો.

**૨.૩ ફિલ્મ અને ફિલ્મસ્ટ્રીપ.**—વર્ષ દરમ્યાન ૧૨ જેટલી શૈક્ષણિક સંસ્થાઓના લગભગ ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ/વાલીઓએ ફિલ્મ અને ફિલ્મસ્ટ્રીપના નિદર્શન કાર્યક્રમોનો લાભ લીધો હતો.

**૨.૪ માહિતી વિતરણ સેવા.**—અહેવાલના ગાળા દરમ્યાન ૮૫૯૦ વિદ્યાર્થીઓએ રૂબરૂમાં તથા ૧૦૭૧૮ વિદ્યાર્થીઓએ પત્ર દ્વારા જરૂરી માહિતી મેળવી હતી.

**૨.૫ કારકિર્દી પરીષદ અને કારકિર્દી આયોજન સપ્તાહ.**—શિક્ષણ ખાતા તથા રોજગાર ખાતાના સંયુકત સહકારથી કારકિર્દી આયોજન સપ્તાહની જિલ્લા તથા તાલુકા કક્ષાએ ઉજવણી કરવામાં આવે છે. જે વખતે વિવિધ ક્ષેત્રોના નિષ્ણાંતોના વાર્તાલાભો, ફિલ્મદર્શન, નિબંધ સ્પર્ધા, ઔદ્યોગિક કેન્દ્રોની મુલાકાતો વગેરે વિવિધ કાર્યક્રમો યોજાય છે.

**૨.૬ મનો વૈજ્ઞાનિક કસોટીઓ અને સલાહ સેવા.** સંસ્થામાં રૂબરૂ આવીને ૧૨૧ વિદ્યાર્થીઓએ પોતાની જાતને અને વૈજ્ઞાનિક કચેરીઓ દ્વારા ઓળખવાનો તથા સલાહ સેવાનો લાભ મેળવ્યો હતો.

રાજ્યની ૪૩ માધ્યમિક શાળાઓના ૫૦૯૯ વિદ્યાર્થીઓને સમુહમાં જુદી જુદી મનો વૈજ્ઞાનિક કસોટીઓ લઈને મનોવૈજ્ઞાનિક રીતે અર્થઘટન દ્વારા સલાહ સૂચન આપવામાં આવ્યા હતા.

**૨.૭ પ્રચારાત્મક મુલાકાતો.**—૪૦૦ જેટલી શૈક્ષણિક સંસ્થાઓની સંસ્થાના સભ્યોએ મુલાકાતો લીધી હતી. મુલાકાતો દરમ્યાન કુલ ૩૫૦ કારકીર્દી વાર્તાલાપો પણ યોજવામાં આવ્યા હતા.

**૨.૮ પ્રકાશન:**—વર્ષ દરમ્યાન નીચે પ્રમાણેના પ્રકાશનો પ્રસિદ્ધ કરવામાં આવ્યા.

૧. માર્ગદર્શન—ત્રિમાસિક અંક.

૨. એસ. એસ. સી. ઉચ્ચતર માધ્યમિક તથા ઉચ્ચ શિક્ષણના વિવિધક્ષેત્રો માટેના અભ્યાસક્રમોને લગતી ૧૨ જેટલી માહિતી પત્રિકાઓ પુન:પ્રકાશિત કરવામાં આવી. આ ઉપરાંત વ્યવસાય પરિચયમાળા પુસ્તિકા નં. ૨ થી ૭નું પુન:મુદ્રણ કરવામાં આવ્યું.

માર્ગદર્શન પત્રિકા નં. ૧૧નું પુન:મુદ્રણ તથા નં. ૪૦ તમારુ વ્યકિતત્વ સુધારો નવી પ્રકાશિત કરવામાં આવી.

**૨.૯ પ્રકીર્ણ.**—૧. માહિતી ખાતા દ્વારા પ્રગટ થતા ગુજરાતના વ્યવસાય માર્ગદર્શન વિશેષાંક ૩ સંપાદન કરવામાં આવ્યું.

૨. રાજ્યની માધ્યમિક શાળામાં યોજાતા કારકિર્દી પ્રદર્શનોમાં ઉપયોગી એવા ૧૦ પોસ્ટર્સ તૈયાર કરાવ્યાં.

૩. આકાશવાણી અમદાવાદ પરથી વ્યવસાયી માર્ગદર્શનને લગતા કેટલાક વાર્તાલાપો આપવામાં આવ્યા. અને એ ઉપરાંત આઈ. ટી. આઈ. ના ઉમેદવારોની અભિયોગ્યતા કસોટીઓ આપવાના કાર્યક્રમોમાં તેમજ યુથ બોર્ડ દ્વારા યોજાયેલ યુથ કેમ્પોમાં સંસ્થાના અધિકારીઓએ વ્યવસાય માર્ગને લગતા વાર્તાલાપોમાં ભાગ લીધો હતો.

વધુમાં એન. સી. ઈ. આર. ટી ન્યુ દિલ્હી દ્વારા યોજાયેલ બહેનો માટેના કારકિર્દી વિષય પરિસંવાદમાં વ્ય. મા. અધિકારીએ ભાગ લઈ સ્વ રોજગાર અંગે નિબંધવાંચન કર્યું હતું.

(૨) **શારીરિક શિક્ષણ** :—રાજ્ય શારીરિક શિક્ષણ નિરીક્ષકની કચેરી શિક્ષણ નિયામકશ્રીની કચેરીનો સંલગ્ન કચેરી તરીકે કામ કરે છે. દરેક જિલ્લામાં સિવાય ડાંગ જિલ્લો એક નિરીક્ષકની નિમણુંક કરવામાં આવેલ છે. અમદાવાદ તેમજ મહેસાણા જિલ્લો મોટો હોઈ તેમાં બે નિરીક્ષકોની નિમણુંક કરવામાં આવેલ છે. માધ્યમિક કક્ષાના ધોરણ-૮ અને ૯માં શારીરિક શિક્ષણનો વિષય ફરજિયાત છે. ધોરણ ૧૦માં સ્વૈચ્છિક વિષય છે. મધ્યસ્થ સરકારના નેશનલ ફીટનેશ કોરનો અભ્યાસક્રમ માધ્યમિક તેમજ શારીરિક શિક્ષણની તાલીમી સંસ્થાઓમાં ફરજિયાત દાખલ કરવામાં આવ્યો છે. જુદી જુદી કક્ષાએ વિદ્યાર્થીઓ રમત ગમત અને ખેલકુદ સ્પર્ધામાં ભાગ લે છે.

દરેક જિલ્લામાં શારીરિક શિક્ષણનું કાર્ય વ્યવસ્થિત રીતે થાય તે માટે નિરીક્ષકો માધ્યમિક શાળાઓ, અધ્યયન મંદિરોની મુલાકાત તેમજ નિરીક્ષણના કાર્ય કરે છે અને જરૂરી માર્ગ દર્શન આપે છે.

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના અભ્યાસક્રમમાં શારીરિક શિક્ષણના વિષયને સ્થાન આપવામાં આવ્યું છે. સાક્ષરી વિષયોનું ભારણ વધી જતાં આ વિષયને પરીક્ષાના વિષયમાંથી બાકાત રાખ્યો છે.

રાજ્યમાં શારીરિક શિક્ષણની તાલીમી સંસ્થાઓ ૭ છે. આ પૈકી ચાર સંસ્થાઓમાં ફકત શારીરિક શિક્ષણના પ્રમાણપત્રોનો અભ્યાસક્રમ ચાલે છે. આ ચાર સંસ્થાઓ પૈકી ત્રણ સંસ્થાઓ ફકત ભાઈઓ માટે જ્યારે એક સંસ્થા ફકત બહેનો માટે જ છે. શારીરિક શિક્ષણ પ્રમાણપત્ર (સી. પી. એડ.) અને શારીરિક શિક્ષણનો ડીપ્લોમા (ડી. પી. એડ.)ના સંયુકત અભ્યાસક્રમની જોગવાઈ ધરાવતી સંસ્થાઓની સંખ્યા ત્રણ છે. આ પૈકી એક સંસ્થા ફકત ભાઈઓ માટે એક સંસ્થા ફકત બહેનો માટે અને એક સંસ્થા ભાઈઓ તથા બહેનોના બન્ને માટેની છે. અહેવાલના વર્ષ દરમ્યાન શારીરિક શિક્ષણ પ્રમાણપત્ર અભ્યાસક્રમમાં તાલીમાર્થીઓની સંખ્યા ૪૬૦ હતી. જ્યારે શારીરિક શિક્ષણ ડીપ્લોમાં અભ્યાસક્રમમાં તાલીમાર્થીઓની સંખ્યા ૧૩૫ હતી.

લક્ષ્મીબાઈ નેશનલ કોલેજ ઓફ ફીઝીકલ એજ્યુકેશન ગ્વાલીયરમાં બી. પી. ઈ. કોર્સમાં અભ્યાસ કરતા ગુજરાત રાજ્યના ૬ વિદ્યાર્થીઓને દરેકને પ્રોત્સાહન રૂપે રૂા. ૩૦૦-૦૦ અને અનુસ્નાતકનો અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓને દરેકને રૂા. ૮૦૦ની સ્કોલરશીપ એનાયત કરવામાં આવેલ છે.

આ ઉપરાંત સ્કાઉટીંગ અને ગર્લ ગાઈડીંગની પ્રવૃતિ, શાળામાં દાકતર તપાસ, રાષ્ટ્રિય ક્ષમતાદળ યોજના, રાષ્ટ્રિય શારીરિક ક્ષમતા આંદોલન પ્રવૃતિ, નવવિધાન તાલીમ વર્ગો, યોજના અને રાષ્ટ્રિય કક્ષાએ યોજાયેલ હરિફાઈમાં ખેલાડીઓને મોકલવા વગેરે વિવિધ જાતની પ્રવૃતિઓ થાય છે.

(૩) **વાણિજ્ય શિક્ષણ** :—રાજ્યમાં વાણિજ્યક શિક્ષણ ચાર પ્રકારની સંસ્થાઓ દ્વારા આપવામાં આવે છે. (૧) વાણિજ્ય કોલેજો યુનિવર્સિટી સાથે જોડાયેલ છે અને તેમાં ઉચ્ચતર માધ્યમિક તબક્કા પછી ત્રણ વર્ષનો અભ્યાસક્રમ છે,

(૨) ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૧૧ અને ૧૨માં સામાન્ય પ્રવાહમાં વાણિજ્યકના વિષયોનું શિક્ષણ આપવામાં આવે છે.

(૩) વાણિજ્યક અને વિવિધલક્ષી શાળાઓ સામાન્ય શિક્ષણની સાથોસાથ વાણિજ્ય શિક્ષણના પૂર્વ વ્યવસાય અંગેનું શિક્ષણ ધોરણ ૮ થી ૧૦માં આપે છે. હેવાલના વર્ષના અંતે વાણિજ્ય વિષયોનું શિક્ષણ આપતી માધ્યમિક શાળાઓની સંખ્યા ૧૧૩ હતી.

(૪) વાણિજ્યક સંસ્થાઓ લઘુ લેખન, ટાઈપ લેખન, એકાઉન્ટસી, વેચાણ કળા, સેક્રેટરીયલ પ્રેક્ટીસ વગેરે વિષયોનું શિક્ષણ આપે છે. તે ઉપરાંત સરકારી વાણિજ્યક ડિપ્લોમાંના અભ્યાસક્રમના વિષયોનું પિણ શિક્ષણ આપવામાં આવે છે. હેવાલના વર્ષના અંતે આવી સંસ્થાઓની સંખ્યા ૨૬૬ હતી.

વાણિજ્યક શાળાઓના નિરીક્ષકની કચેરીનું મુખ્ય કામ વાણિજ્યક શાળાઓ તથા સંસ્થાઓનું નિરીક્ષણ કરવાનું તથા વાણિજ્યક સંસ્થાઓને માન્યતા આપવાનું છે.

ચાલુ વર્ષે સરકારશ્રીના આદેશ અનુસાર રાજ્યની ૧૫ સરકારી વાણિજ્યક શાળાઓમાં શાળાના સમય પહેલા કે પછી ગુજરાતી ટાઈપ લેખનના વર્ગો શરૂ કરવામાં આવ્યા હતાં.

**(૪) લોન અને શિષ્યવૃત્તિઓ :**—રાજ્યની વિવિધ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં અભ્યાસ કરતા જરૂરતવાળા અને તેજસ્વી વિદ્યાર્થીઓને તેમનું શિક્ષણ પુરુ કરવા રાજ્ય સરકાર તરફથી નાણાંકીય સહાય આપવામાં આવે છે. આ યોજના અન્વયે ૨૫ જાતની લોન શિષ્યવૃત્તિઓ આપવામાં આવે છે જેમાં મુખ્યત્વે અને મહત્ત્વની નીચે મુજબની શિષ્યવૃત્તિઓ ગુણવતા તેમજ આવકના ધોરણે આપવામાં આવે છે.

આ શિષ્યવૃત્તિ અભ્યાસક્રમને લક્ષમાં લઈને સ્નાતક અને અનુસ્નાતક કક્ષા સુધી આપવામાં આવે છે. આવી લોન-શિષ્યવૃત્તિ પ્રથમ વર્ષે જે તે મળેલ હોય તેને તે અભ્યાસક્રમ ચાલુ રાખે ત્યાં સુધી તાજી (રીન્યુ) કરવામાં આવે છે. અને આમ દર વર્ષે એવોર્ડની અને રીન્યુઅલની સંખ્યા વધતી રહે છે.

**(૧) આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓની ફી માફી :**—જે વિદ્યાર્થીના વાલી-મા બાપની વાર્ષિક આવક રૂા. ૩૬,૦૦ સુધીની હોય તેમને ધોરણ—૧૨ સુધી આ લાભ આપવામાં આવે છે. ૫૦ ટકાથી ઓછા ગુણ મેળવનારને અર્ધી માફી અને ૫૦ ટકાથી વધુ ગુણ મેળવનારને પૂર્ણ માફી આપવામાં આવે છે.

| વર્ષ | લાભ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા | વાર્ષિક ખર્ચ |
|---|---|---|
| ૭૭–૭૮ | ૪૯૭૩૭ | ૧૨૦૮૬૯૮૦-૦૦ |
| ૭૮–૭૯ | ૫૧૭૩૫ | ૧૨૭૦૪૮૩૩–૦૦ |

**(૨) રાજકીય રીતે રાહત કરનાર વ્યકિતઓનાં બાળકોને શૈક્ષણિક સવલતો:—**(આઝાદીના લડવૈયા) આ યોજના નીચે આઝાદીની લડતમાં ભાગ લેનાર લડવૈયાના બાળકોને શિષ્યવૃત્તિ (સ્ટાઈપેન્ડ) પુસ્તકો નાણાકીય સહાય આપવામાં આવે છે. આવક મર્યાદા રૂા. ૪૮૦૦–૦૦ ઠરાવેલ છે. આ યોજના સરકારશ્રીના શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ નં. પીઓએસ ૧૦૭૩–૩૬૬૮૭–જીએચ તા. ૪–૭–૭૪ થી ચાલુ રહેલ છે.

| વર્ષ | સંખ્યા | વૃત્તિકા | પુસ્તકો | શિષ્યવૃત્તિઓ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૭૭–૭૮ | ૨૭૬ | ૮૩૭૬૫ | ૧૮૦૨૦ | ૪૭૯૬૬ | ૧૪૯૭૫૧ |
| ૭૮–૭૯ | ૨૦૧ | ૨૨૩૧૨ | ૧૦૪૩૮ | ૮૬૪૮૪ | ૧૧૯૨૩૪ |

**(૩) બર્મા-સિલોન પોર્ટુગીઝથી પાછા ફરેલા હિન્દીઓના બાળકોને શૈક્ષણિક સવલતો:—** આ યોજના નીચે ઉપરોકત દેશમાંથી હિન્દીઓના વસવાટની કલ્યાણકારી યોજના નીચે રહેઠાણ તથા શૈક્ષણિક સવલતો આપવામાં આવે છે. વિદ્યાર્થીઓની સંખ્યાને ખર્ચ નીચે મુજબ છે.

| વર્ષ | બર્મા | | સિલોન | | પોર્ટુગીઝ | |
|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ખર્ચ | સંખ્યા | ખર્ચ | સંખ્લા | ખર્ચ |
| ૭૭–૭૮ | ૨૨ | ૬૫૮૧ | ... | ... | ૬ | ૩૩૩ |
| ૭૮–૭૯ | ૨૫ | ૧૧૪૯૩ | ... | ... | ... | ... |

**(૪) બીન સરકારી કોલેજોને ફી માફી (૫ ટકા)**

પહેલાં અઢી ટકા પ્રમામે આયોજના અમલમાં હતી. તે ૭૭–૭૮ થી ૫ ટકા પ્રમાણે અમલમાં આવેલ છે. આ યોજના સરકારશ્રીના ઠરાવ નં. એસ. સી. એચ/૧૦૭૮/૫૪૭૨/ધ. તા. ૧૬–૬–૭૮ ચાલુ છે.

| વર્ષ | વિદ્યાર્થીની સંખ્યા | ખર્ચ (રૂપિયા) |
|---|---|---|
| ૭૭–૭૮ | ૪૨૧૬ | ૧૬૦૮૬૭૨–૦૦ |
| ૭૮–૭૯ | ૩૯૦૪ | ૧૦૯૭૭૪૩–૦૦ |

**(૫) ઉચ્ચ અભ્યાસ માટેની શિષ્ય વૃત્તિઓ.**– રૂા. ૧૨૦૦૦ થી ઓછી આવકવાળા વિદ્યાર્થીને ગુણવત્તાના ધોરણે આ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે આ યોજના સરકારશ્રીના ઠરાવ નં. એસસોએચ-૧૦૭૫-૭૯૦૫૫--ધ- તા. ૯મી સપ્ટેમ્બર, ૧૯૭૬ થી મંજુર થયેલ છે.

| વર્ષ | વિદ્યાર્થીઓની સંખ્યા | | | ખર્ચ |
|---|---|---|---|---|
| | એવોર્ડ મુજબ | રીન્યુઅલ | કુલ | રૂપીયા |
| ૭૭--૭૮ | ૯૦૨ | ૨૩૭૨ | ૩૨૭૪ | ૧૦૯૫૪૭૦--૦૦ |
| ૭૮--૭૯ | ૯૦૨ | ૨૧૬૨ | ૩૦૬૪ | ૧૧૨૧૯૯૦--૦૦ |

**(૬) આંતર રાજ્ય શિષ્યવૃત્તિ.**—ગુજરાત રાજ્યના વતની હોય અને બીજા રાજ્યમાં ઉચ્ચ અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીને આ સ્કોલરશીપ આપવામાં આવે છે.

| વર્ષ | વિદ્યાર્થીઓની સંખ્યા | | | ખર્ચ રૂપીયા |
|---|---|---|---|---|
| | એવોર્ડ મુજબ | રીન્યુઅલ | કુલ | |
| ૭૭–૭૮ | ૫ | ૧૯ | ૨૪ | ૨૪૮૦૦--૦૦ |
| ૭૮--૭૯ | ૩ | ૨૦ | ૨૩ | ૨૫૭૦૦--૦૦ |

**(૭) રાષ્ટ્રિય લોન સ્કોલરશીપ.**—કેન્દ્ર સરકારશ્રી તરફથી આયોજના ત્રીજી પંચવર્ષીય યોજનાથી શરૂ થયેલ છે. આર્થિક રીતે નબળા અને તેજસ્વી વિદ્યાર્થીને આ લોનનો લાભ આપવામાં આવે છે.

નબળા અને તેજસ્વી વિદ્યાર્થીઓને આ લોનનો લાભ આપવામાં આવે છે.

| વર્ષ | વિદ્યાર્થીની સંખ્યા | | | ખર્ચ |
|---|---|---|---|---|
| | એવોર્ડ મુજબ | રીન્યુઅલ | કુલ | રૂપિયા |
| ૭૭--૭૮ | ૯૨૬ | ૧૫૮૫ | ૨૫૧૧ | ૧૯૩૯૭૬૦--૦૦ |
| ૭૮--૭૯ | ૯૭૭ | ૧૬૮૪ | ૨૬૬૧ | ૧૮૭૬૦૦૦--૦૦ |

**(૮) નેશનલ મેરીટ સ્કોલરશીપ.**:— એસ. એસ. સી. તેમજ હાયર સેકન્ડરી ધો-૧૨ અને સ્નાતક કક્ષાની દર વર્ષે લેવાતી પરીક્ષામાં મેરીટ ક્રમ-અનુસાર ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને આ

સ્કોલરશીપ આપવામાં આવે છે. ભારત સરકારના ઠરાવ નં. એફ-૧-૩/૭૮-એનએસ-૧ તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૭૮થી આ યોજના ચાલુ છે.

આવક મર્યાદા રૂા. ૬૦૦૦--૦૦ની છે જેથી વધુ આવક હોય તેને મેરીટ સર્ટિફીકેટ આપવામાં આવે છે અને રૂા. ૧૦૦--૦૦ પુરસ્કાર રુપે આપવામાં આવે છે.

| વર્ષ | વિદ્યાર્થીની સંખ્યા | | | ખર્ચ |
|---|---|---|---|---|
| | એવોર્ડ મુજબ | રીન્યુઅલ | કુલ | રૂપિયા |
| ૭૭--૭૮ | ૭૧૮ | ૨૨૬૮ | ૨૯૮૬ | ૨૭૨૯૭૦૫--૦૦ |
| ૭૮--૭૯ | ૭૭૨ | ૨૦૦૦ | ૨૭૭૨ | ૨૭૪૯૦૦૦--૦૦ |

**(૯) શિક્ષકોનાં બાળકો માટે સ્કોલરશીપ.**—પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના શિક્ષકોના બાળકોને આ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ઠરાવ નં. એસીસીએસ-૧૦૭૮-૬૦૫૪૩-છએચ તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૭૮થી મંજુર થયેલ છે. આવક મર્યાદા ૬૦૦૦ની છે. અને ગુણવતાના ધોરણે મળે છે.

| વર્ષ | વિદ્યાર્થીની સંખ્યા | | | ખર્ચ |
|---|---|---|---|---|
| | એવોર્ડ | રીન્યુઅલ | કુલ | રૂપિયા |
| ૭૭--૭૮ | ૩૭ | ૧૬૧ | ૧૯૮ | ૧૦૯૮૨૦--૦૦ |
| ૭૮--૭૯ | ૩૮ | ૨૪૬ | ૨૮૪ | ૧૧૦૦૦૦--૦૦ |

**(૧૦) ગુજરાત રાજય વ્યાજ મુકત લોન સ્કોલરશીપ.**—રાષ્ટ્રીય લોન યોજનાની પૂરક યોજના તરીકે સરકારશ્રીએ ૧૯૬૯થી આયોજના ગુજરાત રાજયમાં અભ્યાસ માટે શરૂ કરેલ છે. ઠરાવ નં. એસસીએચ-૧૦૭૯/૯૯૬૯-જીએચ તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૭૯થી મંજુર થયેલ છે.

| વર્ષ | વિદ્યાર્થીની સંખ્યા | | | ખર્ચ રૂપિયા |
|---|---|---|---|---|
| | એવોર્ડ મુજબ | રીન્યુઅલ | કુલ | |
| ૭૭--૭૮ | ... | ... | ૨૦૮૨ | ૯૭૨૯૫૦ |
| ૭૮--૭૯ | ૬૨૫ | ૨૧૦૦ | ૨૭૨૫ | ૯૧૪૫૯૫ |

**(૧૧) હિન્દી સ્કોલરશીપ.:**—બીન હિન્દી ભાષી રાજયોમાં હિન્દીના અભ્યાસક્રમને ઉત્તેજન આપવાના હેતુથી જુદા જુદા અભ્યાસક્રમ માટે આ સ્કોલરશીપ આપવામાં આવે છે. ભારત

સરકારશ્રીના ઠરાવ નં. એફ-૭૧-/૭૮-એએનઐસ-૨-તારીખ ૨૨ળી જુલાઈ, ૧૯૭૮થી આ યોજનામાં મંજુર થયેલ છે.

| વર્ષ | વિદ્યાર્થીઓબી સંખ્યા | | | ખર્ચ રૂપિયા |
|---|---|---|---|---|
| | એવોર્ડ | રીન્યુઅલ | કુલ | |
| ૭૭--૭૮ | ૧૩૯ | રીન્યુઅલ અને પેમેન્ટ ભારત સરકારશ્રી તરફથી થાય છે અત્રેથી ફક્ત મેરીટ યાદી મોકલવામાં આવે છે. | | |
| ૭૮--૭૯ | ૧૩૯ | | | |

**(૧૨) સંસ્કૃત સ્કોલરશીપ** :—કેન્દ્ર સરકાર તરફથી કુલ ૧૦૦ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવે છે. ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ જેમણે સંસ્કૃત વિષયમાં વધુ માર્કસ મેળવેલ હોય તેમને માસિક રૂા. ૧૦--૦૦ના દરે ગુણવત્તાના ધોરણે આ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. દર વર્ષે ૧૨૦૦૦નો ખર્ચ કરવામાં આવે છે.

**(૧૩) ટ્રાયબલ તાલુકા એરીયા સબ પ્લાન સ્કોલરશીપ** :—સરકારશ્રીએ નક્કી કરેલ ટ્રાયબલ તાલુકાના વતનીઓને ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિઓના નિયમ પ્રમાણે આ સ્કોલરશીપ આપવામાં આવે છે. જ્યારે માધ્યમિક કક્ષાએ ગ્રામ વિસ્તારના તેજસ્વી બુદ્ધિ મતાવાળા (ટેલિન્ટેડ સ્કોલરશીપ વિધાર્થીઓને આપવામાં આવતી કોલરશીપના નિયમો મુજબ આ સ્કોલસ-શીપ આપવામાં આવે છે. તાલુકા દીઠ ૬ લેખે ૧૯૨ ટ્રાયબલ શિષ્યવૃત્તિ માધ્યમિક કક્ષાએ આપવામાં આવે છે.

| વર્ષ | ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ | | માધ્યમિક કક્ષાએ બુદ્ધિમાનવાળા વિદ્યાર્થીઓની. | |
|---|---|---|---|---|
| | સંખ્યા | કુલ ખર્ચ | સંખ્યા | કુલ ખર્ચ. |
| ૭૭--૭૮ | ૧૫ | ૩૭૪૦ | ૩૫૦ | ૧૩૧૫૧૦ |
| ૭૮--૭૯ | ૧૯ | ૬૫૦૦ | ૫૫૦ | ૨૨૪૫૦૦ |

**(૧૪) રીસર્ચ ફેલોશીપ**:—આ યોજના હેઠળ ૨૦ ફેલોશીપ આપવામાં આવે છે. જેમાં ૫ ફેલોશીપ સરકારી કોલેજો માટે નક્કી કરેલ છે. ૨૦ ટકા બી. સી. માટે રીઝર્વડ છે. વિજ્ઞાન વિષયના રીસર્ચ માટે આપવામાં આવે છે.

| વર્ષ | વિદ્યાર્થીની સંખ્યા | | | ખર્ચ |
|---|---|---|---|---|
| | એવોર્ડ | રીન્યુઅલ | કુલ | |
| ૭૮--૭૯ | ૬ | ૨૧ | ૨૭ | ૪૧૮૦૦--૦૦ |

**(૧૫) જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી સ્કોલરશીપ.**—આંતરરાષ્ટ્રીય બાબતોના પી એચ. ડી. ના ઉચ્ચ અભ્યાસ માટે આ શિષ્યવૃતિ એનાયત કરવામાં આવે છે. સંશોધનના અભ્યાસ માટે રૂા. ૩૦૦-૦૦ માસિક શિષ્યવૃત્તિ ૩ વર્ષ માટે આપવામાં આવે છે.

| વર્ષ | સંખ્યા | ખર્ચ |
|---|---|---|
| ૭૭-૭૮ | ૨ | ૪૮૬૨ |
| ૭૮-૭૯ | ... | ... |

**(૧૬) રાજેન્દ્ર ટ્રેનીંગ શીપમાં તાલીમ માટે શિષ્યવૃત્તિ (દફતરીન) :**—વ્યાપારી નૌકાના અધિકારી વર્ગ માટે રાજેન્દ્ર જહાજ ઓફ ફેરી વેલ્ફ, મુંબઈ-૪૦૦૦૦૯ ઉપર તાલીમ આપવામાં આવે છે.

| વર્ષ | વિદ્યાર્થીની સંખ્યા | ખર્ચ |
|---|---|---|
| ૭૭-૭૮ | ૨ | ૮૮૩ |
| ૭૮-૭૯ | ... | ... |

**(૧૭) વનસ્થલી (રાજસ્થાન) વિદ્યાપીઠ ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટેની સ્કોલરશીપ.**—વનસ્થલી ખાતે અભ્યાસ કરતી ગુજરાતની વિદ્યાર્થીનીઓને આ શિષ્યવૃત્તિ માસિક રૂા. ૧૦૦ લેખે બે વર્ષ માટે આપવામાં આવે છે. આ સ્કોલરશીપ માટે છેલ્લા ૩ વર્ષમાં કોઈ પાત્ર થયેલ નથી.

**(૫) રાજ્ય પરીક્ષા બોર્ડ :**—શિક્ષણ ખાતા દ્વારા લેવાતી પરીક્ષાઓમાં એક સત્રતા જળવાય અને પરીક્ષાઓ સરળ સંચાલન થાય તે હેતુથી સરકારશ્રીના તા. ૪થી નવેમ્બર, ૧૯૬૬ના ઠરાવથી રાજ્ય પરીક્ષા બોર્ડની રચના કરવામાં આવી તે આધારે રાજ્ય પરીક્ષા બોર્ડની અલગ કચેરી તા. ૧લી માર્ચ, ૧૯૬૭થી અસ્તિત્વમાં આવી. બોર્ડ પોતાની કામગીરી શરુઆતમાં ૩૬ પરીક્ષાઓથી આરંભી જ્યારે આજે ૪૨ પરીક્ષાઓનું તે સંચાલન કરે છે. દરેક પરીક્ષામાં વર્ષો વર્ષ પરીક્ષાઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો રહયો છે. તે અંગેની વિસ્તૃત વિગતો પરીક્ષાવાર આ સાથેના પરિશિષ્ટ ૧માં દર્શાવવામાં આવી છે.
બોર્ડ દ્વારા લેવાતી વિવિધ પરીક્ષાઓની સંક્ષેપમાં વિગતો નીચે પ્રમાણે છે.

**૧. પ્રાથમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા .**—ધોરણ ૭ના અંતે લેવાતી આ પરીક્ષાનું સંચાલન ૭૮ ૭૯ના વર્ષથી જાહેર પરીક્ષા તરીકે જિલ્લા કક્ષાએ જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિને સોંપવામાં આવેલ છે.

**૨. હાઈસ્કૂલ શિષ્યવૃત્તિ પરીક્ષા.**—ધોરણ ૭માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ આ શિષ્યવૃત્તિ પરીક્ષામાં બેસી શકે છે. જે વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક રુ. ૪૮૦૦થી ઓછી હોય તેમને શિષ્યવૃત્તિ મળે છે. જે વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક રુ. ૪૮૦૦ થી વધારે હોય

તેમને માનદ પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ શિષ્યવૃત્તિ માટે ૨૨૭ સેટ મંજુર કરવામાં આવ્યા છે.

૩. મિડલ સ્કૂલ શિષ્યવૃત્તિ .—ધોરણ ૪માં અભ્યાસ કરતાં વદ્યાર્થીઓ પરીક્ષામાં બેસી શકે છે. વાલીની આવક મર્યાદા ઉપર (૨) માં જણાવ્યા પ્રમાણે છે. શિષ્યવૃત્તિના સેટની સંખ્યા ૨૪૨ મંજુર કરવામાં આવેલી છે. ઉપરોકત બન્ને પરીક્ષાઓ રાજ્યના પ્રત્યેક જિલ્લા મુખ્ય મથકે લેવામાં આવે છે. પરીક્ષાઓ ફેબ્રુઆરી માસમાં લેવામાં આવે છે.

**૪. ગ્રામ વિસ્તારના તેજસ્વી બાળકો માટેની શિષ્યવૃત્તિ પરીક્ષા.**—ભારત સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારના તેજસ્વી બુધ્ધિમતા વાળા વિદ્યાર્થીઓ માટે માધ્યમિક કક્ષાએ શિષ્યવૃત્તિઓ એનાયત કરવાની યોજના મંજુર થયેલી છે. અગાઉ ૫૦૦ શિષ્યવૃત્તિ હતી તેને બદલે ૭૭ ૭૮ના વર્ષથી ૨૫૦ નવી શિષ્યવૃત્તિઓ મંજુર થતાં કુલ ૭૫૦ શિષ્યવૃત્તિઓ એનાયત કરવામાં આવી છે. પરીક્ષા રાજ્યના સમગ્ર જિલ્લાઓના તાલુકા મથકે કેન્દ્ર રાખી લેવામાં આવે છે.

આ શિષ્યવૃત્તિ પરીક્ષાની બે કસોટીઓ હોય છે. પ્રથમ કસોટી માં ઉપસ્થિત થનાર વિદ્યાર્થી ગ્રામ્ય વિસ્તારની ધો - ૭ની શાળામાં એક વર્ષથી અભ્યાસ કરતો હોવો જોઈએ. પ્રથમ કસોટીમાં ઉર્તીણ થનાર વિદ્યાર્થીઓમાંથી શિષ્યવૃત્તિ દીઠ ગુણાનુક્રમે પ્રથમ આવેલ વિદ્યાર્થીને બીજી કસોટીમાં ઉપસ્થિત થવા દેવામાં આવે છે. બીજી કસોટીમાં ઉર્તીર્ણ થનાર વિદ્યાર્થીને ગુણવત્તા પ્રમાણે ગોઠવી શિષ્યવૃત્તિનો એવોર્ડ જાહેર કરવામાં આવે છે.

**૫. ભારત સરકારની આવાસી શિષ્યવૃત્તિ પરીક્ષા .**—આ પરીક્ષાનું સંચાલન ભારત સરકાર વતી રાજ્ય સરકાર કરે છે. અને તે અંગે પરીક્ષા સંચાલન ખર્ચ જે આવે છે તે રાજ્ય સરકાર ભોગવે છે. જ્યારે શિષ્યવૃત્તિ ભારત સરકાર દ્વારા એનાયત કરવામાં આવે છે.

આ પરીક્ષામાં ૧૧ થી ૧૨ વર્ષ સુધીની વય મર્યાદાવાળા બાળકો જ ઉપસ્થિત થઈ શકે છે અને જેમના વાલીની માસિક આવક રુ. ૫૦૦ કે તેથી ઓછી હોય તેવા બાળકો ઉર્તીણ થઈ પસંદ થયેલ શાળામાં અભ્યાસ કરે તો શિક્ષણ અંગેનો તમામ ખર્ચ તેમજ ભોજનાલય ખર્ચ ભારત સરકાર ભોગવે છે. આ પરીક્ષામાં પણ બે કસોટીઓ એક જુન જુલાઈ તથા બીજી સપ્ટેમ્બર માસમાં લેવામાં આવે છે.

**૬. ટ્રાયબલ શિષ્યવૃત્તિ પરીક્ષા** —રાજ્ય સરકારે જાહેર કરેલ ૩૨ ટ્રાયબલ તાલુકાઓ માટે આ પરીક્ષાઓ સને ૭૬–૭૭થી દાખલ કરવામાં આવેલી છે. તાલુકા દીઠ ૬ શિષ્ય-વૃત્તિઓ ફાળવેલી છે. ટ્રાયબલ તાલુકા શાળામાં ધોરણ–૭માં અભ્યાસ કરતા અને ટ્રાયબલ તાલુકાના વતની હોય તેવા વિદ્યાર્થી આ પરીક્ષામાં બેસી શકે છે. વિદ્યાર્થીની વાલીની આવકની મર્યાદા રાખવામાં આવી નથી.

**શિક્ષણ વિષયક પરીક્ષાઓ.**—આ ઉપરાંત પ્રાથમિક શિક્ષકો માટેની બુનિયાદી અધ્યાપન પ્રવીણ પરીક્ષા માધ્યમિક શિક્ષકો માટેની બુનિયાદી તાલીમ સાથેની ડી. બી. એડ. પરીક્ષા વ્યાયામ શિક્ષણ માટે સી. પી. એડના પ્રમાણપત્ર પરીક્ષા તથા ડિપ્લોમા માટેની ડી. પી. એડ. પરીક્ષાઓનું સંચાલન પણ રાજ્ય પરીક્ષા બોર્ડ કરે છે,

**વાણિજ્ય પરીક્ષાઓ** —તેવી જ રીતે વાણિનિયક પરીક્ષાઓ જેવી કે જી. સી. સી. જેમાં અંગ્રેજી-ગુજરાતી ટાઈપની ઝડપ પરીક્ષાઓ તેમજ શોર્ટહેન્ડની પરીક્ષાઓનો સમાવેશ થાય છે તે તથા જી. સી. ડી. (કોમર્શિયલ ડિપ્લોમા) પરીક્ષા પણ બોર્ડ દ્વારા લેવાય છે.

**ચિત્રકામ અને ઉચ્ચકલા પરીક્ષાઓ.**—વધુમાં ચિત્રકામ તથા કલાને લગતી પરીક્ષાઓ જેવી કે એલીમેન્ટ્રી તથા ઈન્ટર મીડિયેટ ડ્રોઈંગ ગ્રેડ પરીક્ષાઓ, તેવી જ રીતે ફાઉન્ડેશન, એ. ટી. ડી. પેઈન્ટીંગ કોમર્શિયલ આર્ટ, સ્કલ્પચર, ડી. એમ. એ એમ. જેવી ઉચ્ચ કલા પરીક્ષાઓ પણ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાય છે.

**પ્રકીર્ણ પરીક્ષાઓ.**—તે સિવાય ગ્રંથાલય વિજ્ઞાન પ્રમાણપત્ર પરીક્ષા, શિક્ષણ ખાતાના જુનિયર તેમજ સિનિયર કારકુનો માટેની ખાતાકીય પરીક્ષાઓ તેમજ સરકારી માધ્યમિક શાળાઓ-અધ્યાપન મંદિરોના શિક્ષકો તેમજ મદદનીશ શિક્ષણ નિરીક્ષકો માટેની ખાતાકીય પરીક્ષાઓનું પણ બોર્ડ સંચાલન કરે છે.

ઉપરાંત શ્રાવણ માસ દક્ષિણા પરીક્ષા જે ભૂતપૂર્વ વડોદરા રાજ્યના સમયથી ચાલુ છે. સંસ્કૃતના જાણકારો માટે શ્રાવણ માસમાં વડોદરા ખાતે લેવામાં આવે છે. તે સિવાય રાષ્ટ્રિય ઈન્ડિયન મિલિટરી કોલેજ દહેરાદુન પ્રવેશ પરીક્ષા, લાયબ્રેરી આસિન્ટન્ટ શીપ પરીક્ષા જેવી પરીક્ષાઓ પણ લેવામાં આવે છે.

**૬. રાષ્ટ્રિય કેડેટ દળ અને રાષ્ટ્રિય સેવા યોજના .**—રાષ્ટ્રિય કેડેટ દળ.—આ વર્ષ દરમ્યાન કેડેટ અને સંસ્થાઓની સંખ્યા નીચે મુજબ રહી હતી.

| | સીનીયર વિભાગ. | | જુનિયર વિભાગ. | |
|---|---|---|---|---|
| ૧. કુલ સંખ્યા. | છોકરાઓ | છોકરીઓ | છોકરાઓ | છોકરીઓ |
| | ૧૨૯૮૪ | ૨૯૩૩ | ૨૪૨૯૫ | ૩૮૬૪ |

| | | | |
|---|---|---|---|
| ૨. વાર્ષિક તાલીમી શિબિરોમાં ભાગ લેનાર સૈનિક શિક્ષાર્થીઓ (કેડેટ) ની સંખ્યા | છોકરાઓ | છોકરીઓ | કુલ |
| | ૫૯૪૨ | ૧૫૯૫ | ૭૫૩૭ |
| ૩. વાર્ષિક તાલીમી શિબિરોમાં ભાગ લેનાર અધિકારીઓની સંખ્યા | પુરુષ<br>૨૦૯ | મહિલા<br>૫૯ | કુલ<br>૨૬૮ |
| ૪. પ્રિ. કમીશન તાલીમ કોર્સમાં મોકલેલ અધિકારીઓની સંખ્યા | ૯ | — | ૯ |
| ૫. રીફ્રેશર તાલીમ કોર્સમાં મોકલેલ અધિકારીઓની સંખ્યા. | ૫૯ | ૭ | ૬૬ |

અહેવાલના વર્ષ દરમ્યાન નીચેની પ્રવૃતિઓ કરવામાં આવી હતી.

૧. રાષ્ટ્રીય કેડેટ દળ દિનની ઉજવણી ૨. સામાજિક સેવાઓ ૩. રકતદાન ૪. સાહસિક પ્રવૃત્તિઓ ૫. સેમીનાર ૬. રમતગમત હરિફાઈ.

**રાષ્ટ્રિય સેવા યોજના.**—રાષ્ટ્રિય સેવા યોજના અંશત : કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. આ યોજના ૧૯૬૯-૭૦ ના વર્ષથી ગુજરાત રાજ્યમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં દાખલ કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧. રાષ્ટ્રિય સેવા યોજના અંગે રાજ્યની યુનિવર્સિટી રાજ્યની યુનિવર્સિટીઓ | | ૮ રાજ્યની<br>૧ રાજ્ય બહારની |
| | કુલ | ૯ |

૨. રાષ્ટ્રિય સેવા યોજના દાખલ કરેલ કોલેજો. ૧૫૨

| (૩) રાષ્ટ્રિય સેવા યોજના અંગે | મંજુર કરેલ સંખ્યા | આવરવામાં આવેલ સંખ્યા |
|---|---|---|
| (અ) વિદ્યાર્થીઓ | ૨૪૦૦૦ | ૨૨૭૧૦ |
| (બ) શિબિરાર્થીઓ | ૧૨૦૦૦ | ૧૧૩૧૭ |

૪. શિબિરો ૧૯૯

૫. યોજનામાં ભાગ લેવાના વર્ષ ૨ વર્ષ

૬. કુલ ખર્ચ રૂા. ૧૬૭૫૮૩૦

૭. ઉદ્દેશો.

૧. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રિયતાની ભાવના જાગૃત કરવી.

૨. પોતે જેના નિરાકરણમાં સહાયભુત થઈ શકે તેવા વિવિધ વાસ્તવિક સામાજિક પ્રશ્નો અને પરિસ્થિતિઓથી વિદ્યાર્થીઓને સભાન બનાવવા.

૩. વિદ્યાર્થીઓના અવકાશનો સમય, તેમની વિવિધ શકિતઓ, તેમજ આવડતોની રાષ્ટ્ર અને સમાજના હિતમાં ફળદાયી ઉપયોગ કરવા માટે સુવ્યવસ્થિત, સુયોજીત અને સંગઠીત સ્વરૂપે પ્રવૃત્તિઓ અને તકો પુરી પાડવી.

૪. તે દ્વારા વિદ્યાર્થીઓની શકિતઓ, જ્ઞાન અને આવડતોના વિકાસની સાથે તેમનામાં સામાજિક સેવા પૂત્યે રસ, રૂચી અને ઈચ્છા તેમજ સામાજિક જવાબદારીની ભાવના વિકસાવવી.

૫. તંદુરસ્ત સમાજ જીવન માટે વિદ્યાર્થીઓમાં નૈતિક હિંમત, નિયમિતતા અને પ્રમાણિકતા જેવા ગુણો કેળવવા.

૮. મુખ્ય પ્રવૃત્તિઓ.

૧. જમીન સુધારણા

૨. બિન નિયમસરનું શિક્ષણ અને આનંદ વિનોદ.

૩. વધારે સારી પરિસ્થિતિ કરવી.

૪. જંગલ અને વૃક્ષારોપણ.

૫. કરકસર યુકત પ્રગતિ

૬. કુટુંબ અને બાળકોની કાળજી.

૭. પ્રાચ્ય ભાષા.—અહેવાલના વર્ષ દરમ્યાન ૩૧ પાઠશાળાઓ હતી. રાજ્યમાં સંસ્કૃતના ઉચ્ચ અભ્યાસ માટે બે સંસ્થાઓ હતી.

૧. ઓરીએન્ટલ ઈન્સ્ટીટયુટ, વડોદરા.

૨. સંસ્કૃત મહાવિદ્યાલય, વડોદરા.

આ સંસ્થાઓ પર કુલ ૨.૨૩ લાખનું ખર્ચ થયું હતું.

**ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળ** .—વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાવાળા પાઠય પુસ્તકો વાજબી કિંમતે સુલભ થાય એ ઉદેશથી તા. ૯--૧૦--૬૯ થી રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય શાળા પાઠય પુસ્તક મંડળની રચના કરી છે.

**મંડળના મુખ્ય ઉદેશો** .—૧. પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાના ધોરણો માટે શૈક્ષણિક વિકાસમાં મદદરૂપ થાય તેવા પ્રકારનાં પાઠય પુસ્તકો પૂરક સાહિત્ય, શિક્ષક અધ્યાપન પોથીઓ તૈયાર કરાવી પ્રકાશિત કરવા તેની વિતરણ વ્યવસ્થા ગોઠવવી.

૨. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષા સુધીનાં પાઠય પુસ્તકો તથા પુરક પાઠય પુસ્તકો તથા પુરક સાહિત્ય અંગે સંશોધન કરી હાથ ધરવું.

૩. પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક કક્ષાના શિક્ષણક્રમની સુધારણા માટેનું સંશોધન કાર્ય હાથ ધરવું.

મંડળ બે રીતે પાઠય પુસ્તકોની હસ્તપ્રતો તૈયાર કરાવે છે. (૧) પેનલ દ્વારા તથા (૨) જાહેરાત દ્વારા.

ગુજરાતી માધ્યમ સિવાયના માધ્યમવાળી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી, સિંધી, મરાઠી, હિંદી તથા ઉર્દૂ ભાષામાં અનુવાદ કરાવીને પુસ્તકો પ્રસિધ્ધ કરાવવામાં આવે છે.

મંડળ તરફથી સને ૬૯ થી ૭૯ ના ગાળા દરમ્યાન પ્રસિધ્ધ કરવામાં આવેલા પાઠય પુસ્તકોની વિગત નીચેના કોઠામાં આપવામાં આવી છે.

| વર્ષ | પ્રસિધ્ધ કરેલા નવા પુસ્તકો | | | પુન : મુદ્રિત તેમજ નવા પ્રસિધ્ધ કરેલા પુસ્તકોની સંખ્યા. |
|---|---|---|---|---|
| | પાઠય પુસ્તકો | શિક્ષકો માટેની અધ્યાપન પોથીઓ તથા પૂરક પુસ્તિકાઓ | કુલ | |
| સને ૧૯૬૯ થી ૧૯૭૯ ના જુન સુધી. | ૫૭૯ | ૭૨ | ૬૫૧ | ૯૬૦૦૪૫૫૩ |

**પુસ્તકોની વિતરણ વ્યવસ્થા.**—બજારમાં પાઠય પુસ્તકોની ખેંચ ક્યારેય ઉભી ન થાય તે માટે મંડળ સતત જાગૃત રહે છે. આગામી વર્ષ માટે વિષયવાર અને ધોરણવાર ક્યાં ક્યાં પાઠય પુસ્તકોની કેટ કેટલી નકલોની જરૂર પડશે તેના અંદાજ દર વર્ષે કાઢવામાં આવે છે. અને તદનુસાર પાઠય પુસ્તકોના મુદ્રણ તથા પુન : મુદ્રણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં પાઠય પુસ્તકો સમયસર પહોંચાડવા માટે અસર કારક વિતરણ વ્યવસ્થા હોવી જરૂરી છે. આના માટે મંડળે ૧૭ જેટલા વિતરકો અને આશરે ૨૩૦૦ જેટલા પાઠય પુસ્તક વિક્રેતાઓ મારફત વિતરણ વ્યવસ્થા ગોઠવી છે.

**તજ્જ્ઞો દ્વારા સમીક્ષા.**—પાઠય પુસ્તક પ્રસિધ્ધ કરતા પહેલા તજ્જ્ઞો પાસે તેની હસ્તપ્રતની સર્વાંગી સમીક્ષા કરાવવામાં આવે છે. તજ્જ્ઞોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં ઘટતા સુધારા વધારા કર્યા પછી જ પાઠય પુસ્તકનું પ્રકાશન હાથ ધરવામાં આવે છે.

**શિક્ષકો માટે અધ્યાપન પોથીઓ.**—મંડળ તરફથી પ્રસિધ્ધ થતાં પાઠય પુસ્તકોનો અસરકારક અને ફળદાયી ઉપયોગ થાય તે માટે શિક્ષકોને યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડવાના હેતુથી મંડળ દ્વારા શિક્ષક અધ્યાપન પોથીઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સને ૭૮–૭૯ ના વર્ષ દરમ્યાન નીચે દર્શાવ્યા પ્રમાણે પાઠય પુસ્તકો પ્રસિધ્ધ કરવામાં આવ્યાં હતાં.

| પ્રકાર | પુસ્તકોની સંખ્યા | પ્રતની કુલ સંખ્યા |
|---|---|---|
| ૧. પુન : મુદ્રણ | ૧૧૪ | ૧૨૩૬૧૧૦૩ |
| ૨. નવા પાઠય પુસ્તકો | ૫૭ | ૫૬૩૪૦૦ |
| ૩. પ્રત્યાયન સામયિક | ૪ | ૧૪૧૦૦ |
| | ૧૭૫ | ૧,૨,૯,૩૮,૬૦૩ |

અન્ય રાજ્યોની સરખામણીમાં મંડળના પ્રકાશનોની સંખ્યા સારા પ્રમાણમાં નીચે રહી છે.

**બુક બેન્ક.**—આર્થિક રીતે નબળા વાલીઓ પર શકય તેટલો ઓછો બોજ પડે તે હેતુથી મંડળે "બુક બેન્ક" ની યોજના શરૂ કરેલી છે. બુક બેંકની યોજનામાં જોડાનાર શાળાઓને ૨૦ ટકા કમિશન આપવામાં આવે છે.

આદિવાસી વિસ્તારની શાળાઓને આ યોજના હેઠળ ૫૦ ટકા કમિશન આપવામાં આવે છે. વર્ષ દરમ્યાન ૧૮૭ શાળાઓએ આ યોજનાનો લાભ લીધો છે.

**ડીપોઝીટ યોજના.**—શિક્ષકો વેકેશનમાં પાઠય પુસ્તકોનો અભ્યાસ કરી શકે તે હેતુથી નવા પાઠય પુસ્તકો એમના હાથમાં આગોતરાં આવી શકે તેવો પ્રબંધ કરવા માટે મંડળ તરફથી ડીપોઝીટ યોજનાની શરૂઆત કરવામાં આવી છે. આ યોજનામાં જોડાવા માટે શાળાઓએ નવા પુસ્તકોના એક સેટ દીઠ રૂપીયા ૧૦૦ ડીપોઝીટ તરીકે આપવાના રહેછે. હાલ આ યોજનાનો લાભ ૫૦૦ જેટલી શાળાઓ લે છે.

## પરિશિષ્ટ—૧.

### શૈક્ષણિક કર્મચારી તથા સંઘટન.

| | જગ્યાની સંખ્યા |
|---|---|
| **(અ) ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧.** | |
| ૧. ડિરેક્ટોરેટ | ૧૨ |
| ૨. ઈન્સ્પેક્ટીંગ | ૧૮ |
| ૩. તાલીમ સંસ્થા અને બીજી જગ્યાઓ | ૪ |
| ૪. કોલેજ કેડર | ૯૯ |
| કુલ | ૧૩૩ |
| **(બ) ગુજરાત શિક્ષણ સેવા વર્ગ—૨.** | |
| ૧. ડિરેક્ટોરેટ | ૧૩ |
| ૨. ટીચીંગ | ૬૦ |
| ૩. ઈન્સ્પેક્ટીંગ | ૭૦ |
| ૪. સામાન્ય | ૧૫ |
| ૫. કોલેજ | ૨૭૨ |
| કુલ | ૪૩૦ |
| **(ક) મીસેલીનીઅસ એપોઈમેન્ટન્સ આઉટ સાઈડ રેગ્યુલર કેડર.** | |
| ૧. રાજ્ય પત્રિત | ૧૦ |
| ૨. બિન રાજ્ય પત્રિત | ૨૯ |
| કુલ | ૩૯ |

(ડ) ગુજરાત શિક્ષણ સેવા વર્ગ—૩.

| | |
|---|---|
| ૧. ઈન્સ્પેકટીંગ | ૨૧૦ |
| ૨. ટીચીંગ કોલેજ | ૨૩૧ |
| ૩. નોન ટીચીંગ કોલેજ | ૧૪૦ |
| ૪. ટીચીંગ સેકન્ડરી—ટ્રેનીંગ કોલેજ | ૧૮૦૦ |
| ૫. કારકુન સેવા વર્ગ | ૯૨૫ |
| કુલ | ૩૩૦૬ |
| કુલ અ+બ+ક+ડ | ૩૯૦૮ |

## પરિશિષ્ટ—૨

### સને ૧૯૭૮–૭૯ના વર્ષ માટેની ઉચ્ચ શિક્ષણ નિયામક તરફથી અમલમાં અમલમાં મુકાયેલ યોજનાઓ અંગેની માહિતી.

| અ. નં. | યોજનાનું નામ અને નંબર | જોગવાઈ રૂા. લાખમાં | ખર્ચ રૂા. લાખમાં | નિર્ધારીત ભૌતિક લક્ષાંક | સિધ્ધિ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | ઈડીએન-૭ માધ્યમિક શાળાઓમાં વધારાના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સવલતોની જોગવાઈ | ૬૯.૮૮ (૧.૫૦ સરકારી શાળા +૩૪.૨૦ નોન ટ્રાયબલ +૩૪.૧૮ ટ્રાયબલ = ૬૯.૮૮) | ૬૨.૦૯ | ૪૨૦૦૦ | ૪૨૦૦૦ |
| ૨. | ઈડીએન-૮ પસંદ કરાયેલી મા. શાળાઓની સુધારણા | ૧.૬૦ | ૧.૬૦ | ૪ | ૪ |
| ૩. | ઈડીએન-૯ બીજી માધ્યમિક શાળાઓની સુધારણા | ૩.૨૫ | ૩.૨૫ | ૮ મા. શા.<br>૨ પી.વી.ટી.સી. | ૮<br>૨ |
| ૪. | ઈડીએન-૧૦ માધ્યમિક શાળાઓ માટે પાઠ્ય પુસ્તક ગ્રંથાલય | ૧૮.૦૦ (૬+૧૨) | ૧૮.૦૦ | ૧૨૧૬૨૦ | ૯૧૩૩૯ |
| ૫. | ઈડીએન-૧૧ માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન શિક્ષણની સુધારણા | ૩.૫૦ | ૩.૫૦ | ૩૫ | ૫૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬. | ઈડીએન-૧૨ માધ્યમિક શાળાઓની સુધારણા માટે બીજા કાર્યક્રમો | ૨.૦૦ | ૨.૦૦ | ૨૦ | ૨૦ |
| ૭. | ઈડીએન-૧૩ માધ્યમિક શાળાઓમાં કાર્યાનુભવ દાખલ કરવો. | ૮.૨૦ | ૮.૧૦ | ૬૦ (૧૭+૪૩) | ૮૧ |
| ૮. | ઈડીએન-૨૩ હાલના માધ્યમિક શિક્ષણ અધ્યાપન મંદિરોની સુધારણા. | ... | ... | ...... | ... |
| ૯. | ઈડીએન-૨૫ માધ્યમિક શિક્ષકોને નોકરી અંતર્ગત તાલીમ. | ૨.૧૦ | ૧.૮૭ | ૬ | ૬ |
| ૧૦. | ઈડીએન-૨૬ તાલીમ મેળવતા માધ્યમિક શિક્ષકોને લોન શિષ્યવૃત્તિઓ. | ... | ... | ... | ... |
| ૧૧. | ઈડીએન-૧૪ ૧૦+૨+૩ નો સમાન ઢાંચો અપનાવવો. | ૪૨.૦૦ (૧૨+૩૦) | ૩૬.૭૨ | ૭૦ (૨૦ પોરટ બેઝીક ટી.ઓ.એસ.પી. +૨૫ +૨૫ વધારાના) | ૯૦ |
| ૧૨. | ઈડીએન-૧૫ કોલેજોમાં વધારાના વિદ્યાર્થીઓના શિક્ષણ માટે સવલતો. | ૧.૦૦ | ૨.૩૭ | ૧૧૦૦૦ | ૧૧૦૦૦ |
| ૧૩. | ઈડીએન-૧૫ એ ગુજરાત સામાજીક સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક વિકાસ પરિષદ. | ૫.૦૦ | | ૧ | ... |
| ૧૪. | ઈડીએન-૧૭ વિદ્યાર્થીઓની સવલતો માટે જોગવાઈ. | ૨.૫૦ | ૧.૮૦ | ૮ | ૨ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૧૫. | ઈડીએન-૧૮ યુનિવર્સિટી શિક્ષણની પુનઃ વ્યવસ્થા અને તેને સંગિન બનાવવું. (અનુસ્નાતક કેન્દ્રો શરૂ કરવા) | ૫.૦૦ | ૨.૦૪ | ૧ રેસીડે. યુનિ) | ૧ |
| ૧૬. | ઈડીએન-૨૦ કોલેજોની સુધારણા. | ... | ... | ... | ... |
| ૧૭. | ઈડીએન-૧૯ સરકારી કોલેજોનો વિકાસ | ૩.૦૦ | ૫.૦૦ | ૧૦ | ૧૦+૧ |
| ૧૮. | ઈડીએન-૩૦ રમતગમત અને ખેલકુદ | ૧.૦૨ (૦.૨૭+૦.૭૫) | ૦.૨૭ | ૨-જી-મેનશિયા અને ફિજીકલ એજ્યુ. પ્રવૃત્તિઓ. | ૧૮ મા. શા. |
| ૧૯. | ઈડીએન-૧૬ વિકાસ કાર્યક્રમો માટે અને યુનિ. ગ્રાન્ટ કમિશન મંજુર કરેલ યોજનાઓ માટે યુનિ. ગ્રાન્ટ અને લોન. | ૨૦.૦૦ | ૫૧.૬૦ | ૫ યુનિ. | ૫ |
| ૨૦. | ઈડીએન-૧૬ ની ઉચ્ચ વહીવટી અને વ્યવસ્થાકિય વિકાસ અભ્યાસક્રમો માટે યુનિ.ગ્રાન્ટ. | (૦+૫) | .. | ૬૦ | |
| ૨૧. | ઈડીએન-૩૩ એન.સી.સી.નું વિસ્તરણ | ... | ... | ... | ... |
| ૨૨. | ઈડીએન-૩૪ રાષ્ટ્રિય સેવા યોજના. | ૫.૭૦ +૧૩.૩૦ કેન્દ્રીય સહાય<br>૧૯.૦૦ | ૩.૭૨ | ૨૪૦૦૦વિદ્યાર્થીઓ ૧૨૦૦૦ કેમ્પસ | ૨૨૭૬૦વિદ્યાર્થીઓ ૧૨૦૦૦ કેમ્પસ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩. ઈડીએન-૨૯ શિષ્યવૃત્તિઓ. | ૪૬.૧૦ | ૫૨.૩૪ | ૭૨૬૫ | ૮૪૮૨ |
| ૧. માધ્યમિક શિક્ષણ તબક્કે | (૨.૬૦+૪૩.૫૦) | ૪૦.૦૦+૨.૬૦ | ૫ જુદી મળતી | |
| ૨. ઉચ્ચ શિક્ષણ તબક્કે | | +૭.૫૦ | સ્કોલરશીપ | ૨૦૭ |
| ૨૪. ઈડીએન-૩૧ રાજ્યમાં નિયામકની કચેરી અને નિરીક્ષક એકમ સંગિન બનાવવું. | ૭.૦૦ | ૫.૦૦ | ૪૦ ચાલુ જગ્યાઓ | ૪૦ |
| ૨૫. ઈડીએન-૩૨ ગ્રંથાલય વિકાસ યોજના | ૩૦.૦૦ (૭.૫૦+૨૨.૫૦) | ૩૦.૭૫ | ૧૧ ચાલુ ૩ નવી (લાયબ્રેરી ટ્રાવેલ) | ૧૧ ૩ |
| ૨૬. ઈડીએન-૧૬ એ આયોજન મંડળોને અનુદાન | ૦.૨૧ +૦.૩૨ કેન્દ્રીય સહાય | ૦.૨૧ | ૧૦૮ આયોજન મંડળો | ૧૦૮ |
| | ૦.૫૩ (૦.૫૩) | | | |

## પરિશિષ્ટ—૩

**રાજ્ય પરીક્ષા બોર્ડ ગુ. રા. અમદાવાદ દ્વારા સને ૧૯૭૮-૭૯ દરમ્યાન લેવાયેલ પરીક્ષાઓની વિગત દર્શાવતું પત્રક.**

| ક્રમ | પરીક્ષાનું નામ | કેન્દ્ર સંખ્યા | વિદ્યાર્થીની સંખ્યા ઉપસ્થિત | વિદ્યાર્થીની સંખ્યા ઉત્તીર્ણ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | ગ્રંથાલય વિજ્ઞાન પ્રમાણપત્ર પરીક્ષા | ૨ | ૮૯૯ | ૨૩૪ |
| ૨. | હાઈસ્કુલ પરીક્ષા | ૧૯ | ૭૦૯૪ | ૧૭૧ |
| | મિડલસ્કુલપરીક્ષા | ૧૯ | ૯૦૬૨ | ૨૧૦ |
| ૩. | આર. આઈ. એમ. સી. | ૧ | ૧૨ | ... |
| ૪. | મેરીટ સ્કોલરશીપ પ્રથમ પરીક્ષા | ૧ | ૯૪ | ૨૩ |
| ૫. | —સદર—બીજી પરીક્ષા | ૧ | ૨૧ | ૭ |
| ૬. | ગ્રામ્ય વિસ્તાર પ્રથમ પરીક્ષા | ૧૮૨ | ૧૮૮૨૦ | ૪૬૩૫ |
| ૭. | ગ્રામ્ય વિસ્તાર બીજી પરીક્ષા | ૧૮૨ | ૪૬૩૫ | ૫૫૮ |
| ૮. | ટ્રાયબલ વિસ્તાર પ્રથમ પરીક્ષા | ૩૨ | ૩૫૭૨ | ૯૨૬ |
| ૯. | ટ્રાયબલ વિસ્તાર બીજી પરીક્ષા | ૩૨ | ૯૨૬ | ૧૭૪ |
| ૧૦. | લાયબ્રેરી આસિસ્ટન્ટશીપ સર્ટી. પરીક્ષા | ૩ | ૧૧૫ | ૩૮ |
| ૧૧. | ખાતાકીય પરીક્ષા (૧) જુલાઈ-૭૮ | ૩ | ૩૩૯ | ૧૧૩ |
| | (૨) જાન્યુ. ૭૯ | ૩ | ૩૮૪ | ૧૬૧ |
| ૧૨. | પી. ટી. સી. પરીક્ષા | ૬૧ | ૧૦૬૦૦ | ૯૫૦૦ |
| ૧૩. | પ્રી. પી. ટી. સી. પરીક્ષા | ૮ | ૭૧૫ | ૬૦૦ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૧૪. | ડી. બી. એડ. | ૫ | ૨૧૦ | ૧૯૮ |
| ૧૫. | સી. પી. એડ. | ૭ | ૪૯૦ | ૪૭૮ |
| ૧૬. | ડી. પી. એડ. | ૩ | ૧૩૫ | ૧૨૯ |
| ૧૭. | પી. એસ. સી. | જીલ્લા કક્ષાએ કેન્દ્રોની સંખ્યા હોય છે. | ૬૮૫૦૦ | જીલ્લા કક્ષાએ પરિણામ જાહેર થતું હોય છે. |
| ૧૮. | જી. સી. સી. ડી. (૧) મે-૭૮ | ૪૧ | ૨૫૮૩૨ | ૧૦૭૫૯ |
| | (૨) નવે-૭૮ | ૪૪ | ૨૭૯૦૦ | ૧૨૭૪૨ |
| ૧૯. | ચિત્રકામ કક્ષા પરીક્ષા | ૧૬૩ | ૭૨૫૪૨ | ૪૩૩૯૧ |
| ૨૦. | ઉચ્ચકલા પરીક્ષાઓ :— | — | | — |
| | ૧. ફાઉન્ડેશન | ૮ | ૫૪૬ | ૪૪૮ |
| | ૨. એ. ટી. ડી. | ૭ | ૩૪૫ | ૩૦૫ |
| | ૩. પાંચમુ વર્ષ પેઈન્ટીંગ | ૧ | ૧ | ૧ |
| | ૪. પાંચમુ વર્ષ કોમર્શીયલ આર્ટ | ૧ | ૩૬ | ૩૬ |
| | ૫. ત્રીજુ વર્ષ પેઈન્ટીંગ | ૧ | ૨૯ | ૨૧ |
| | ૬. ત્રીજુ વર્ષ કોમર્શીયલ આર્ટ | ૧ | ૬૯ | ૫૬ |
| | ૭. એડવાન્સ પેઈન્ટીંગ | ૨ | ૫૩ | ૨૨ |
| | ૮. ડીપ્લોમા પેઈન્ટીંગ | ૨ | ૯૪ | ૩૧ |
| | ૯. એડવાન્સ કોમર્શીયલ આર્ટ | ૧ | ૧૨ | ૬ |
| | ૧૦. ડિપ્લોમા કોમર્શીયલ આર્ટ | ૧ | ૧૯ | ૧૦ |
| | ૧૧. એડવાન્સ સ્કલ્પચર | ૧ | ૫ | ૨ |
| | ૧૨. ડિપ્લોમા સ્કલ્પચર | ૧ | ૩ | ૩ |
| | ૧૩. ડી. એમ. | ૬ | ૨૯૩ | ૧૮૩ |
| | ૧૪. એ. એમ. | ૩ | ૩૦૩ | ૩૪ |

## પરિશિષ્ટ—૪

| શિષ્યવૃત્તિનું નામ | વિદ્યાર્થીઓની સંખ્યા | ખર્ચ રૂ. |
|---|---|---|
| | | રૂા. |
| ૧. આર્થિકરીતે પછાતને શિષ્યવૃત્તિ (ઈ. બી. સી.) | ૫૧૭૩૫ | ૧૨૭૦૪૮૩૩ |
| ૨. નેશનલ મેરીટ સ્કોલરશીપ ... | ૨૭૭૨ | ૨૭૪૯૦૦૦ |
| ૩. ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ ... | ૩૦૬૪ | ૧૧૨૧૯૯૦ |
| ૪. રાષ્ટ્રિય લોન સ્કોલરશીપ ... | ૨૬૬૧ | ૧૮૭૬૦૦૦ |
| ૫. ગુ. રા. વ્યાજ મુકત લોન સ્કોલરશીપ ... | ૨૭૨૫ | ૯૧૪૫૯૫ |
| ૬. આંતર રાજ્ય સ્કોલરશીપ ... | ૨૩ | ૨૫૭૦૦ |
| ૭. શિક્ષકોના બાળકો માટે સ્કોલરશીપ ... | ૨૮૪ | ૧૧૦૦૦૦ |
| ૮. રાજકીયક્ષેત્રે સહન કરનાર વ્યકિતઓના બાળકોને શૈક્ષણિક સવલતો ... | ૨૦૧ | ૧૧૯૨૩૪ |
| ૯. પરદેશથી પાછા ફરેલા હિન્દીઓના બાળકોને શિષ્ય-વૃત્તિ (બર્મા, પોર્ટુગીઝ, સીલોન, યુગાન્ડા) ... | ૨૫ | ૧૧૪૯૩ |
| | કુલ ૬૩૪૯૦ | ૧૯૬૩૨૮૪૫ |

## પરિશિષ્ટ—૫

### ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપતી શાળાઓની માહિતી.

| અનુ. નં. | જિલ્લો | ઉચ્ચતર માધ્યમિકનું શિક્ષણ આપતી શાળાઓની સંખ્યા | ક્રમાંક (૩) હેઠળની શાળાઓ પૈકી કેટલી શાળાઓમાં કયા પ્રવાહનું શિક્ષણ આપાય છે. | | | |
|---|---|---|---|---|---|---|
| | | | વિજ્ઞાન પ્રવાહ | ગૃહ વિજ્ઞાન પ્રવાહ | સામાન્ય પ્રવાહ | ઉત્તર બુનીયાદી શાળાઓ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૭ | ૩૨ | ૩ | ૮૦ | ૧ |
| ૨ | અમરેલી | ૧૮ | ૪ | — | ૨૧ | — |
| ૩ | ખેડા | ૭૬ | ૨૭ | ૨ | ૬૮ | ૧ |
| ૪ | ડાંગ | ૧ | — | — | ૧ | — |
| ૫ | કચ્છ | ૧૭ | ૧૨ | — | ૧૬ | — |
| ૬ | જામનગર | ૨૯ | ૧૦ | ૨ | ૨૬ | — |
| ૭ | જુનાગઢ | ૩૫ | ૨૧ | — | ૩૧ | ૨ |
| ૮ | પંચમહાલ | ૪૬ | ૧૦ | — | ૪૬ | ૨ |
| ૯ | બનાસકાંઠા | ૧૮ | ૩ | — | ૧૮ | — |
| ૧૦ | ભરૂચ | ૨૮ | ૯ | — | ૨૭ | ૧ |
| ૧૧ | ભાવનગર | ૨૭ | ૧૨ | — | ૨૭ | ૨ |
| ૧૨ | મહેસાણા | ૭૭ | ૩૧ | — | ૭૦ | ૩ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૧૩ | રાજકોટ | ૪૩ | ૧૮ | ૧ | ૪૩ | - |
| ૧૪ | વડોદરા | ૭૭ | ૨૯ | - | ૭૧ | ૧ |
| ૧૫ | વલસાડ | ૪૭ | ૧૮ | - | ૪૭ | ૧ |
| ૧૬ | સાબરકાંઠા | ૪૭ | ૧૪ | - | ૪૫ | ૧ |
| ૧૭ | સુરેન્દ્રનગર | ૨૦ | ૭ | .. | ૧૯ | |
| ૧૮ | સુરત | ૪૭ | ૧૭ | ૨ | ૪૪ | ૩ |
| ૧૯ | ગાંધીનગર અને અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર | ૩૮ | ૯ | | ૩૦ | . |
| | અમદાવાદ | | | | | |
| | કુલ... | ૭૭૮ | ૨૮૩ | ૧૦ | ૭૩૦ | ૧૮ |

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.